લોલટુનની ગુફાઓમાં

મૅક્સિકો-યુકાતાન તેમજ માયા
સંસ્કૃતિની રોમાંચક સાહસકથા



ડૉ. આઈ. કે. વીજળીવાળા

VISIT…


LANZAROTE Caliente.com













ડૉ. આઈ. કે. વીજળીવાળા
લિખિત લાખો લોકોને પ્રેરણા
આપનાર પુસ્તકો

લોલટુનની ગુફાઓમાં

મેક્સિકો-યુકાતાન તેમજ માયા સંસ્કૃતિની રોમાંચક સાહસકથા

ડૉ. આઈ. કે. વીજળીવાળા

મુખ્ય વિક્રેતા



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રોયલ અપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

પાત્ર પરિચય

૧.	ડીક	: મુખ્ય પાત્ર
૨.	રૉબર્ટ	: મિત્ર
૩.	પોલ	: મિત્ર (સૌથી નાનો, ફોટોગ્રાફીનો શોખીન)
૪.	જેક	: મિત્ર (ઘાના-આફ્રિકામાં સોનાના કાચા માલનો વેપારી)
૫.	હેસ્લિંગ	: મિત્ર (બાયનોક્યુલરનો ગજબનો શોખીન)
૬.	માઇકલકાકા	: પોલના પપ્પાના મિત્ર, છેલ્લી બંને યાત્રાના સાથી
૭.	માતાદી	: બીરા બંદર પર આફ્રિકાની દુર્લભ વસ્તુઓ વેચવાની દુકાન ધરાવતો મિત્ર (પહેલા માણસખાઉં જંગલી હતો, પછી સુધરી ગયેલો)
૮.	અબીરા	: માતાદીનો મિત્ર. સ્ટીમરમાંથી પડીને ખોવાઈ ગયેલો. પછી ઇજિપ્તમાંથી મળેલો.
૯.	અબાના	: ડર્બનમાં વસેલો આ બધાનો મિત્ર. જે પોતે એક કુશળ વૈદ્ય હતો.
૧૦.	આલ્બર્ટો	: જુલિયાના નામની સ્ત્રીનો યુવાન પુત્ર. મૅક્સિકોનો વતની
૧૧.	ઇત્ઝેલ	: બધા જોડે સાહસ માટે નીકળેલી અબ્રાન નામના મૅક્સિકનની દીકરી
૧૨.	રામિરો	: અબ્રાનનો મૅક્સિકન મિત્ર. ન્યૂવો ગામનો સરપંચ
૧૩.	ચિલાન	: માયા લોકોનો ઘરડો પૂજારી
૧૪.	મિ. સ્મિથ	: સ્ટીમરના કૅપ્ટન

આગળની બે વાર્તાઓનું સંક્ષિપ્ત અનુસંધાન

ડીક તેમજ એના ચાર મિત્રો કોંગો, આફ્રિકા તેમજ ઇજિપ્તના પ્રવાસે ગયા હતા. પ્રથમ વખત ડીક તેમજ રૉબર્ટના પિતાને છોડાવવા અને બીજી વખત અબીરા નામના એમના મિત્રને બચાવવા. અબાના, માઇકલકાકા તેમજ માતાદી આ પ્રવાસો દરમિયાન એમના મિત્રો બની ગયા હતા. જેક અને હેસ્લિંગ ઘાનામાં કાચા સોનાના માલનો ધંધો કરતા હતા. એની સાથોસાથ કોકોના વેપાર પર પણ હાથ અજમાવતા હતા. એ વખતે ૧૯૦૮માં કોકોની ખરીદી કરવા આવેલ અબ્રાન નામનો મૅક્સિકન વેપારી એમને મૅક્સિકોની પ્રખ્યાત લૉલટુન ગુફાઓ જોવા આવવાનું આમંત્રણ આપે છે. સાહસ તેમજ પ્રવાસ તો આ લોકોના શોખની વસ્તુઓ હતી ! અબ્રાનનાં આમંત્રણને માન આપીને એ લોકો મૅક્સિકો ફરવા જાય છે, પરંતુ ફક્ત પ્રવાસ ન રહેતા એ લોકોને માયા સંસ્કૃતિનો નજીકનો પરિચય આપતી યાદગાર મુસાફરી બની જાય છે. માયા લોકોની માન્યતાઓને અને રિવાજોની સાથે અટવાતી આ ટોળકીની સાથે આપણે પણ ઊપડીએ : મૅક્સિકો યુકાતાનની રોમાંચક સફરે !

પ્રસ્તાવના

માયા સંસ્કૃતિ વિશે વાંચવાનું થયું ત્યારે એક ન સમજાય તેવો રોમાંચ થયો હતો. અદ્ભુત લોકો, વિચિત્ર પ્રથાઓ, ઘણે અંશે જગતની અન્ય પ્રજાઓને મળતા આવતાં દેવી-દેવતાઓ ઘૃણા ઊપજે એવા અમુક ઉત્સવો વગેરે વાંચતા જ એ પ્રજાને નજીકથી જાણવાની ઇચ્છા થઈ આવી. સાથોસાથ એવું પણ થયું કે આ બધી વાતો બાળદોસ્તો સુધી પહોંચાડવી જોઈએ. હીરાનો ખજાનો અને સાથીદારની શોધમાં આ બંને સાહસકથાઓનાં પાત્રોની ટોળકી તૈયાર જ હતી ! બસ, એ લોકોને લઈને મૅક્સિકોના યુકાતાન પ્રાંતની આ કાલ્પનિક કથા તૈયાર થઈ ગઈ ! ઈ.સ. ૨૦૧૨માં માયા સંસ્કૃતિનું લૉન્ગ કૅલેન્ડર પૂરું થાય છે. (એ અંગેની ફિલ્મ હમણાં જ રજૂ થઈ ગઈ, એટલે એ વાતને અહીં વધારે મહત્ત્વ નથી આપ્યું.)

આ ઉપરાંત ઘણા વખતથી બીજા એક રહસ્ય વિશે લખવાનું મન થતું હતું. ધરતીના પેટાળમાં વસતા માણસો અંગે ઘણું બધું વાંચ્યા પછી એમનો પણ ઉલ્લેખ કરવાનું મન થતું હતું. પૃથ્વીના પેટાળમાં વસેલી દુનિયાને અગાર્થા એવું નામ અપાયેલું છે. એના પાટનગરનું નામ છે : શામ્બાલા. ત્યાં વસતા લોકોની વાતો વાંચતાં આપણે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા વિના ન રહી શકીએ. જોકે વિજ્ઞાનની એરણે એ બધું ચડાવવાનું હજુ બાકી છે, પરંતુ દુનિયાના અનેક લોકોના એ અંગેના દાવાઓ આપણને વિચારતા તો કરી જ મૂકે ! એ દુનિયાનો પણ અછડતો ઉલ્લેખ અહીં કરી લીધેલો છે.

આ આખી જ વાર્તાને નિરાંતે સાંભળીને એમાં સુધારાવધારા સૂચવવા બદલ મારી પત્ની કૃતિકા તેમ જ દીકરી તર્જનીનો ઋણી બન્યો છું. બહેન શરીફા તેમ જ શ્રી નીનાબહેન ભાવનગરીનો ફરી એક વખત પ્રૂફ્સ જફા ઉઠાવવા બદલ તેમ જ મને જરાય ન ગાંઠતા અનુસ્વરોને ઠમઠોરીને યોગ્ય જગ્યાએ ગોઠવવા બદલ ખરા દિલથી આભાર માનું છું. વાર્તા અંગે નિખાલસ અભિપ્રાય આપનાર અને પ્રૂફ્સ જોવામાં મદદ કરનાર શ્રી પ્રવીણભાઈ સી. શાહ હવે દરેક સર્જનમાં સહાયરૂપ બની રહે છે. એમના પ્રત્યે કૃતકૃત્યતાની લાગણી વ્યક્ત કરું છું. હંમેશની જેમ, આ વખતે પણ શ્રી ચિંતનભાઈ તેમ જ આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. તેમ જ પ્રવીણ પ્રિન્ટરીના સમગ્ર સ્ટાફના પ્રત્યે આદરની લાગણી વ્યક્ત કરું છું.

બસ, આ વાર્તાની ટોળકી એ જ છે, પરંતુ જૂની બે વાર્તા જેણે નહીં વાંચી હોય એને પણ આ સાહસકથામાં સહેજ પણ તકલીફ નહીં પડે. તો ચાલો, નાખો થેલો ખભે, તૈયાર કરો સામાન અને નીકળી પડીએ લોલટુન તેમ જ માયા સંસ્કૃતિની સફરે !

તારીખ : ૯-૩-૨૦૧૧
ભાવનગર-૧

ડૉ. આઈ. કે. વીજળીવાળા
બાળરોગ નિષ્ણાત

અનુક્રમ

૧. મેક્સિકોનું કેનકુન બંદર ૭

૨. ન્યુવો શહેરમાં ૧૧

૩. ચિચેન ઇત્ઝા ૨૨

૪. માનવબલિ ! ૩૨

૫. લોલટુનની ગુફાઓ તરફ ૪૩

૬. જુજુ હાઉસ અને વુડુ ૫૧

૭. લોલટુનની ગુફાઓમાં ! ૬૩

૮. અતાહુઆલ્પાની ગુફા ! ૭૬

૯. ગુફાઓમાંથી બહાર ૮૮

૧૦. ન્યુવો તરફ ૯૭

૧૧. ચિલાનનો ભેટો તથા સેમાના સાન્તા ! ૧૧૧

૧૨. કેનકુન તરફ ! ૧૨૦

૧૩. અને અમે બધાં ! ૧૨૭

૧૪. માયા સંસ્કૃતિ વિશે થોડુંક... .... ૧૨૯

મેક્સિકોનું કેનકુન બંદર

'હેય ! ત્યાં ઊડી રહેલાં પક્ષીઓના ઝૂંડ સામે જુઓ ! લાગે છે કે જમીન નજીકમાં જ ક્યાંક હોવી જોઈએ !' દૂરબીન લઈને વૉચટાવર પર એક ખલાસી જોડે બેઠેલા હેસ્લિંગે બૂમ પાડી.

અમે બધા દોડીને તૂતક પર આવી લાગ્યા. ખરેખર જમીન નજીક જ હોવી જોઈએ. અમે લગભગ છેલ્લા ૨૫ દિવસથી લગાતાર એટલાંટિક મહાસાગરનો ખોળો ખૂંદી રહ્યા હતા. જમીન પર ઊતરવા માટે – નક્કર જમીન પર ઊતરવા માટે હવે અમારું મન ઊછળકૂદ કરવા માંડ્યું હતું.

'લાગે છે કે જમીન હવે નજીક આવી ગઈ ! કેનકુન બંદર હવે દેખાવું જ જોઈએ. આમ તો એ મોટું બંદર નથી, પરંતુ કંટ્રી-ક્રાફ્ટ (નાનાં હોડકાં વગેરે) ચાલી શકે તેવું જરૂર છે. તમારે સૌએ હોડીમાં બેસીને કિનારા સુધી જવું પડશે, કારણ કે આવડી તોસ્તાન સ્ટીમર ત્યાં નહીં જઈ શકે !' અમારી સ્ટીમરના કેપ્ટને કહ્યું. કેપ્ટન સ્મિથ એક અંગ્રેજ હતા. અમે ઘાનાના આક્કારા બંદરથી એમની સ્ટીમર ભાડે કરી હતી અને અમે પાછા ફરીએ ત્યાં સુધી બહારપાણીએ એ અમારી રાહ જોવાના હતા. છતાં કોઈ કારણથી અમે પંદર દિવસ – બે અઠવાડિયાં પાછા ન ફરીએ તો એ પાછા ઘાના જતા રહેવાના હતા. અમે એમને આવવા-જવાનું એમ બંને વખતનું ભાડું ચૂકવી દીધું હતું.

અમે નીચે ઊતરવાની તૈયારીઓ શરૂ કરી દીધી.

'કેનકુન બંદરે જ અબ્રાન આપણી રાહ જોવાનો છે ને, ડીક ?' હેસ્લિંગે પ્રશ્ન પૂછ્યો.

'હા ! પત્ર તો એ પ્રમાણે જ હતો !' મારા બદલે જેકે જવાબ આપ્યો, 'ગયે વખતે એ કોકોની ખરીદી કરવા આવ્યો ત્યારે એણે કહેલું કે એ પોતે જ આપણને લેવા આવશે ! એ પોતે ઇઝમાલમાં રહે છે, પરંતુ કોકોના ધંધા માટે એણે કેનકુનમાં પણ પોતાની ઑફિસ રાખી છે. એની મુખ્ય ઑફિસ મેરીડામાં પણ છે. હાલ તો સૌથી પહેલા એ આપણને ચિચેન ઇત્ઝા લઈ જવાનો છે અને એ પછી ઇઝમાલની નજીક આવેલ લોલટુનની ગુફાઓ જોવા માટે ! પણ, હેં ડીક ! લોલટુનની ગુફાઓ વિશે તેં કંઈ સાંભળ્યું કે વાંચ્યું છે ખરું ?'

'ઘણું બધું ! અને એટલે જ મને તો બસ, મેક્સિકો અને એનાં જંગલો જોવાની તાલાવેલી જાગી છે. મધ્ય આફ્રિકાનાં જંગલો જોયા પછી મને જાણે કે જંગલનું ઘેલું લાગ્યું છે. મને મેક્સિકોનાં ભેદી અને કંઈ કેટલાંયે રહસ્યોથી ભરેલાં જંગલોમાં રખડવાનું મન થયું છે !' મેં જવાબ આપ્યો.

'અને ડીક ! તને ખબર છે યાર ! એ જંગલોની વચ્ચે જ માયા સંસ્કૃતિના ખોવાઈ ગયેલા લોકો વસે છે. અબ્રાન કહેતો હતો કે બહારની દુનિયાના લોકોને એમના વિશે આજ સુધી બરાબર ખબર નથી. આખી દુનિયામાં લગભગ ત્રીસેક લાખ માયા લોકો વસે છે, પરંતુ મયન ધર્મનું રૂઢિગત રીતે પાલન કરતી એક જ મોટી વસાહત છે, જે મેક્સિકોનાં જંગલોમાં રહે છે. એ લોકો બહારના કોઈને પોતાના ઉત્સવોની ઉજવણી વખતે આવવા દેતા નથી, પરંતુ અબ્રાનના કહેવા પ્રમાણે એણે એમના ધર્મગુરુ પાસે આપણી વાત પણ કરી રાખી છે.' જેક બોલ્યો.

હું વિચારમાં પડી ગયો. માયા લોકો નવમી સદી પછી અચાનક જ મેક્સિકો છોડીને ક્યાંક જતા રહ્યા. થોડાઘણા રહ્યા હતા તેમનો પણ સોળમી સદીમાં સ્પેનના લોકોએ ખાત્મો બોલાવી દીધો હતો. એમના ગ્રંથો બાળી દીધા હતા. ફક્ત ચાર જ ગ્રંથો બચ્યા હતા. જો માયા લોકોની બચી ગયેલી આ રૂઢિગત આખી જ વસાહત વિશે કોઈ કાંઈ જ ન જાણતું હોય તો એ અંગે અબ્રાનને કઈ રીતે ખબર ? અને જો આ વાત સદીઓથી એ લોકોએ ગુપ્ત જ રાખી હોય તો પછી અમને આવવાની હા કેમ પાડી હશે ? ખબર નહીં શું કામ, પણ મારું મન વારંવાર આ વિચાર પર જ ચડી જતું હતું.

'કેમ ડીક ! શું વિચારમાં પડી ગયો ?' મને ઊંડા વિચારોમાં ખોવાયેલો જોઈને માઇકલકાકા બોલ્યા.

'વાત એમ છે કે કાકા !...' હું બોલતા બોલતા અટકી ગયો. મારી નજર સામા કાંઠા પર પડી. થોડાક માણસો અમારી સામે દૂરથી જ હાથ હલાવતા હતા.

અમે પણ એ લોકો સામે હાથ હલાવવા લાગ્યા.

અમારો સામાન લાદેલી નાની બોટને કેપ્ટને પાણીમાં ઉતારી દીધી હતી. અમે એક પછી એક એ બોટમાં ઊતરી પડ્યા.

'ચાલો દોસ્તો ! બાય ત્યારે ! મજા કરજો અને યાદ રાખજો, હું ફક્ત ૧૫ દિવસ જ બહારપાણીએ રાહ જોઈશ ! એ પછી પાછો જતો રહીશ અને

હા, તમારું ભાડું તો ઍડવાન્સમાં આવી જ ગયું છે, એટલે એની પણ કોઈ ચિંતા નથી ! ચાલો, આવજો !' કેપ્ટન સ્મિથે અમને આવજો કહ્યું. અમે પણ એમને આવજો કહીને કેનકુન બંદર તરફ બોટને હંકારી મૂકી.

બોટમાં હું, માઇકલકાકા, જેક અને હેસ્લિંગ તેમજ અબાના હતા. અબીરા, માતાદી, રોબર્ટ તથા પોલ બાકીનો સામાન લઈને બીજી બોટમાં અમારી પાછળ આવતા હતા. કેનકુન બંદર તરફ જતાં હું આ વિચિત્ર પ્રવાસના વિચારોમાં ખોવાઈ ગયો.

બન્યું હતું એવું કે થોડા વખત પહેલા જેક અને હેસ્લિંગ પાસે મેક્સિકોથી અબ્રાન નામનો એક માણસ ઘાના આવેલો. એને કોકોની ખરીદી કરવી હતી. નસીબજોગે જેક તેમજ હેસ્લિંગે ગયા વરસે જ કોકોનાં ખેતરોમાં પોતાનો ભાગ રાખેલો. જેક અને હેસ્લિંગે અબ્રાનને કોકોની ખરીદીમાં ખૂબ જ ફાયદો કરાવી આપેલો. એનાથી ખુશ થઈને એણે જેક તથા હેસ્લિંગને મેક્સિકો આવવાનું આમંત્રણ આપ્યું હતું. એ એટલો બધો ખુશ થઈ ગયો હતો કે એણે લોલટુનની અવાવરુ ગુફાઓમાં આજે પણ વસતા માયા લોકોની તેમજ એમના ધર્મગુરુની ભલભલી વાત પણ કરી દીધેલી અને એમાં એક વાત હતી સ્પેનિશ લોકોના આક્રમણથી લોલટુનની ગુફાઓમાં છુપાવાયેલ અને આજ સુધી કોઈને નહીં મળેલ સોનાના ભંડારોની ! અબ્રાનના કહેવા પ્રમાણે એના ધર્મગુરુને પણ એની ખબર નહોતી. એ અમુક વિધિ જાણતા હતા, પરંતુ એ પૂરી કરવી મુશ્કેલ હતી એવું એમનું કહેવું હતું. એ જે હોય તે ! અબ્રાને મેક્સિકોની વિશાળ ગુફાઓનું જે વર્ણન કર્યું હતું એના કારણે અમને સૌને મેક્સિકો અને માયા સંસ્કૃતિના અવશેષો જોવાનું મન થયું હતું. અમારે ધરતીની નીચે આવેલ અસંખ્ય ગુફાઓ જોવી હતી.

જેકે જણાવેલ તારીખો મુજબ અમે બધા બીરા બંદરથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્ટીમરમાં ઘાનાના આક્કારા બંદરે અને ત્યાંથી અહીં સુધી આવી પહોંચ્યા હતા. ઇજિપ્તના મ્યુઝિયમમાંથી રજા નહીં મળવાના કારણે ક્વાઝી આ વખતે નહોતો આવી શક્યો.

અમે કાંઠે પહોંચ્યા. એક મધ્યમ ઊંચાઈના, રતાશ પડતી ચામડીવાળા માણસને કાંઠા પર જોઈને જેક તથા હેસ્લિંગ લગભગ એક સાથે બૂમ પાડી ઊઠ્યા, 'હાય અબ્રાન ! અમે આવી ગયા છીએ !'

છીછરા પાણીમાં અમારી બોટ સુધી આવી ગયેલા એ માણસે બૂમ પાડી, 'આવો જેક, આવો હેસ્લિંગ ! અન્ય દોસ્તો ! તમારું સૌનું પણ સ્વાગત છે ! દેવ કુકુલ્કાન આપણું સૌનું રક્ષણ કરે !'

અમે નીચે ઊતર્યા. અમારો સામાન પલળે નહીં એની કાળજી સાથે અમે ખભે લીધો. છીછરાં પાણીમાં ઊભા ઊભા જ જેકે અમારા બધાની ઓળખાણ અબ્રાનની સાથે કરાવી. એ ખૂબ પ્રેમથી વાત કરતો હતો. એની આંખોમાં મેં કોંગોના પિગ્મી લોકોની આંખોમાં જોયું હતું એવું જ ભોળપણ દેખાતું હતું. થોડાક માણસો એની પાછળ પાછળ અમારા સુધી આવી રહ્યા હતા. અમે સામાન લઈને ચાલવાનું શરૂ કર્યું એટલે અબ્રાને એમને પાછા ફરવાનું કહ્યું. એ આગળ ચાલ્યો. અમે એની પાછળ.

પરંતુ કાંઠાની બરાબર નજીક પહોંચતા જ મારો પગ લપસ્યો. હું પડવાનો જ હતો, પરંતુ એ જ વખતે એક મારી જ ઉંમરની છોકરીએ મારો હાથ પકડી લીધો. એના ટેકાથી હું પડતો પડતો રહી ગયો. હું એને કંઈ પણ કહું એ પહેલા જ અબ્રાન બોલ્યો, 'ઇત્ઝેલ બેટા ! ડીકનો થોડોક સામાન તું જ ઊંચકી લે !' પછી મારી સામે જોઈ અબ્રાને કહ્યું, 'ડીક ! આ મારી મોટી દીકરી છે, ઇત્ઝેલ ! એ પણ આપણા પ્રવાસમાં જીદ કરીને જોડાઈ છે.'

મેં ઇત્ઝેલની સામે જોયું. એ છોકરી ખડખડાટ હસી પડી. પછી મારો થોડોક સામાન પરાણે મારા હાથમાંથી લઈને બોલી, 'ચાલો મિ. ડીક ! અહીંયા જ ઊભા રહેવાનો વિચાર છે કે શું ?'

બધાં હસી પડ્યાં. સામાન ખભે મૂકીને અમે આગળ ચાલ્યાં. કેનકુન બંદરની નક્કર જમીન પર અમે પગ મૂક્યો.




ન્યુવો શહેરમાં

'હેં ડીક ! આ ચિનેન ઇત્ઝા વળી શું છે ?' કાંઠા પરની એક નાનકડી હોટલ તરફ જતા પૉલે મને પૂછ્યું. એનો સવાલ સાંભળીને આગળ પાછળ ચાલતા અમારા સાથીદારો અટકી ગયાં. મને લાગ્યું કે કદાચ બધાંને આ પ્રશ્નનો જવાબ જાણવો હતો. મુસાફરી પર નીકળતા પહેલા મેં મેક્સિકો અંગે ખૂબ જ વાંચ્યું હતું. એટલે મને એના ઇતિહાસ અંગે સારો એવો ખ્યાલ હતો.

'એક કામ કરીએ !' મેં કહ્યું, 'અબ્રાન ઘોડાની વ્યવસ્થા કરે ત્યાં સુધી સામેની હોટલમાં નાસ્તો કરતા કરતા જ આપણે આ બધી વાતો કરીએ તો કેવું ? ત્યાં જ હું તમને આ અંગે સમજાવું !'

બધાંએ મારા સૂચનને વધાવી લીધું. અમે સામે જ દેખાતી નાનકડી ખાણી-પીણીની હોટલમાં દાખલ થયાં. એક ખૂણામાં ૧૨ જણા માટેના ટેબલ પર ગોઠવાયા. અબ્રાન કેનકુન બંદર પર મુસાફરી માટે ઘોડાની વ્યવસ્થા કરવા ગયો. ઇત્ઝેલ એની જોડે ગઈ.

બધા માટે કૉફી તેમજ નાસ્તો આવી ગયો એ પછી મેં મારા થેલામાંથી એક નકશો બહાર કાઢ્યો. લાકડાના એ નાનકડા ટેબલ પર નકશો પાથરીને મેં અમારી મુસાફરીનો માર્ગ બતાવવાનું શરૂ કર્યું. નકશો આ પ્રમાણે હતો :



મેક્સિકોના ઉત્તર ભાગનો નકશો

નકશા પ્રમાણે અમારે ન્યુવો, ચેમાક્ષ અને વાલ્લાડોલિડ થઈને ચિચેન ઇત્ઝા જવાનું હતું.

'પણ ડીક ! આ ચિચેન ઇત્ઝા છે કઈ બલા ?' પોલે અધીરાઈથી પૂછ્યું. એની સવાલ પૂછવાની ઢબથી બધાને હસવું આવી ગયું.

'અરે ભાઈ ! ચિચેન ઇત્ઝા એ માયા લોકોના એક શહેરનું નામ છે. સાતમી સદી પછી ઇત્ઝા-માયા લોકોએ વસાવેલું આ શહેર છે. ચિચેન એટલે કૂવાનું મોઢું અને ઇત્ઝા એટલે ઇત્ઝા-માયા લોકોના પવિત્ર મંદિરના ધર્મગુરુ; એ બને શબ્દો ભેગા થઈને ચિચેન ઇત્ઝા એટલે કે ઇત્ઝાના કૂવાનું મોઢું (Mouth of the well of Itza) બન્યું છે. અનેક ભેદભરમોથી ભરેલું એ શહેર સાતમી સદી પછી હંમેશાં પ્રખ્યાત રહ્યું છે. માયાના સર્પદેવતા કુકુલ્કાનનું પિરામિડના આકારનું મંદિર આજના દિવસે પણ પ્રખ્યાત છે. જુઓ આ છે એ શહેરનો નકશો અને આ છે દેવ કુકુલ્કાનનો પિરામિડ !' મેં એક ચોપડીમાંથી મેળવેલ ચિચેન ઇત્ઝાનો નકશો તેમજ પિરામિડનો ફોટો બધાં સામે મૂક્યા :

ચિચેન ઇત્ઝાનો નકશો

સર્પનું માથું ધરાવતા દેવ કુકુલ્કાનનો પિરામિડ (ચિચેન ઇત્ઝા)

મારા મિત્રો ધ્યાનથી નકશો અને ફોટો જોઈ રહ્યા હતા. હું આરામથી કૉફીના ઘૂંટ લઈ રહ્યો હતો.

'પણ ડીક ! આપણે તો લોલટુનની ગુફાઓ જોવા જવાનું છે ને ? તો પછી વચ્ચે આ ચિચેન ઇત્ઝા શું કામ જઈએ છીએ ?' પોલે પૂછ્યું.

'અરે પોલ !' મારા બદલે હેસ્લિંગે જવાબ આપ્યો, 'આ આખો પ્રવાસ અબ્રાને નક્કી કર્યો છે. એમાં એણે ચિચેન ઇત્ઝા જવાનું નક્કી કર્યું હશે. બિચારા ડીકને એમાં શું ખબર હોય ? બસ, આપણે બધાં ફરવા નીકળ્યાં છીએ અને ચિચેન ઇત્ઝા ફરવા જેવું સ્થળ હશે, એટલે અબ્રાને વચમાં ત્યાં થઈને જવાનું નક્કી કર્યું હશે !

પોલને હેસ્લિંગની વાતથી સંતોષ થઈ ગયો હોય એવું લાગ્યું. એ અને રોબર્ટ કેનકુન બંદર પર મળતી મેક્સિકોની સ્થાનિક વાનગીઓને બરાબર ન્યાય આપી રહ્યા હતા. અબીરા, માતાદી તેમજ અબાનાને પણ જલસા પડી ગયા હોય એવું લાગ્યું. મેં નકશાઓ સાચવીને મારા થેલામાં મૂકી દીધા.

હજુ અમારો નાસ્તો પત્યો જ હશે ત્યાં જ અબ્રાન તેમજ ઇત્ઝેલ ઘોડા લઈને આવી પહોંચ્યાં. ખૂબ સારી ઓલાદના અલમસ્ત ઘોડાઓને જોઈને રોબર્ટ તેમજ પોલ ખુશ થઈ ગયા.

'આપણે તો અગિયાર જણ છીએ, તો પછી ઘોડા બાર શું કામ ?' ઘોડાઓની સંખ્યા ગણ્યા પછી પોલે પ્રશ્ન કર્યો. જોકે મારા મનમાં પણ એ પ્રશ્ન ઊઠ્યો જ હતો.

'ન્યુવોથી મારા પિતાજીનો મિત્ર રામીરો આપણી સાથે જોડાશે. એના માટે આ ઘોડો લીધો છે, કારણ કે હવે પછી ક્યાંય ઘોડા ભાડે નહીં મળે. છેક મેરીડા સુધી !' ઇત્ઝેલે જવાબ આપ્યો.

'ધારો કે આપણે ઘોડા પાછા ન આપીએ તો ? ભાડે આપનારને તો નુકસાન જ જાય ને ?' પોલે હંમેશની માફક સવાલ-જવાબ શરૂ કર્યા હતા.

'ના ! એ લોકો જે ભાડું લે છે તે ઉપરાંત ડિપોઝીટ રૂપે અનામત પૈસા પણ લે છે. જે આ ઘોડાઓની કિંમત જેટલા હોય છે. એટલે 'કદાચ કોઈ ઘોડા લઈ જાય તો પણ એના માલિકને જરા પણ નુકસાન ન થાય !' ઇત્ઝેલે કહ્યું.

'ચાલો ઠીક, પોલ, રોબર્ટ ! ચાલો બધાં !' માઇકલકાકા બોલ્યા, 'ચાલો આપણે નીકળીએ, આ માર્ચ મહિનો છે. અબ્રાનના કહેવા પ્રમાણે આ સમયે સૂરજની ગરમી જલદી વધી જશે. એટલે વધારે સારું એ જ રહેશે કે આપણે જલદી ચાલવા માંડીએ !'

પોતપોતાનો સામાન ઘોડા પર લાદીને અમે ન્યુવો જવાના રસ્તે નીકળી પડ્યાં. ન્યુવો લગભગ સિત્તેર માઈલ જેટલું દૂર હતું. ત્યાંથી ચિચેન ઇત્ઝા પહોંચવા માટે બીજા એટલા જ માઈલ કાપવાના રહેતા હતા. કલાકે છથી દસ માઈલ જો નિરાતે ચાલતા કાપી શકાય તો સાંજે અમે ન્યુવો પહોંચી જઈએ એવી અમારી ગણતરી હતી. અમે ન્યુવોના રસ્તે ચાલવા માંડ્યાં.

'હેં ઠીક ! માયા લોકો તો ઘોડેસવારીમાં ઉસ્તાદ હશે ને ? એ લોકો ઘોડાની રેસ કે એવી કોઈ રમત રમતા ખરા ?' મારી બાજુના ઘોડા પરથી પોલે પૂછ્યું.

મેક્સિકોના આ પ્રદેશ અંગે મેં જે વાંચ્યું હતું એ મુજબ યુકાતાનમાં ૧૬મી સદી સુધી મુસાફરી માટે ઘોડા કે અન્ય વાહનો વપરાતાં નહોતાં.

'નહીં પોલ !' મેં જવાબ આપ્યો, 'માયા લોકો ઘોડાથી સાવ અજાણ હતા. ન તો એ લોકો ઘોડાનો ઉપયોગ સવારી માટે કરતા હતા કે ન તો ઘોડાની રેસની રમતો રમતા. એ લોકો પાસે પાળેલાં પ્રાણીઓ જ નહોતાં. હા,

ક્યારેક એ લોકો કૂતરાઓને પાળતા. તેમજ એ બધા ધાતુઓનો કે ઓજારોના ઉપયોગ પણ નહોતા કરતા. એમના માટે ઘોડો એક અજાણ્યું પ્રાણી હતું. સોળમી સદીમાં જ્યારે સ્પેનિશ લોકોએ એમના પ્રદેશ પર આક્રમણ કર્યું ત્યારે છેક એ લોકોએ ઘોડાને જોયો હતો.'

'એટલે ? એ લોકોને ઘોડા અંગે ખબર જ નહોતી ?' પોલને આશ્ચર્ય થયું.

'બિલકુલ નહીં ! તને એ જાણીને હસવું આવશે કે સોળમી સદીમાં કોર્ટિઝ નામના સ્પેનિશ વિજેતાએ ઇત્ઝા માયા લોકોને એક ઘોડો સાચવવા આપેલો. કોર્ટિઝ તો આગળ જતો રહ્યો, પરંતુ માયા લોકોને ઘોડો શું ખાય એની ખબર નહોતી. એ લોકોની પાસે કોઈ પણ પ્રકારના પાળેલાં પ્રાણીઓ જ નહોતા. એટલે એ લોકો ઘોડાને રોજ માંસ ખાવા આપતા ! બિચારો ઘોડો ! થોડા વખતમાં જ ભૂખથી મરી ગયો હતો !'

'અરે ! ઠીક ! તને તો એ લોકો અંગે ઘણી બધી ખબર લાગે છે. હું તો ભઈ, આખા પ્રવાસમાં તારી જોડે જ રહેવાનો હો કે ?' પોલ મારા પર ખુશ થઈ ગયો હતો.

એ પછી કોઈ જ તકલીફ વિના વાતો કરતા કરતા અમે સાંજ સુધીમાં ન્યુવોની નજીક પહોંચી ગયાં. વચ્ચે બે વખત અમે ભોજન માટે તેમજ એક વખત ઘોડાઓને ચારો-પાણી આપવા માટે રોકાયા હતા.

લગભગ સાંજના છ વાગ્યે અમે ન્યુવો પહોંચી ગયાં.

'આપણે તમારા મિત્ર રામીરોને ત્યાં જવાનું છે ને, મિ. અબ્રાન ?' મેં પૂછ્યું, 'તમે એમના ઘરનું સરનામું જાણો છો ?'

'હા, આપણે આજે રાત્રે રામીરોને ત્યાં જ રોકાઈશું. પછી સવારે આગળ વધીશું. ચિચેન ઇત્ઝા જવાના રસ્તે ન્યુવોમાંથી જ્યારે બહાર નીકળો ત્યારે સૌથી છેલ્લું ઘર એનું છે ! હા, એનું ઘર સફેદ લાઇમ-સ્ટોનનું બનેલું છે અને એના દરવાજા પર ચાક દેવતાનું ચિત્ર દોરેલું છે !!'

'ચાક દેવતા ? હમણાં તો આપણે કુકુલ્કાન દેવની વાતો કરતાં હતાં, આ ચાક દેવતા માયા લોકોના બીજા કોઈક દેવ છે ?' પોલ બોલી ઊઠ્યો.

'હા ! મિ. પોલ !' આ વખતે મારા બદલે ઇત્ઝેલે જવાબ આપ્યો, 'ચાક દેવતા એ વરસાદના દેવતા છે. આપણે અત્યારે જ્યાં છીએ એ પ્રદેશ યુકાતાનનો

પ્રદેશ કહેવાય છે. એમાં કોઈ મોટી નદી નથી. એટલે લોકોએ પોતાના આખા વરસની પાણીની જરૂરિયાતો માટે વરસાદ પર જ આધાર રાખવો પડે છે. સદીઓથી આમ જ ચાલતું આવે છે. પીવાનું તેમજ મકાઈની ખેતી માટેનું પાણી ફક્ત વરસાદ જ પૂરું પાડી શકે તેમ હોવાથી માયા લોકો વરસાદને ખૂબ જ મહત્ત્વ આપતા. એટલે જ ઠેર ઠેર ચાક દેવના મોટાં મંદિરો બનાવાતાં. એ ઉપરાંત એમને રીઝવવા માટે માણસનો...'

ઇત્ઝેલ આગળ કંઈ પણ બોલે એ પહેલા અબ્રાને એને ચૂપ રહેવા માટે ઇશારો કર્યો. એ તરફ મારા સિવાય કોઈનું ધ્યાન નહોતું. ઇત્ઝેલ તરત જ ચૂપ થઈ ગઈ. મેં પણ જાણે કંઈ જ જોયું નથી એવી રીતે રસ્તા તરફ દૃષ્ટિ માંડેલી રાખી. અમારામાંથી કોઈ કાંઈ બોલે એ પહેલા જ બાજુના એક નાનકડા ઘરમાંથી રડારોળ સંભળાઈ. ચાલીસેક વરસની એક સ્ત્રી જોરજોરથી રડતી ઘરની બહાર આવી. એનો ઇરાદો અમે જે તરફ જતા હતા એ તરફ જવાનો લાગ્યો, પરંતુ અમને જોઈને એ ત્યાં જ અટકી ગઈ.

અમે બધાં ઊભાં રહી ગયાં. એની સામે જોવા લાગ્યા. લાચારીથી અમારી તરફ હાથ લાંબા કરીને એ સ્ત્રી કંઈક બોલી પણ અમને ન સમજાયું. હું અને રોબર્ટ એની પાસે જઈ વધારે વાત કરવા માંગતા હતા, પરંતુ એ જ વખતે આગળ ચાલી રહેલા અબ્રાને થોડા પાછા આવી અમને ઝડપથી આગળ વધી જવા કહ્યું. રામીરો રાહ જોતો હશે એવું બહાનું એણે આગળ ધર્યું.

'ઠીક ! કોઈક મુશ્કેલીમાં હોય તો આપણે જવું તો જોઈએ ને ? અને એ સ્ત્રી આપણી તરફ હાથ લાંબો કરીને જાણે કે આપણને કંઈક આજીજી જ કરી રહી હોય એવું લાગતું હતું.' રોબર્ટે હળવેથી મારા કાનમાં કહ્યું.

મેં માથું હલાવી હા પાડી, પરંતુ અત્યારે ચૂપચાપ ચાલતા જ રહીએ એવું એને ઇશારાથી સમજાવ્યું. આ પ્રદેશ અજાણ્યો છે એટલે કોઈના પ્રશ્નોમાં ન પડવું એવું મેં ધીમેથી કહ્યું. ઇત્ઝેલ આ વાત સાંભળી ગઈ. એણે પણ મારી નજીક આવીને રોબર્ટ બરાબર કહે છે એવું કહ્યું. ઇત્ઝેલ એ સ્ત્રીની ભાષા સમજી શકતી હતી. એની ઇચ્છા પણ પેલી સ્ત્રીની તકલીફ જાણવાની હતી, પરંતુ આટલી વારમાં અમે સારા એવા આગળ વધી ગયાં હતાં. એ ઉપરાંત અમે ઝડપથી આગળ વધીએ એવું અબ્રાન વારંવાર કહી રહ્યો હતો.

અમે ન્યુવોના મુખ્ય રસ્તા પરથી આગળ વધ્યાં. આખું શહેર શણગારેલું હતું, પરંતુ કોઈ બહાર નહોતું દેખાતું. મુખ્ય રસ્તો પણ સૂમસામ હતો. એક-બે નાના છોકરાઓ બહાર આવ્યા, પરંતુ અમને બધાંને જોઈ દોડીને પોત-પોતાના ઘરમાં પાછા જતા રહ્યા.

ન્યુવો આખું વીંધી અમે એના બીજા છેડે પહોંચ્યાં. ત્યાં રસ્તાની ડાબી તરફ, સુંદર બગીચાવાળું સફેદ લાઇમસ્ટોનનું બનેલું એક મકાન નજરે ચડયું. બહાર એક હટ્ટોકટ્ટો કદાવર માણસ ઊભો હતો. અમને જોતા વેંત એ દોડતો સામે આવ્યો અને સ્પેનિશમાં જોરથી બોલી ઊઠ્યો, 'લા બિએન્વેનીદા આમી સામીગોશ' (ઇત્ઝેલે પછી અમને એનો અર્થ કહેલો કે સ્પેનિશ ભાષામાં આનો અર્થ થાય : મારા મિત્રો, તમારું સ્વાગત છે !)

અબ્રાન ઘોડા પરતી ઊતરીને રામીરોને ભેટી પડ્યો. અમે બધાં પણ ઘોડા પરથી ઊતરી ગયાં. અબ્રાને રામીરો જોડે અમારી ઓળખાણ કરાવી. વારાફરતી અમે બધાંએ એની જોડે હાથ મિલાવ્યા. પછી રામીરો અમને એના ઘરની અંદર લઈ ગયો. ખબર નહીં કેમ, પણ રામીરો મને થોડો રહસ્યમય માણસ લાગ્યો.

સાંજ પડી ગઈ હતી. રાતનું ભોજન તૈયાર જ હતું. લગભગ ૨૫ દિવસ પછી અમે બધાંએ રાતનું ભોજન જમીન પર બેસીને લીધું. આટલા દિવસો અમે દરિયા પર જ વિતાવ્યા હતા. જમ્યા પછી બધાં વાતો કરતાં બેઠાં હતાં. રામીરોએ મેક્સિકોનો પ્રખ્યાત વાઇન (દારૂ) કાસા વાલ્ડુગા કાઢીને બધાંની વચ્ચે મૂક્યો, પરંતુ માઇકલકાકા સિવાય અમે કોઈએ એ ન પીધો.

એ જ સમયે રામીરોના ઘરનો દરવાજો કોઈએ ખખડાવ્યો હોય એવું મને લાગ્યું. મેં રામીરો સામે જોયું. એણે ઊભા થઈને બારણું ખોલ્યું.

બારણું ખોલતા વેંત એક સ્ત્રી દોડતી જ અંદર આવી ગઈ. મોટા અવાજે રડતા રડતા એણે રામીરોને બેચાર ધક્કા મારી દીધા. રામીરો પડતાં પડતાં રહી ગયો. પછી જોર જોરથી બબડતી એ સ્ત્રી અમારી તરફ ફરી. એનું મોઢું જોતા જ અમે સૌ ઠરી ગયાં. આ એ જ સ્ત્રી હતી જે ન્યુવોમાં દાખલ થતી વખતે અમને હાથ લાંબા કરીને મદદ માટે કંઈક કહી રહી હતી. અત્યારે પણ અમને જોતાં જ એ હાથ લાંબા કરીને કંઈક કહેવા લાગી. એ ખૂબ જોરથી રડતી હતી અને પોતાના હાથે જ પોતાના વાળ ખેંચતી હતી, પરંતુ અમને

એની ભાષા જરા પણ નહોતી સમજાતી. આ બધી ધમાલ બેચાર મિનિટ ચાલી. પછી ગાંડાની માફક એ સ્ત્રી જે રીતે આવી હતી તેવી જ રીતે દોડતી જતી રહી.

ઓરડામાં બે ક્ષણ સાવ શાંતિ પથરાઈ ગઈ. અમે બધાં તો પેલી સ્ત્રીના આવા અચાનક આક્રમણથી ડઘાઈ જ ગયાં હતાં. કોઈ કાંઈ બોલી શકે એવી સ્થિતિમાં જ નહોતું.

સૌ પ્રથમ રામીરો ઊભો થયો. કંઈ પણ બોલ્યા વિના એ બહાર જવા લાગ્યો. જતાં જતાં એણે અબ્રાનને ઇશારો કર્યો. અબ્રાન પણ ઊભો થઈ બહાર ગયો. અમે બધાં હજુ ડઘાઈ ગયેલી સ્થિતિમાં જ બેઠાં હતાં. મને પેલી સ્ત્રીનું વર્તન ઘણું વિચિત્ર લાગતું હતું. છતાં એના મોં પર કાંઈક એવા ભાવ હતા જેના કારણે મને એના પર દયા આવી રહી હતી. એ જ વખતે મને વિચાર આવ્યો કે ઇત્ઝેલ તો એ સ્ત્રીની ભાષા સમજી જ શકતી હોવી જોઈએ, કારણ કે ઇત્ઝેલ તો મેક્સિકોની જ રહેવાસી હતી !

મેં ઇત્ઝેલ સામે જોયું. એ પણ થોડીક મૂંઝાયેલી લાગતી હતી.

'ઇત્ઝેલ ! આ બધી શાની ધમાલ છે ?' મેં પૂછ્યું, 'પેલી રોકકળ કરતી સ્ત્રી કોણ હતી ? આપણે ન્યુવોમાં દાખલ થયાં ત્યારે પણ એ રોકકળ કરતી હતી અને આપણી સામે જાણે મદદ માગતી હોય એમ હાથ ફેલાવતી હતી.'

ઇત્ઝેલ બે ક્ષણ કંઈ ન બોલી. એણે ઊભાં થઈ બહાર જોયું. અબ્રાન અને રામીરો ક્યાંય દેખાતા નહોતા. ઇત્ઝેલે બારણું અંદરથી બંધ કરી દીધું. પછી અમને બધાને એની નજીક આવવાનો ઇશારો કર્યો.

અમે બધા એની આસપાસ કુંડાળું વાળીને ગોઠવાઈ ગયા પછી ઇત્ઝેલ ધીમેથી બોલી, 'જુઓ, આપણે આવ્યાં એ પહેલા મારા પિતાએ મને આ બધી વાત કરી હતી. મેં તમને આ અંગે જાણ કરી છે એ મારા પિતાને કહેશો નહીં. હકીકતમાં તમને બલિદાનની આ વિધિ બતાવવા માટે જ ચિચેન ઇત્ઝા લઈ જવાનો કાર્યક્રમ મારા પિતાએ ઘડ્યો છે. જેથી તમારો આ પ્રવાસ યાદગાર બની જાય. એ માટે એમણે રામીરોના ધર્મગુરુની પરવાનગી પણ મેળવી લીધી છે. અમે લોકો માયા લોકો નથી, પરંતુ તોલ્તેક કહેવાઈએ છીએ. હવે વાત રહી પેલી સ્ત્રીની. એ એક વિધવા સ્ત્રી છે. એનું નામ જુલિયાના છે. એનો પતિ થોડાં વરસ પહેલા એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો. એને એક

જ દીકરો છે – આલ્બર્ટો. એ વીસ વરસનો છે. ચાર દિવસ પછી સમર-ઇક્વિનોક્ષ (વસંત-સંપાત) છે. એ દિવસે કુકુલ્કાનના મંદિરમાં એનો ભોગ આપવાનો છે. રામીરો આ ગામનો મુખી છે. પેલી સ્ત્રી એના દીકરાને બચાવી લેવા વિનંતી કરવા આવી હતી !'

'ભોગ ? એટલે કે બલિદાન ? પણ શું કામ ? આફ્રિકાના જંગલી લોકો આવું કરે એ સમજી શકાય પરંતુ આજના દક્ષિણ અમેરિકામાં પણ બલિદાન ?' રોબર્ટ બોલી ઊઠ્યો.

'શિ...સ...!' નાકે આંગળી મૂકી રોબર્ટને ધીમે બોલવાનો ઇશારો કરતા ઇત્ઝેલ બોલી, 'જુઓ ! આજે પણ માયા લોકો એમના જૂના રીતરિવાજોમાં ખૂબ જ વિશ્વાસ ધરાવે છે. રામીરો માયા કુટુંબમાંથી આવે છે. માયા લોકો વરસાદના દેવ-ચાકને ખૂબ જ માને છે. યુકાતાન પ્રદેશ સૂકો હોવાથી પાણીનો સમગ્ર આધાર વરસાદ પર જ રહે છે અને છેલ્લાં ત્રણ વરસથી ખૂબ જ ઓછો વરસાદ પડતો રહ્યો છે ! એમ કહોને સાવ દુષ્કાળ જેવી પરિસ્થિતિ જ રહી છે.'

'પરંતુ એ માટે આલ્બર્ટોનું બલિદાન શું કામ આપવાનું ?' પોલ બોલ્યો.

'માયા લોકો ચાક દેવતાને રાજી રાખવા સદીઓથી બલિદાન આપતા આવ્યા છે.' ઇત્ઝેલે જવાબ આપ્યો. 'ચાર દિવસ પછી વસંત-સંપાતનો દિવસ છે. એટલે કે ૨૧મી માર્ચ છે.* એ દિવસે બપોરના ત્રણ વાગ્યે કુકુલ્કાનનાં પિરામિડ પરની વેદી પર લગભગ દસેક યુવાનોનો ભોગ અપાશે. એમનું હૃદય કાઢીને દેવ કુકુલ્કાન તેમજ ચાક દેવતાને ચડાવવામાં આવશે. મંદિરના ઉપરના પગથિયેથી જ્યારે દેવ કુકુલ્કાનનો પડછાયો સાપના રૂપમાં નીચે ઊતરવાનું શરૂ કરશે ત્યારે આ બધા બલિદાન અપાશે. એક મહિના પછી વરસાદની મોસમ શરૂ થાય એ પહેલા જ ચાક દેવતાને લોહી મળી જવું જોઈએ એવું માયા લોકો માને છે. આજુબાજુનાં દસ ગામમાંથી એક એક યુવાનને પસંદ કરવામાં આવે છે. મોટાભાગે તો મુખી જેનું નામ આપે એનું બલિદાન અપાય. આ વખતે આલ્બર્ટોનું નામ રામીરોએ જ સૂચવ્યું છે. એટલે પેલી સ્ત્રી એને ધક્કા મારીને પોતાના દીકરાને બચાવવાની આજીજી કરતી હતી !'

* વસંત-સંપાત (spring equinox) એટલે ૨૧મી માર્ચના દિવસે સૂર્યનાં કિરણો જ્યારે કર્કવૃત્ત પર પડે એ દિવસ. એ વખતે દિવસ અને રાત બંને સરખી લંબાઈના હોય છે.

અમે સૌ ચૂપ થઈ ગયા. એમ કહો કે આઘાતમાં જ સરી ગયા. અમારા માન્યામાં જ નહોતું આવતું કે ૧૯૦૮ની આ સાલમાં હજુ માનવ-બલિદાનની પ્રથા અસ્તિત્વમાં હતી ! કોંગોનાં જંગલોમાં વસતા લોકો તેમજ અમે જેમને મળેલા એ ઝુલુ લોકો તો ખૂબ જ પછાત હતા. એ લોકો હજુ જરાપણ સુધર્યા નહોતા. એ લોકો માનવવધ કરે કે માનવભક્ષી હોય એ સમજી શકાય એવું હતું. પરંતુ માયા લોકો આજે પણ બલિદાનમાં માનતા હતા એ જાણીને અમને ખરેખર દુઃખ થતું હતું. દક્ષિણ અમેરિકાનો આ ભાગ એમેઝોનનાં જંગલોના પ્રમાણમાં ઘણો જ સુધરી ગયો હોવા છતાં આવું ચાલતું હશે એ વિચાર જ અમને આઘાત પમાડતો હતો.

'તો એનો અર્થ એવો કે જુલિયાનાના દીકરા આલ્બર્ટોને વધસ્તંભ પર ચડાવી દેવામાં આવશે ?' પોલે પ્રશ્ન કર્યો.

પોલનો પ્રશ્ન સાંભળીને ઇત્ઝેલ ખડખડાટ હસી પડી. પછી બોલી, 'પોલ ! અરે હા, તમને બધાને હું આગળ મિસ્ટર લગાડ્યા વિના સીધા નામથી બોલાવું તો ચાલશે ને ?'

અમે બધાએ હા પાડી.

'હા, હવે પોલના પ્રશ્નનો જવાબ.' ઇત્ઝેલ બોલી, 'માયા લોકો વધસ્તંભ પર બલિદાન નહોતા આપતા. એ લોકો જીવતા માણસનું હૃદય છરીથી કાઢીને ચાક દેવતાને ભોગ ચડાવતા !'

'એટલે ? જીવતા માણસનું હૃદય છરીથી કાઢી લેવાનું ? પણ ડીક તો કહેતો હતો કે એ લોકો પાસે ધાતુના કોઈ પણ પ્રકારના ઓજારો હતા જ નહીં !' મારા સિવાય બધાનાં મોઢાંમાંથી એક સાથે સવાલ નીકળી પડ્યો.

'હા ! જીવતા માણસનું ! અને એ પણ હજુ ધબકતું હોય તેવું હૃદય !' ઇત્ઝેલ બોલી, 'અને પોલ ! સદીઓ પહેલા માયા લોકો પાસે ધાતુના ઓજારો નહોતા, પરંતુ એ લોકો ઓબ્સિડિયન છરી વાપરતા. (ઓબ્સિડિયન એટલે લાવાની ગરમીથી કાચ જેવો પદાર્થ બન્યો હોય તેમાંથી બનેલી છરી) એ સિવાય માયા લોકો પાસે અન્ય ઓજારો હોવાની સાબિતી મળી નથી !'

અમે કોઈ કાંઈ પણ આગળ બોલીએ એ પહેલા જ બારણું ખખડ્યું. ઇત્ઝેલે ઊભાં થઈને બારણું ખોલ્યું. અબ્રાન અને રામીરો કંઈક ઘુસપુસ કરતા અંદર દાખલ થયા. અબ્રાનના ચહેરા પર થોડીક ઉદાસી જોઈ શકાતી હતી.

કદાચ એને પણ આલ્બર્ટોનું બલિદાન અપાય એ નહીં ગમ્યું હોય. એ જે હોય તે, પરંતુ અંદર આવીને અમને સૌને શાંત જોઈ એ બંને જણ થોડી વાર ઊભા રહી ગયા. અમને બધાંને ચૂપચાપ બેઠેલાં જોઈને એમને કાંઈક શંકા તો પડી હશે, પણ બેમાંથી કોઈ કાંઈ બોલ્યું નહીં.

'ચાલો દોસ્તો ! કાલે સવારે આપણે વહેલા જવાનું છે ! એટલે જલદી સૂઈ જઈએ. તમારા બધાના સૂવાની વ્યવસ્થા ઉપરના માળે કરવામાં આવી છે. હું, રામીરો તેમજ ઇત્ઝેલ અહીં નીચેના ખંડમાં સૂઈ રહીશું. ચાલો ત્યારે બોઆ નોઈતી ! ઓહ, ભૂલી ગયો, ગુડનાઇટ ! શુભ-રાત્રિ,' અબ્રાન બોલ્યો.

'શુભ-રાત્રિ !' અમે બધાએ કહ્યું.

એ પછી અમે ઉપરના માળે ગયાં. બધાંની પથારી સરસ રીતે પથરાયેલી હતી. આખા દિવસનો થાક હવે શરીર ઉપરાંત જાણે કે આંખોના પોપચાં પર જ બેસી ગયો હોય એમ મારી આંખો બંધ થઈ જતી હતી. ઝાઝી વાતો કર્યા વિના જ અમે પડ્યાં ભેગાં જ ઊંઘી ગયાં.

રાતના કેટલા વાગ્યા હશે એ ખબર નથી, પરંતુ કોઈ મારો પગ પકડીને મને ઉઠાડવાની કોશિશ કરતું હોય એવું લાગ્યું. હું સફાળો બેઠો થઈ ગયો. કંઈ બોલું એ પહેલાં મારા મોં પર કોઈનો હાથ હળવેથી દબાયો અને કાનમાં ધીમો અવાજ સંભળાયો, 'ડીક !' અવાજ ઇત્ઝેલનો હતો, મારા કાન પાસે મોં લાવીને એણે કહ્યું, 'રામીરોએ આલ્બર્ટોનો ભોગ આપવાનું નક્કી કરી જ લીધું છે. કોઈપણ વાતે એ માનવા તૈયાર જ નથી. મારા પિતાએ તમે લોકો ઉપર આવ્યા પછી એને એક કલાક સમજાવી જોયો, પરંતુ એ ચાક દેવતાને નારાજ કરવા નથી માંગતો. હું આફ્રિકા અંગે તો વધારે કાંઈ જાણતી નથી, પરંતુ માયા લોકો બલિદાન માટે પકડેલ વ્યક્તિને ક્યારેય છટકવા નથી દેતા. છતાં હું તને એટલું જ કહેવા આવી છું કે ગમે તેમ કરીને આપણે એને બચાવવો છે. તમે બધા સાથ આપજો !'

એ જ વખતે માઇકલકાકાને ઉધરસ આવી. ઇત્ઝેલ બિલાડીની ચપળતાથી અંધારામાં સરકી ગઈ. હું ૨૧મી માર્ચ કેવા કેવા ખેલ દેખાડશે એનો વિચાર કરતો પડ્યો હતો. એ પછી ક્યારે ઊંઘ આવી ગઈ એની ખબર ન પડી.



ચિચેન ઇત્ઝા।

'બોમ ડિઆ-શુભ પ્રભાત મિત્રો' કહી અબ્રાને અમને ઉઠાડ્યાં ત્યારે છેક અમારી ઊંઘ ઊડી.

આગળના દિવસની ઘોડા પરની મુસાફરીથી મારી પીઠ દુઃખતી હતી. મારા બીજા મિત્રોની પણ એવી જ હાલત હતી. માઇકલકાકાને થોડું માથું દુઃખતું હતું – કદાચ કાસા વાલ્દુગા(દારૂ)ના કારણે પણ હોય.

અમે તૈયાર થઈ રામીરોના નાસ્તાના ટેબલ પર ભેગાં થયાં. સવારના અજવાળામાં મેં ટેબલ તેમજ અન્ય ફર્નિચર બરાબર ધ્યાનથી જોયું. લાકડાનું એ ટેબલ વીસેક જણાને સમાવી શકે તેટલું મોટું હતું. મેક્સિકન ઓક નામના ઝાડનું એ લાકડું હોય એવું લાગતું હતું.

અમે ઝડપથી નાસ્તો પતાવ્યો અને તૈયાર થયાં. બહાર નીકળીને રસ્તા પર આવ્યાં.

સાંજે હતું તેના કરતાં ન્યુવોની બજારનું સવારનું દૃશ્ય નવાઈ પમાડે તેવું હતું. લોકોનાં ટોળે-ટોળાં ચિચેન ઇત્ઝા તરફ જઈ રહ્યાં હતાં. એ લોકોએ નવાં કપડાં પહેર્યાં હતાં. આ વિસ્તારમાં રેલવે લાઇન નખાવાની હજુ શરૂઆત જ થઈ હતી. એટલે મોટા ભાગના લોકો ચાલતા કે ઘોડા પર જઈ રહ્યા હતા.

'આ લોકો પણ ચિચેન ઇત્ઝા જઈ રહ્યા છે ?' પોલ તેમજ છેક એક સાથે બોલી ઊઠ્યા.

'હા !' ઘોડાની કેશવાવાળી પર હાથ ફેરવતાં અબ્રાને જવાબ આપ્યો, 'ચાક દેવતાને રીઝવવાનો ઉત્સવ તેમજ દર બાવન વરસે આવતો ઉત્સવ પણ હવે શરૂ થશે. એ દિવસે ચિચેન ઇત્ઝાના પિરામિડ પર માનવબલિ આપવામાં આવશે. એ વખતે સમગ્ર યુકાતાન પ્રદેશમાં વસતા માયા લોકો ત્યાં એકઠા થશે.'

અમે સૌ નવાઈથી આ સાંભળી રહ્યાં હતાં. બાવન વરસવાળા ઉત્સવની વાત સાંભળીને મારા મનમાં ઘણા પ્રશ્નો ઉદ્ભવ્યા. પરંતુ હું અબ્રાનને કંઈપણ પૂછું એ પહેલાં જ હેસ્લિંગ બોલી ઊઠ્યો, 'મિ. અબ્રાન, આ બાવન વરસનો ઉત્સવ એ વળી શું છે ?'

અબ્રાને ઘોડાનું જીન સરખું કરતાં કહ્યું, 'જુઓ હાબ નામનું માયા કેલેન્ડર ૩૬૫ દિવસનું હતું. એમાં ૨૦ દિવસ હોય એવા કુલ ૧૮ મહિના રહેતા. આટલા મહિનાના કુલ દિવસો થયા ૩૬૦. એ પછી ઓગણીસમો મહિનો પાંચ જ દિવસનો રહેતો. એને એ લોકો વાયેબ કહેતા. એ પાંચ દિવસ દરમિયાન માયા લોકો ખૂબ જ ડરતા રહેતા. દરેક મહિનાને એક ખાસ નામ આપવામાં આવતું. એક મહિનો એક વખત આવે પછી લગભગ ૫૨ વરસ સુધી બીજી વખત ન આવતો. એ પછી હાબ કેલેન્ડરની ફરીથી શરૂઆત થતી. માયા લોકો એવું માનતા કે એકાદ વખત આવાં ૫૨ વરસ પૂરાં થયાં પછી પૃથ્વીનો પ્રલય થશે અને સૂરજ ઊગશે જ નહીં. એટલે એ લોકો એ પહેલા અને એ પછી ઉત્સવ ઉજવતા. ૧૯૦૮માં એટલે કે આ વરસે આવું બનવાનું છે. એટલે એ લોકો થોડા ડરથી અને થોડી આશાથી આ ઉજવણી કરી રહ્યા છે.'

'આશાથી ? શાની આશાથી ?' હેસ્લિંગે પૂછ્યું.

'વરસાદ પણ પડે અને દુનિયાનો અંત પણ ન આવે એવી આશાથી !' અબ્રાને જવાબ આપ્યો.

'હમ્...મ્...મ્...!' હેસ્લિંગ કંઈક વિચારમાં પડી ગયો. પછી બોલ્યો, 'આ બધું મને તો ભાઈ ભારે ગૂંચવાડાભર્યું લાગે છે. છતાં, ચાલો, એમના ઉત્સવમાં આપણને થોડીઘણી ખબર તો પડશે !'

અમે બધાં હસી પડ્યાં. હેસ્લિંગની વાત પણ સાચી જ હતી. ગઈકાલથી જે કંઈ બની રહ્યું હતું એ જોતા અમે સૌ ગૂંચવાઈ જ ગયાં હતાં. માયા લોકોનું જીવન, એમના રિવાજો, એમના ઉત્સવો વગેરે ખાસ્સું વિચિત્ર લાગતું હતું. નવમી સદીમાં અચાનક ગાયબ થઈ ગયેલા આ લોકોના થોડા છૂટાછવાયા વંશજોએ હજુ એની એ પ્રથાઓ જાળવી રાખી છે એ જાણીને પણ આશ્ચર્ય થતું હતું.

અમે આ બધી વાતો કરતાં હતાં એટલી વારમાં રામીરો માયા લોકોના જેવાં કપડાં પહેરીને તૈયાર થઈ બહાર આવ્યો. એના ખભે એક થેલો લટકાવેલો હતો. જેને એ સાચવીને રાખતો હતો.

ત્યાર બાદ ઇત્ઝેલ બહાર આવી. માઇકલકાકા તેમજ માતાદી, અબીરા અને અબાના પણ તૈયાર થઈને આવી ગયા. એ પછી અમે ચિચેન ઇત્ઝાના રસ્તે ચાલવાનું શરૂ કર્યું.

અમારા ઘોડા તેજ અને પાણીદાર હતા. એ દિવસે એટલે કે ૧૮મી માર્ચના દિવસે અમે સાંજ સુધીમાં ચેમાક્ષ અને વાલ્લાડોલિડ થઈને ચિચેન ઇત્ઝાની નજીક પહોંચી ગયાં. આખા રસ્તે મુસાફરીમાં કોઈ જ તકલીફ ન પડી. વચ્ચે વચ્ચે અમને ચિચેન ઇત્ઝા તરફ જઈ રહેલા માયા લોકોનાં ટોળાંઓ મળ્યાં હતાં. ચિચેન ઇત્ઝા તરફ જઈ રહેલા આ ટોળાઓમાં અમુક માણસોએ એમના આખા શરીરે ભૂરો રંગ લગાડ્યો હતો. એ જોઈ અમને નવાઈ લાગી.

'ઇત્ઝેલ ! આ લોકોમાં અમુક માણસોએ મોઢે તેમજ આખા શરીરે ભૂરો રંગ કેમ લગાડ્યો છે ?' મેં બાજુમાં ચાલતી ઇત્ઝેલને પૂછ્યું.

એને પણ એ વિશે ખબર નહોતી. એણે રામીરોને પૂછ્યું.

'જે લોકોનું બલિદાન અપાવાનું હોય એ બધાને ભૂરો રંગ લગાવવામાં આવે છે !' રામીરોએ કહ્યું.

એના જવાબથી અમે બધા ધ્રૂજી ગયા. એનો અર્થ એવો જ કે રસ્તામાં જે પાંચ-સાત ટોળામાં કોઈક કોઈકના શરીર પર ભૂરો રંગ જોવા મળ્યો હતો એ બધા જ મૃત્યુ પામશે ? એમનું બલિદાન અપાઈ જશે ? અને એમાંનો એક આલ્બર્ટો પણ હશે ?


મને આલ્બર્ટોની મા જુલિયાના યાદ આવી ગઈ. એ નિઃસહાય અને લાચાર સ્ત્રીના આંસુ યાદ આવી ગયા. મેં ઇત્ઝેલ સામે જોયું. જાણે કાલ રાતની વાત મને યાદ કરાવતી હોય એમ કોઈને પણ ખબર ન પડે તેમ એણે હળવેથી માથું હલાવ્યું.

અમે એક વિશાળ જગ્યા પાસે આવી પહોંચ્યાં. એ જગ્યા રામીરોના કહેવા મુજબ 'પોક-તા-ટોક'* રમતનું મેદાન હતું.

અમે રમતના એ મેદાનની વિશાળતા જોઈને છક થઈ ગયા. ૫૪૫ ફૂટ લાંબા અને ૨૨૫ ફૂટ પહોળા એ મેદાનની બંને તરફ મોટી ઊંચી દીવાલ હતી. દીવાલોની ઊંચાઈ લગભગ ત્રીસેક ફૂટ જેટલી હતી. આટલા મોટા મેદાનમાં

* પોક-તા-ટોકને પશ્ચિમના પુરાતત્ત્વવિદો બોલ-ગેમ તરીકે ઓળખે છે. રબ્બરના બોલથી રમાતી આ રમત, લગભગ પૂરા દક્ષિણ અમેરિકામાં રહેતા લોકો રમતા. માયા, તોલ્તેક, એઝતેક વગેરે.

એકાદ હજાર વરસ પહેલા રબ્બરના દડાથી રમત રમાતી હશે અને સેંકડો લોકો એને જોતા હશે એ વિશે વિચારતા જ અમે રોમાંચિત થઈ ગયા. મેં આ રમત વિશે જે કંઈ વાંચ્યું હતું એ બધાને સમજાવ્યું. રબ્બરના દડાને સાથળ વડે હવામાં રાખીને દીવાલમાં ઊંચે રાખેલ પથ્થરની રિંગમાંથી આરપાર કાઢવાનો હોય એ પણ સમજાવ્યું.



બોલગેમના ગ્રાઉન્ડની પોલે પાડેલ ફોટો



આ રિંગમાંથી
રબ્બરનો દડો પસાર
કરવાનો રહેતો

અમે બધાં રમતનું મેદાન તેમજ પથ્થરની કોતરણીવાળી રિંગ જોતા હતાં. એ વખતે અબ્રાન તેમજ સમીરો મેદાનના બીજા છેડે પહોંચી ગયા હતા.

'ડીક ! એ વખતે જે ટીમ જીતતી હશે એને મોટું ઇનામ મળતું હશે ને ?' જેકે પૂછ્યું.

'ના જેક ! ઊલટાનું જે જીતે એ ટીમના કેપ્ટનનું માથું કાપી નાખવાની ખૂબ જ ખરાબ પ્રથા હતી, પરંતુ એ વખતના ખેલાડીઓ એને પોતાનું ગૌરવ માનતા !' મેં જવાબ આપ્યો.

'શિ...સ્...!' જેક આગળ કંઈ પણ પૂછે એ પહેલા માઇકલકાકાએ નાક પર આંગળી મૂકી અમને ધીમેથી ચૂપ થઈ જવા ઇશારો કર્યો. ઉપરાંત કંઈપણ બોલ્યા વિના પથ્થરની રિંગ તરફ જોયા કરવાનું ઇશારાથી જ સમજાવી દીધું.

અમે સૌ સાવ શાંત થઈ જાણે એકબીજા જોડે ચર્ચા કરતાં હોઈએ એ રીતે હાથ હલાવતા પથ્થરની રિંગ તરફ જોતાં ઊભાં રહી ગયાં. કોઈ કંઈ બોલતું નહોતું પરંતુ દૂરથી કોઈ જુએ તો અમે બોલગેમ અંગે કંઈક ચર્ચા કરતા હોઈએ એવું જ લાગે. ચૂપ થતાં જ અમને રામીરો તેમજ અબ્રાન વચ્ચે ચાલતી વાતચીત સ્પષ્ટ સંભળાવા લાગી ! એ બંને જણ મેક્સિકનને બદલે અમારી ભાષામાં જ વાત કરતા હતા એટલે અમે બરાબર સમજી શકતા હતા. નવાઈની વાત તો એ હતી કે એ લોકો અમારાથી લગભગ ૩૦૦ ફૂટ દૂર હતા તો પણ સાવ ધીમા અવાજે થતી એમની વાતો અમને સ્પષ્ટ સંભળાતી હતી !*

'તારી દીકરી ઇત્ઝેલનું શું કરીશું ?' રામીરો અબ્રાનને અત્યંત ધીમા અવાજે કહેતો હતો.

'કેમ ? ઇત્ઝેલનો શું વાંધો છે ?' અબ્રાને પૂછ્યું.

'બીજો તો કાંઈ વાંધો નથી, પરંતુ...' રામીરો બે ક્ષણ અટક્યો, પછી કહે, 'બાહકાબને એ ગમશે પણ નહીં અને એ એને હાજર પણ નહીં રહેવા દે !'

'કોણ બાહકાબ ?' અબ્રાને પૂછ્યું.

'ધર્મગુરુ ! માયાના, એટલે કે અમારા ધર્મગુરુ ! ચાક દેવતાને કે કુકુલ્કાનને બલિ ચડે ત્યારે કોઈ પણ સ્ત્રીની હાજરી ત્યાં ન હોવી જોઈએ. એટલે તારે તારી દીકરી ઇત્ઝેલને ગમે તેમ કરીને બલિદાનના પ્રસંગે ક્યાંક દૂર રાખવી પડશે.' રામીરો અટક્યો. પછી બોલ્યો, 'નહીંતર અનર્થ થઈ જશે !'

મેં ઇત્ઝેલ સામે જોયું. એના મોઢા પર થોડા ચિંતાના ભાવો હતા. એ કાંઈક બોલવા જતી હતી, પણ મેં ઇશારાથી એને ના પાડી.

રામીરોનો અવાજ ફરીથી આવ્યો. આ વખતે એ પણ થોડીક ચિંતા સાથે બોલતો હોય એવું લાગ્યું. એ કહેતો હતો કે, 'તારી જોડેની મિત્રતાથી આ તારા મિત્રોને મેં હા પાડી છે. બાહકાબ જો ખિજાશે તો મને નહીં ગમે. તું ધ્યાન રાખજે કે આ ટોળકી કંઈ તોફાન ન કરે !'

* બોલગેમના મેદાનની આ અદ્ભુત રચના અંગે આજ સુધી વિજ્ઞાનીઓ સમજાવી શક્યા નથી. અહીંયા એક છેડે અત્યંત ધીમા અવાજે થતી વાત બીજા છેડે એકદમ સ્પષ્ટ સાંભળી શકાય છે.

અમને હસવું આવી ગયું. રામીરો અમને તોફાની ટોળકી ગણતો હતો ! માઇકલકાકા તેમજ માતાદી તો હસી પણ પડ્યા. જેક તથા હેસ્લિંગ એકબીજાની તરફ આંગળી કરીને તોફાની કોણ એનું ટીખળ કરતા હતા.

મને નવાઈ લાગતી હતી કે અમે બધાં એમની વાત સાંભળી શકીશું એ રામીરો કેમ ભૂલી ગયો હશે ? હકીકતમાં એને તો આ જગ્યાની ખાસિયતની ખબર જ હોય કે પછી એ ખાસ અમને આ બધું આવી રીતે જ કહેવા માંગતો હશે ? આમેય મને રામીરો પહેલેથી જ રહસ્યમય માણસ લાગતો હતો.

સાંજ ઘણી વીતી ગઈ હતી. અમારે રામીરોના એક સગાને ત્યાં જ રોકાવાનું હતું. ચિચેન ઇત્ઝાથી લોલટુન જવાના રસ્તે જ એનું ઘર હતું. રામીરોની સાથે અમે એને ત્યાં પહોંચ્યાં.

રાતે જમીને આખા દિવસના થાકથી અમે બધાં તરત જ સૂઈ ગયાં.

બીજા દિવસે ગુરુવાર, ૧૯મી માર્ચ, ૧૯૦૮ના દિવસે અમે ચિચેન ઇત્ઝાની આસપાસનો વિસ્તાર જોયો. એ દિવસથી ધીમે ધીમે આજુબાજુના પ્રદેશોમાં રહેતા માયા લોકો એકઠા થવા માંડ્યા હતા. બહારથી આવનાર લોકોને હજાર થાંભલાના સમૂહ પર શામિયાણા જેવું બનાવી ઉતારો આપવામાં આવ્યો હતો.



અલગ અલગ પ્રદેશમાંથી આવતા માયા લોકો માટે અલગ વિભાગો પાડી દેવામાં આવ્યા હતા.

'ઇત્ઝેલ ! રોબર્ટ ! જેક !' હું બોલ્યો, 'તમે લોકોએ જોયું કે દરેક સમૂહમાં એક માણસના શરીર પર ભૂરો રંગ લગાડેલો હોય છે તે ?'

'હા, અને એ બધાનું બલિદાન ચડી જશે, એમ જ ને ?' બધાં એક સાથે બોલી ઊઠ્યાં.

મેં માથું હલાવી હા પાડી. પછી અમે બધાં બાજુમાં જ આવેલા યોદ્ધાઓના મંદિરના ઓટલે જઈને બેઠાં. થોડીવાર કોઈ કંઈ ન બોલ્યું.

'ઠીક ! આપણી પાસે બંદૂકો કેટલી છે ?' અચાનક માઇકલકાકા એમની વાંકી હોકલી પીતા પીતા બોલ્યા.

'બસ, ઝાઝી નહીં. પાંચ રિવૉલ્વર અને એક રાઇફલ એટલું જ ! બાકી વધારાનાં હથિયારો તો કૅપ્ટન સ્મિથ પાસે સ્ટીમરમાં જ રહી ગયાં છે. આમેય આપણે લોલટુનની અદ્ભુત ગુફાઓ જોઈને દસ દિવસમાં જ પાછા ફરવાનું હતું. એટલે આપણે સ્વબચાવ માટે આટલાં હથિયારો સિવાય વધારે કંઈ લીધું પણ નથી !' મેં કહ્યું.

'હમ્...મ્...મ્...!' મનમાં વિચાર કરતા માઇકલકાકા હોકલીની ઘૂંટ લેતા રહ્યા. પછી એકદમ ઊભા થઈને બોલ્યા, 'આટલાં શસ્ત્રોથી લડી તો ન જ શકાય. તો પછી અન્ય કોઈ પણ કારણસર આ લોકો પોતાનો ઉત્સવ બંધ રાખે ખરા ?'

'હા !' ઇત્ઝેલ ઊભી થતાં બોલી, 'એક ઉપાય છે !' પછી આજુબાજુમાં ફરતા લોકોને જોઈને એ ચૂપ થઈ ગઈ. અમે ઊભાં થઈને મંદિરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં એક ઝાડ નીચે જઈ બેઠાં. આજુબાજુ કોઈ નથી એની ખાતરી કરીને ઇત્ઝેલ હળવેથી બોલી, 'એક ઉપાય છે ! જો બલિદાનનો પ્રસંગ શરૂ થાય એ જ વખતે કોઈ સ્ત્રી ત્યાં જઈ ચડે તો એ દિવસે બલિદાન ન જ આપી શકાય !'

'તો પછી તારે બરાબર એ જ સમયે આવી જવાનું !' પોલે ઇત્ઝેલને કહ્યું.

'એ શક્ય જ નથી પોલ !' ઇત્ઝેલ બોલી, 'મંદિરની આજુબાજુ ત્રણસો ફૂટ સુધી હથિયાર લઈને માયાના યોદ્ધા ગણાતા લોકો ચોકી કરતા હશે. એટલે

એ વખતે કોઈ સ્ત્રી ત્યાં આવી ચડે એ શક્ય જ નથી ! ઉપરાંત મારા પિતાજી તેમજ રામીરોકાકા મને એ દિવસે તો જરાય છૂટી નહીં પડવા દે. એટલે એ પણ શક્ય નથી !'

'તો પછી ? બીજું શું કરી શકાય ?' મેં પૂછ્યું.

કોઈ કાંઈ જવાબ આપે એ પહેલા રામીરો તેમજ અબ્રાન અમારી તરફ આવતા દેખાયા. અમે ચૂપ થઈ ગયાં.

એ પછી બધાં રામીરોના સગાને ત્યાં પહોંચી ગયાં. અબ્રાન અને રામીરો સતત અમારી જોડે રહેતા હતા એટલે અમે આગળ કોઈ ઉપાય વિચારી શક્યા નહીં.

શુક્રવાર ૨૦મી માર્ચના દિવસે અમે બલિદાનનો કૂવો તેમજ ખગોળઘર જોયું. એ દિવસે ઇત્ઝેલ અમારી જોડે નહોતી આવી. રામીરોની પત્નીને રસોઈમાં મદદ કરવા માટે એ ઘરે જ રોકાઈ હતી. અમે એ દિવસે ફરી એક વખત ૧૦૦૦ સ્તંભોના સમૂહ તરફ ગયા. હવે એ બધા શમિયાણાઓ માણસોથી ભરાવા માંડ્યા હતા.

અચાનક એક સ્ત્રીએ અમારો રસ્તો રોકી લીધો. એ ગાંડાની માફક રડવા લાગી. એના ચહેરા પર વાળ વીખરાયેલા હતા. વાળ હટાવીને એણે અમારી સામે જોયું. અમે તરત જ એને ઓળખી ગયા. એ જુલિયાના હતી. એણે મારો હાથ પકડી લીધો. મને ખેંચીને એ નજીક બેઠેલા એક ટોળા સુધી લઈ ગઈ. ત્યાં બેઠેલા લોકો વચ્ચે શરીર પર ભૂરો રંગ લગાવીને એક યુવાન બેઠો હતો. માંડ વીસેક વરસની એની ઉંમર હશે. અમારી સામે એણે કરુણ દૃષ્ટિથી જોયું. હવે આવનારા દિવસોમાં પોતાનો ભોગ ચડી જાય એવું એ પોતે નહીં જ ઇચ્છતો હોય એવું એને જોતા જ લાગતું હતું. એ આલ્બર્ટો હતો.

એની મા એના માથા પર હાથ ફેરવીને કંઈક બબડતી હતી, પરંતુ અમને એ તળપદા સ્પેનિશ શબ્દોમાંથી કંઈ પણ સમજાતું નહોતું. મેં આલ્બર્ટો સામે જોયું.

'તમે મને બચાવી શકશો ?' આલ્બર્ટો બોલ્યો, 'હું મરવા નથી માગતો. હું મિઆમીમાં એક કૉલેજમાં ભણું છું. આ તો મારી વિધવા માતાને મળવા આવ્યો અને આ લોકોએ મને ચાક દેવતા માટે પસંદ કરી લીધો. હું માયા સમાજ તોલ્તેક લોકો અંગે જ અભ્યાસ કરી રહ્યો છું અને એમના આ રિવાજ

અંગે વધારે અને વ્યક્તિગત અભ્યાસ માટે જ હું અહીંયા આવ્યો હતો, પરંતુ મુખી રામીરોએ મારું નામ જ આમાં જોડી દીધું ! બે વખત મેં ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ મારું નામ નક્કી થયું એ દિવસથી જ મારા ઘરની આસપાસ માયાના યોદ્ધાઓ ગણાતા માણસોને ગોઠવી દેવામાં આવ્યા હતા. અત્યારે મને થાય છે કે જો એક વખત અહીંથી નીકળી જવાય તો હવે પછી આ પ્રદેશમાં ક્યારેય પગ નહીં મૂકું. મને તો આ બધું ફાલતું લાગે છે !' એના અવાજમાં થોડીક ભીનાશ આવી ગઈ. એ અમેરિકામાં ભણતો હોય એટલે અમારી સાથે વ્યવસ્થિત બોલી શકે એ સમજી શકાય એવું હતું.

'અમે તો પ્રવાસી તરીકે આવ્યા છીએ, આલ્બર્ટો ! અમે અહીંની પૂરી ભૂગોળ પણ જાણતા નથી !' મેં કહ્યું.

'મને ખબર છે, પરંતુ મારી માતાને વિશ્વાસ છે કે તમે લોકો જ મને બચાવી શકશો. માયા લોકોમાંથી કોઈ કરતા કોઈ આ માટે હિંમત નહીં જ કરે ! ખબર નહીં કેમ, પરંતુ મને પણ એવું થાય છે કે તમે મને આમાંથી છોડાવશો અને હા, હું મરવા નથી જ માંગતો ! જીવતા માણસનું હૃદય કાપીને દેવોને ભોગ ચડાવવાથી વરસાદ પડે, એ વાત પણ મને ખોટી જ લાગે છે !'

મને આલ્બર્ટોની દયા આવી ગઈ. એમ પણ થયું કે આવી બધી પ્રથાઓ દુનિયામાં જ્યાં છે ત્યાંથી બંધ કરાવવી જ જોઈએ, પરંતુ હાલ તો અમારે એને કઈ રીતે છોડાવવો એ જ નક્કી કરવાનું હતું. થોડુંક વિચારીને મેં આલ્બર્ટોને કહ્યું, 'જો આલ્બર્ટો ! તું ગભરાઈશ નહીં. કાલે બપોરે આ વિધિ શરૂ થાય ત્યારે અમે તને છોડાવવા કાંઈક પ્રયત્ન કરીશું. બસ, તું તૈયાર રહેજે.'

આલ્બર્ટોના મોં પર ખુશી આવી ગઈ. એણે એની માને કંઈક કહ્યું. એની માએ ગાંડાની જેમ દોડીને મારા પગ પકડી લીધા. માંડ માંડ મેં પગ છોડાવ્યા. આજુબાજુવાળા હવે અમારી સામે જોવા લાગ્યા હતા. એમને કાંઈ પણ શંકા પડે એ પહેલા જ અમે ત્યાંથી નીકળી ગયા.

હવે એ બધી જગ્યાઓએ વધારે વખત ફરવાની અમને જરાય ઇચ્છા નહોતી. અમે ઝડપથી ત્યાંથી નીકળીને રામીરોના સગાના ઘરે જવાનો રસ્તો લીધો. અમે જ્યારે ઘરની નજીક પહોંચ્યા ત્યારે રામીરો અને અબ્રાન દરવાજાની બહાર ઊભા રહીને અમારી જ રાહ જોતા હોય એવું લાગ્યું. દૂરથી જ અમને જોઈને એ બંને અમારી તરફ દોડ્યા. એમના ચહેરા પર ચિંતા જોઈને મારાથી

[illegible] 'અ... અબ્રાન, રામીરો ! શું થયું ? કેમ આમ દોડતા સામે [illegible] ?'

[illegible] બંનેએ એકબીજા સામે જોયું. પછી અબ્રાન બોલ્યો, 'ઇત્ઝેલ [illegible] લાગે છે. તમે એને ક્યાંય જોઈ ?'

'[illegible] ઇત્ઝેલ જતી રહી છે ?' અમારા મોઢેથી લગભગ એક સાથે આ [illegible] ગયું. પછી અમે પણ એકબીજા સામે જોવા લાગ્યા !



માનવબલિ !

'હેં ડીક ! ઇત્ઝેલ ક્યાં જતી રહી હશે ?' જમવાના ટેબલ પર પોલે હળવેથી મને પૂછ્યું.

'કદાચ ન પણ ગઈ હોય ! અબ્રાન અને રામીરોએ એને ક્યાંક મોકલી કે છુપાવી પણ દીધી હોય !' મેં કોઈ સાંભળે નહીં એમ ધીમેથી કહ્યું.

'કેમ ? એના પિતા એને શું કામ છુપાવી દે ?' પોલે પૂછ્યું.

'કાલે માનવબલિ વખતે જો ઇત્ઝેલ જીદ કરીને હાજર રહે તો આખો સમારંભ મોકુફ રાખવો પડે અને એ માટે રામીરોને જવાબદાર ગણવામાં આવે ! કેમ, તેં ગઈ કાલે બોલગેમના મેદાન પર એમની બંનેની વાત નહોતી સાંભળી ?' મેં કહ્યું.

'હમ્...મ્...મ્...!' પોલ વિચારમાં પડી ગયો.

એ જ વખતે રામીરો તેમજ અબ્રાન જમવાનું લઈને બહાર આવ્યા. અમે વાત બંધ કરી દીધી. હું એ બંનેનું વર્તન ધ્યાનથી જોતો હતો. બંને ચિંતામાં લાગતા હતા.

જમવાનું પતાવી અમે સૂવા પડ્યા. રામીરોના સગાના ઘરના સભ્યો પહેલા માળે અને અમે સૌ ભોંય-તળિયે સૂતા હતા. મને કોઈ વાતે ઊંઘ નહોતી આવતી. છતાં ઊંઘવાનો ડોળ કરતો હું એમ જ પડ્યો હતો.

અચાનક રામીરો અને અબ્રાન ઊભા થયા. રામીરોએ અમારા બધા સામે જોયું. અમે ઊંઘી ગયા છીએ એની એને ખાતરી થઈ એ પછી એ બંને હળવેથી બહાર જતા રહ્યા. હું થોડી વાર એમ જ પડ્યો રહ્યો. એ લોકો કમ્પાઉન્ડના દરવાજાની પણ બહાર જતા રહ્યા એ પછી હું બેઠો થઈ ગયો. પરંતુ મારી નવાઈ વચ્ચે પોલ, રોબર્ટ, જેક એમ બધા જ બેઠા થઈ ગયા ! એનો અર્થ કે બધા જાગતા જ હતા ! બહાર સ્ટ્રીટલાઇટના થાંભલા પરથી આવતા પ્રકાશને કારણે ઓરડામાં બધું ચોખ્ખું દેખાતું હતું.*

બધા મારી પથારી પાસે ભેગા થઈ ગયા.

'ડીક ! શું કરીશું ? કાલે આલ્બર્ટોને બચાવી શકાશે ?' રોબર્ટ બોલ્યો.

* રામીરોના કહેવા મુજબ એ જ વરસથી એ વિસ્તારમા લાઇટ આવી હતી.

'અને આલ્બર્ટોની એક ઉપાધિ ઓછી હતી જાણે, એમ ઇત્ઝેલ પણ ગૂમ થઈ ગઈ. હવે ઇત્ઝેલને પણ શોધવી તો પડશે જ ને ?' પોલ બોલ્યો.

'જુઓ !' મેં કહ્યું, 'રામીરો તેમજ અબ્રાન આપણને ન કહે ત્યાં સુધી ઇત્ઝેલને શોધવાનો પ્રયત્ન પણ આપણે ન કરી શકીએ ! હા, એ છોકરી એનું પોતાનું ધ્યાન રાખી શકે તેવી તો છે જ. એટલે એની ચિંતા કરવાની બહુ જરૂર નથી. કદાચ આવતી કાલે આપણને મદદરૂપ થઈ શકાય એટલા માટે પણ એ જતી રહી હોય ! એ જે હોય તે ! હવે રહી વાત આલ્બર્ટોની ! તો એને કઈ રીતે બચાવવો એ અંગે હું વિચારી રહ્યો હતો. માઇકલકાકા, અબાના, માતાદી, તમને કાંઈ સૂઝે છે ?' મેં પૂછ્યું.

એ બધા વિચારમાં પડી ગયા. થોડી વાર પછી માઇકલકાકા બોલ્યા, 'મારી પાસે એક ઉપાય છે. કાલે ડીક, હું તથા માતાદી કુકુલ્કાનના મંદિરે ઉત્સવ માટે જઈશું. એ વખતે અમારી પાસે ભરી રિવોલ્વર્સ હશે એ ઉપરાંત હું ધાબળામાં સંતાડીને રાઇફલ પણ લઈ લઈશ. અમે આલ્બર્ટોને લઈને મેરીડાના રસ્તે ભાગીશું. એ વખતે જેક, હેસ્લિંગ, રોબર્ટ, પોલ, અબાના તેમજ અબીરા ઘોડા સાથે તૈયાર રહેશે. બે રિવૉલ્વર એમની પાસે રહેશે. જેથી કાંઈ તકલીફ ઊભી થાય તો કામ લાગે. અમે આવીએ ત્યાં સુધી આ લોકો ત્યાં જ ઊભા રહી અમારી રાહ જોશે. પછી આપણે બધા ત્યાંથી મેરીડાના રસ્તે જતા રહીશું !' આટલું કહીને માઇકલકાકા અટક્યા.

અમને બધાને એમનો પ્લાન બરાબર લાગ્યો અને એ સિવાય બીજો કોઈ ઉપાય દેખાતો પણ નહોતો.

'પણ માઇકલકાકા ! માયા લોકો જો આપણો પીછો કરે તો ?' પોલે પૂછ્યું.

'તો પછી ન છૂટકે ગોળીબાર કરવાનો ! બાકી તો કોઈને પણ આપણાથી ઈજા ન થાય એનું ધ્યાન રાખવાનું. આપણે આ સુંદર પ્રદેશમાં ફરવા આવ્યા છીએ, લડાઈ કરવા નહીં એ યાદ રાખવું !' માઇકલકાકાએ જવાબ આપ્યો.

'શિ...ઈ...સ્...!' હેસ્લિંગે ઇશારો કર્યો. પોલ આગળ કાંઈ પૂછતા અટકી ગયો. બહાર કમ્પાઉન્ડના દરવાજા પાસે બે ઓળા ઊભા હતા. કદાચ રામીરો અને અબ્રાન જ હોય. અમે ઝડપથી પોતપોતાની જગ્યાએ જઈને સૂઈ ગયા.

અમારી ધારણા બરાબર હતી. એ અબ્રાન અને રામીરો જ હતા. બંને ધીમા ધીમા ગુસપુસ કરતા અંદર આવ્યા. એ શું વાત કરતા હતા એ સમજાતું

નહોતું, છતાં બંને ચિંતામાં હતા એ તો ખબર પડી જ જતી હતી, પરંતુ અમને ઉઠાડે નહીં ત્યાં સુધી અમારાથી પૂછી પણ કઈ રીતે શકાય ?

અચાનક અબ્રાન મારી પથારી પાસે આવ્યો. મને ઉઠાડતાં બોલ્યો, 'ડીક ! એય ડીક ! અમને થોડી મદદ કરીશ ?'

જાણે ગાઢ ઊંઘમાંથી ઊઠતો હોઉં એવો ડોળ કરતો હું ઊઠ્યો. આંખો ચોળતા બોલ્યો, 'કોણ અબ્રાન ? હા, બોલો, શું થયું ? હું શું મદદ કરું ?'

રામીરો અને અબ્રાન મને અંદરના ઓરડામાં જમવાના ટેબલ પાસે લઈ ગયા. અમે ત્રણેય ત્યાં જ બેઠા. રામીરોએ કાસા વાલ્ડુગા કાઢ્યો. એણે અને અબ્રાને પ્યાલા ભર્યા. મેં ફક્ત સાદું પાણી પીધું. પછી પૂછ્યું, 'હાં તો ભાઈઓ ! બોલો, મારી કઈ મદદની જરૂર છે ?'

'ડીક ! તારે એક તાર અમને અંગ્રેજીમાં લખી દેવાનો છે. અમારે એ આજે જ અર્જન્ટ મોકલવાનો છે. મારું તથા રામીરોનું અંગ્રેજી એટલું સારું નથી.' અબ્રાન ચિંતા ભર્યા અવાજે બોલ્યો.

'કેમ ? અત્યારે વળી કોને તાર કરવાનો છે ?' મેં પૂછ્યું.

'જો ડીક !' એક ક્ષણ વિચારીને અબ્રાન બોલ્યો, 'હાલ અમારા યુકાતાન પ્રદેશમાં અમેરિકન કોન્સ્યુલેટ જનરલ વૉલ્ટર ઑસ્ટિન છે. અહીંનો સમાજ સુધરે અને જૂના વહેમોમાંથી બહાર નીકળે એ માટે એ ખૂબ જ મહેનત કરે છે. જરૂર પડ્યે મેક્સિકોની સરકાર પાસે બળ વાપરવાની ફરજ પણ પડાવે છે. આ પ્રદેશના લોકો હજુ ચાક દેવતા પર ખૂબ જ શ્રદ્ધા ધરાવે છે એની પણ તેમને ખબર છે. એમાંય તે છેલ્લાં ત્રણ વરસથી આ વિસ્તારમાં વરસાદ થયો જ નથી એટલે માયા લોકો આવો ઉત્સવ ઉજવશે એની એને શંકા હતી અને કોઈ પણ ભોગે એ અટકાવવા કોશિશ કરશે જ !'

'કેવો ઉત્સવ ?' મેં પૂછ્યું.

'માનવબલિ ચડાવવાનો !' ન છૂટકે અબ્રાનને કહેવું પડ્યું, 'અને વૉલ્ટર ઑસ્ટિન એવું કાંઈ પણ બનતું અટકાવવા માંગે છે. ઉપરાંત અમેરિકન પ્રેસિડેન્ટ થિયોડોર રૂઝવેલ્ટની પણ કડક સૂચના છે કે આ વખતે આ પ્રાંતમાં આવું કંઈ પણ ન બનવું જોઈએ. મેક્સિકો સરકારને પણ તાકીદ કરવામાં આવી છે બાહકાબ (માયા ધર્મગુરુ) પર પુછાણ આવ્યું છે. અમે જો અત્યારે જ એમને ગળે ઊતરે એવો જવાબ નહીં આપીએ તો કાલે બપોરે મેક્સિકોની સરકાર

સૈનિકો મોકલશે. અનર્થ થઈ જશે ! બાહકાબ હતાશ થઈ જશે ! તમને લોકોને પણ ચિચેન ઇત્ઝાનો ઉત્સવ નહીં જોવા મળે !'

હું કાંઈ બોલ્યો નહીં. અમારે તો આવો ક્રૂર ઉત્સવ આમેય જોવો નહોતો.

મેં સરસ ભાષામાં અને ખૂબ ઓછા શબ્દોમાં તાર લખી આપ્યો. તારનો કાગળ અબ્રાનના હાથમાં આપતા મેં કહ્યું, 'ઇત્ઝેલ ક્યાં છે ? એનો પત્તો લાગ્યો ?'

અબ્રાને માથું હલાવી ના પાડી. પછી તારનો કાગળ લઈ બંને જણા ચિચેન ઇત્ઝાની તાર ઑફિસે જવા નીકળ્યા.

માઇકલકાકાના પ્લાન પ્રમાણે જ બીજા દિવસે આગળ વધવાનું નક્કી કરીને અમે સૂઈ ગયા. પરંતુ ઊંઘ્યા ત્યાં સુધી બધા એક જ વાત વિચારતા હતા કે, ઇત્ઝેલને કંઈ થયું તો નહીં હોય ને ?

*

સવારે બધા નિરાંતે ઊઠ્યા. માનવબલિ ઉત્સવ બપોરે છેક બે વાગ્યા પછી હતો. અબ્રાન અને રામીરો વારંવાર ઇશારાથી કંઈક વાત કરી લેતા હતા એમના મોઢા પર ભરપૂર ચિંતા દેખાઈ આવતી હતી.

'કેમ અબ્રાન ! કંઈ ચિંતામાં લાગો છો ?' જેકે પૂછ્યું.

'હા જેક ! મારો મિત્ર આ રામીરો ખૂબ જ ચિંતામાં છે, એટલે મને પણ ચિંતા થાય એ સ્વાભાવિક છે !' અબ્રાને રામીરો સામે જોતા કહ્યું.

'કેમ રામીરો ? આજના ઉત્સવ અંગે ચિંતા છે ? કે પછી ઇત્ઝેલ જતી રહી છે એટલે તમને બંનેને ટેન્શન રહે છે ?' મેં સીધું રામીરોને જ પૂછી લીધું.


રામીરો થોડીક વાર મારી સામે જોઈ રહ્યો. પછી બોલ્યો, 'જો ડીક ! ઇત્ઝેલ કરતા પણ અમને આજના ઉત્સવની વધારે ચિંતા છે. કાલે રાત્રે તેં લખી દીધેલ તાર અમે પાઠવી નથી શક્યા. તારની બધી જ લાઇનો બંધ છે. એટલે આજે કંઈક નવાજૂની થશે એવી બીક લાગે છે. જો મેક્સિકોની સરકાર વચ્ચે પડશે તો અમારા બાહકાબ ખૂબ દુઃખી થઈ જશે. અમારા દેવતા રાજી નહીં થાય અને આવતા બાવન વરસ સુધી અમારી પ્રજા દુઃખી રહેશે. અમેરિકન કૉન્સ્યુલેટ જનરલ વૉલ્ટર ઑસ્ટિન અમારી પ્રજાના રિવાજોને બદલી નાખવા માંગે છે !'

રામીરોની વાતમાંથી દુઃખ પ્રગટ થતું હતું. અમે બધા શાંત હતા. આમેય અમે એમાં કાંઈ પણ કરી શકીએ તેમ નહોતા.

બપોરના બે વાગ્યા. ઇત્ઝેલ હજુ નહોતી આવી.

અમે બધા તૈયાર થઈ ગયા. અમે થોડાક વહેલાં જઈને બલિવેદીની નજીક બેસી જવાના હતા. મોડા પડીએ તો કુકુલ્કાન દેવના મંદિર સુધી પણ ન પહોંચી શકાય એટલી ભીડ થઈ જવાની શક્યતા હતી. રામીરો તેમજ અબ્રાન થોડાક મોડા આવવાના હતા.

મંદિર તરફ જવાના રસ્તા પાસે અમે બે જૂથમાં વહેંચાઈ ગયાં. રોબર્ટ, પોલ, જેક, હેસ્લિંગ, અબીરા અને અબાના મેરીડા જવાના રસ્તે આગળ જઈ અમારી રાહ જોવાના હતા. હું, માઇકલકાકા તેમજ માતાદી ઘોડા પરથી ઊતરી ગયા. અમારા ઘોડાની લગામ અમે એ લોકોને સોંપી દીધી. પછી અમે બધા ચાલતા જ કુકુલ્કાનના પિરામિડ તરફ જવા નીકળ્યા.



માઇકલકાકાએ ધાબળા જેવું કપડું શરીર પર વીંટાળી લીધું હતું. એની નીચે એમણે રાઇફલ સંતાડી હતી. એ કપડાના કારણે એમના ગળામાં લટકતો કારતૂસનો હારડો પણ ઢંકાઈ રહેતો હતો. એ ઉપરાંત અમારા ત્રણેય પાસે

રિવૉલ્વર તો હતી જ. અમે મનોમન પ્રાર્થના કરતા હતા કે અમારે એના ઉપયોગની જરૂર ન પડે.

ઉત્સવ બરાબર બપોરના અઢી વાગ્યે શરૂ થવાનો હતો. અમે કુકુલ્કાનના પિરામિડ તરફ આગળ વધવાનું શરૂ કર્યું. આજુબાજુ પુષ્કળ માણસો હતા. નવાઈની વાત તો એ હતી કે હજુ પણ મેક્સિકોનાં જંગલોમાં વસતા માયા લોકોના તેમજ એમનાં બાળકોના માથા સપાટ જોવા મળતા હતા. બાળકનું માથું સપાટ થાય એ માટે એ લોકો નાનાં બાળકોના માથા પર પાટિયું બાંધી રાખતા.



અને ફાંગી આંખો કરવા માટે નાના બાળકની બે આંખની બરાબર વચ્ચે ચળકતો કે રંગીન પદાર્થ બાંધી રાખતા. આના કારણે ફાંગી આંખોવાળા ઢગલાબંધ માણસો જોવા મળતા હતા. ઘણા બધા લોકોના પગ પણ વાંકા હતા. સ્ત્રીઓના દાંત ઘસીને અણીવાળા બનાવેલા દેખાતા હતા. ઘણી સ્ત્રીઓએ દાંતમાં પોલાણ કરાવીને અંદર ઝવેરાત પણ લગાડાવ્યું હતું.

આ બધું જોતા જોતા અમે કુકુલ્કાનના મંદિર પાસે પહોંચ્યા.

અમે જ્યાં પહોંચી ગયા હતા ત્યાંથી આગળ સ્ત્રીઓને જવાની મનાઈ હતી. માયા યોદ્ધાઓ ગણાતા એ ચોકીદારો એમનો ખાસ પોશાક પહેરીને મંદિરની આસપાસ ગોઠવાઈ ગયા હતા. સ્ત્રીઓના જવાથી આખો ઉત્સવ બંધ રાખવો પડે એવી ખબર હોવાથી સ્ત્રીઓ જાતે જ કુકુલ્કાનના મંદિરને બદલે બોલગેમના મેદાન તરફ જતી રહેતી હતી. અમે હતા ત્યાંથી મંદિર લગભગ ત્રણસો ફૂટ દૂર રહેલી ઝાડીઓ પાછળ હતું. અમે પિરામિડ સુધી પહોંચીને ઉપરના પગથિયા પાસે બેસી ગયા. બલિવેદી સૌથી ઉપરના પગથિયા પર હતી. એક મોટા અને લગભગ અઢીએક ફૂટ ઊંચા પથ્થર પર બલિ ચડાવવાનો હોય તેને સુવડાવવામાં આવે અને ચાર જણ એના હાથ પગ પકડી રાખે એવી વ્યવસ્થા હતી.



આમ તો કબિલાની મુખ્ય વ્યક્તિ કે મુખી, મુખ્ય પૂજારી જે ચિલાનના નામથી ઓળખાય છે અને અન્ય બાહકાબ જેવા ધર્મગુરુઓને જ ઉપરના પગથિયે બેસવાની છૂટ હોય છે, પરંતુ રામીરો તેમજ બાહકાબના કારણે અમને ઉપરના પગથિયે બેસવાની છૂટ મળી હતી. રાજવંશ તેમજ અન્ય અમીર ઘરના લોકો અમારી પાછળ બેઠા હતા. રામીરો તેમજ અબ્રાન મારી જમણી તરફ તથા માતાદી તેમજ માઇકલકાકા ડાબી બાજુ બેઠા હતા. ચાક દેવતાના મહોરા પહેરી આઠ માયા યોદ્ધાઓ ચિલાનની પાછળ તેમજ બલિવેદીની આજુબાજુ ઊભા હતા. એ યોદ્ધાઓ ચિલાનના યોદ્ધાઓ તરીકે ઓળખાય છે એવું રામીરોએ કહ્યું.

બરાબર અઢી વાગ્યે સૌથી મોટા ધર્મગુરુ – ચિલાન ઊભા થયા. એમના તૈયાર થયા પછી જેમનો બલિ ચડવાનો હતો એ લોકોને લાવવામાં આવ્યા. એ બધાને ભૂરા રંગથી રંગેલા હતા. મેં જોયું કે એમાં આલ્બર્ટો પણ હતો. સૌથી પહેલો જ એ હતો. બીકથી એ ધ્રૂજતો હતો. એનો ચહેરો રડમસ હતો. એની માને બહાર જ રોકી દેવામાં આવી હશે, કારણ કે અહીં આજુબાજુ કોઈ સ્ત્રી દેખાતી નહોતી.

'ડીક ! આ ચિલાન બધાનો બલિ ચડાવશે ?' માતાદીએ ધીમેથી પૂછ્યું.

'ના ! હમણાં જ બલિ ચડાવવાવાળો એક ખાસ માણસ આવશે. એ નાકોમ તરીકે ઓળખાય છે. એ ઑબ્સિડિયન છરીથી બલિ ચડાવશે.' મેં જવાબ આપ્યો.

'ડીક ! તને નથી લાગતું કે આપણે આ બધાને છોડાવવા જોઈએ ?' માતાદીએ ફરીથી કહ્યું.

'મને તો થાય જ છે કે બધાને છોડાવી દઉં ! પણ આપણી પાસે પૂરતા હથિયારો અને શસ્ત્રસરંજામ નથી. વધી વધીને આપણે પંદર-વીસ માણસને મારી શકીએ. જ્યારે અહીં તો હજારો યોદ્ધાઓ છે. ઇજિપ્તની સફરે લઈ ગયા હતા એવું બૉમ્બ લૉન્ચર હોત તો વાત જુદી હતી. હવે તો જો કાંઈક ચમત્કાર થાય તો જ બધા બલિ ચડવાવાળા બચી જાય. હા, એમ છતાં આપણે બધા આલ્બર્ટોને બચાવવાની ભરપૂર કોશિશ કરીશું. બલિદાનનો સમય ખૂબ જ ઓછો હોવાથી યોદ્ધાઓ આપણી પાછળ આવવામાં સમય નહીં બગાડે. એટલી વારમાં આપણે આલ્બર્ટોને લઈને ભાગી જઈ શકીએ.' મેં ખૂબ જ ધીમા અવાજે માતાદીને પ્લાન સમજાવ્યો.

'પણ ડીક ! આપણે આલ્બર્ટોને કઈ રીતે બચાવીશું ? મને તો એ શક્ય બને એવું લાગતું નથી !' માતાદી થોડોક ગભરાઈ ગયેલો લાગતો હતો. એ નિરાશ અવાજે બોલતો હતો. જોકે સાચું કહું તો હું પણ થોડોક ગભરાયેલો તો હતો જ. પરંતુ જો બધા જ એમ હિંમત હારી જઈએ તો કામ ક્યાંથી થાય ? મેં માઇકલકાકા સામે જોયું. એમના મોં પર જરાકેય બીક નહોતી. એમની સામે જોઈને મને ઘણી શાંતિ થઈ.

બરાબર પોણા ત્રણ વાગ્યે સૂર્યનો પડછાયો મંદિરના ઉપરના પગથિયા પર પડ્યો. લોકોએ ભયંકર ચિચિયારીઓ પાડી, કારણ કે એ પડછાયો જાણે કે એક મોટો સાપ હોય તેમ ધીમે ધીમે એક પછી એક પગથિયું ઊતરતો જતો હતો. એ મંદિરની રચના જ એવી હતી કે ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બર એ બે દિવસોએ સૂર્યનો પડછાયો નાગના સ્વરૂપે ધીમે ધીમે નીચે ઊતરતો જાય અને પછી જમીન પાસેના છેલ્લા પગથિયે રહેલા પથ્થરના નાગને મળી જાય ! એ પછી પહેલો બલિ અપાય. ૯૧ પગથિયાં ઊતરતા એ સાપને જોવા દર વર્ષે ઘણા માણસો ત્યાં આવતા હોય છે. આ વખતે તો આ ઉત્સવ હોવાથી માયા સિવાયના પ્રવાસીઓને આવવાની મનાઈ હતી.

આલ્બર્ટોને ઊભો કરી બલિના પથ્થર પર ચત્તો સૂવડાવવામાં આવ્યો. એ જોરજોરથી રડતો હતો. સૂર્યનો પડછાયો હજુ અર્ધે જ પહોંચ્યો હતો. એવું જ લાગતું હતું જાણે એક મોટો નાગ ધીમે ધીમે પગથિયાં ઊતરી રહ્યો ન હોય !

નાકોમે પોતાની ઑબ્સિડિયિન છરી તૈયાર કરી. નગારાં જોરજોરથી વાગવા લાગ્યાં. હું, માઇકલકાકા તેમજ માતાદી પોત-પોતાની બંદૂકો સાથે તૈયાર થઈ ગયા. મારું હૃદય જોરજોરથી ધડકતું હતું. નાકોમને મારવાની જરૂર ન પડે તો સારું એવી મનોમન પ્રાર્થના કરતો હું ટટ્ટાર બેસી ગયો. આલ્બર્ટો અચાનક શાંત થઈ ગયો. એણે કદાચ પોતાના બચવાની આશા જ ખોઈ દીધી હતી. એ આંખ બંધ કરી ગયો હતો. કદાચ મૃત્યુની વાટ જોતો હોય. નાગનો પડછાયો છેલ્લા પગથિયે પહોંચ્યો. નાકોમે આલ્બર્ટોની પાસે જઈ છરી ઊંચી કરી. મેં રિવૉલ્વર બહાર કાઢી.

અચાનક ચિલાનનો પ્રભાવશાળી અવાજ સંભળાયો. એણે જમણો હાથ પણ ઊંચો કરેલો હતો. જોરજોરથી ચિચિયારીઓ પાડતી ભીડ સાવ શાંત થઈ ગઈ. નાકોમ અટકી ગયો. એનો હાથ નીચો થયો. આલ્બર્ટોએ આંખો ખોલી. લાગતું હતું કે ચિલાને નાકોમને અટકી જવાનું કહ્યું હતું.

નાકોમે ચિલાનને કંઈક પૂછ્યું. કદાચ એણે આમ અચાનક આ વિધિ અટકાવી દેવાનું કારણ પૂછ્યું હોય એવું બની શકે.

ચારે તરફની હવા સૂંઘતા સૂંઘતા ચિલાને કંઈક કહ્યું. મેં અબ્રાનની સામે જોયું. આ બધું શું છે એવું પૂછ્યું. અબ્રાને કહ્યું કે, 'ચિલાનને એવી શંકા પડી છે કે આ ભીડમાં ક્યાંક કોઈક સ્ત્રી હાજર છે અને સ્ત્રીની હાજરીમાં ચાક દેવતા તેમજ કુકુલ્કાન બલિ ન સ્વીકારે એવું માયા લોકો માને છે. એટલે હવે ભીડની તલાશી લેવામાં આવશે અને કોઈ સ્ત્રી મળી આવશે તો એને કઠોર દંડ આપવામાં આવશે.'


હું વિચારમાં પડી ગયો. થોડીક ચિંતા પણ થઈ આવી. કદાચ એ સ્ત્રી ઇત્ઝેલ હોય તો ?

બરાબર એ જ વખતે વિખરાયેલા વાળવાળી અને રોતી કકળતી એક સ્ત્રીને પકડીને માયા યોદ્ધાઓ લઈ આવ્યા. એને જોતા જ હું સમજી ગયો કે એ જુલિયાના હતી. પથ્થર પર સૂવડાવેલ આલ્બર્ટો સામે હાથ લાંબા કરી એ જોરજોરથી રડતી હતી. એ વારંવાર આલ્બર્ટોનું નામ લેતી હતી એ મને સ્પષ્ટ સંભળાતું હતું. નાકોમ અને ચિલાને એકબીજા સામે જોયું. બાહકાબ અને રામીરોએ પણ ચિલાન જોડે કંઈક વાત કરી. પછી એને દંડ આપવાના બદલે ત્યાંથી લઈ જવાનો યોદ્ધાઓને એમણે હુકમ કર્યો. એ લોકો જુલિયાના

લગભગ ઢસડતા જ લઈ ગયા. પૂરા પિરામિડની રચના જ એ રીતે કરવામાં આવી હતી કે નીચેના પગથિયે બોલાયેલા શબ્દો ઉપર ૯૧માં પગથિયે ઊભેલ વ્યક્તિ બરાબર સાંભળી શકે, એવું જ નીચે ઊભેલ વ્યક્તિને પણ ઉપરની બધી જ વાતો સ્પષ્ટ સંભળાય.*

ફરીથી નગારાં વાગવાના શરૂ થઈ ગયાં. નાકોમે ચિલાન સામે જોયું. ચિલાન હજુ અસ્વસ્થ દેખાતા હતા. હજુ એમની આંખો ચારે તરફ ફરતી હતી. કદાચ કોઈ સ્ત્રી ત્યાં હાજર હોવાની એમને હજુ શંકા હતી. એમણે બે ક્ષણ અટકી જવા માટે નાકોમને ઇશારો કર્યો. લોકો બધા ઘુસપુસ કરવા માંડ્યા. ઘરડા ચિલાનને હવે શું વાંધો છે એવું બધા પૂછતા હતા એમ અબ્રાને કહ્યું.

બરાબર એ જ વખતે ચિલાનની પાછળ ઊભેલ માયા યોદ્ધો આગળ આવ્યો. એણે ચાક દેવતાનું મહોરું પહેરેલ હતું. એના હાથમાં ઑબ્સિડિયનના ફણાવાળો ભાલો હતો. નાકોમ ચિલાન સાથે વાત કરી રહ્યા હતા. પેલા યોદ્ધાએ આલ્બર્ટોને ઊભા થવાનો ઇશારો કર્યો. એને પકડીને ઊભેલા ચારેય માણસોને એના બંધન છોડી નાખવાનું કહ્યું. પેલા લોકોએ આશ્ચર્ય સાથે આલ્બર્ટોના હાથ છોડી નાખ્યા.



ચાક દેવતાનું મહોરુ (માસ્ક)

ભીડ પણ સાવ શાંત થઈને આ બધું જોતી હતી. એ સમયે નાકોમે એ યોદ્ધાનો હાથ પકડી લીધો અને કંઈક પૂછ્યું. બધાની નવાઈ વચ્ચે એણે

* આ વાતનું રહસ્ય આજ સુધી ખબર નથી પડી !

પોતાનું મહોરું કાઢી નાખ્યું. લાંબા, કાળા વાળ એના ચહેરા પર ફેલાઈ ગયા. એક હાથે એણે વાળ આઘા કર્યા. નાકોમ પાછો હટી ગયો. એનું મોં પહોળું રહી ગયું !

'ઇત્ઝેલ ?!!' અમે ત્રણ તેમજ રામીરો તથા અબ્રાન થોડાક મોટા અવાજે બોલી ઊઠ્યા. ભીડમાં પાછી હો-હા શરૂ થઈ ગઈ. ચિલાન ઊભા થઈને બરાડા પાડવા લાગ્યા, પરંતુ ઇત્ઝેલ આરામથી આલ્બર્ટોનો હાથ પકડીને પગથિયા ઊતરવા લાગી. હું, માતાદી તેમજ માઇકલકાકા પણ એની પાછળ જ ચાલ્યા. સ્તબ્ધ થઈ ગયેલા ચિલાન, નાકોમ તેમજ લોકો કંઈ પણ કરવાને બદલે અમને પગથિયા ઊતરતા જોઈ રહ્યા !



લોલદુનની ગુફાઓ તરફ

અમે છેક નીચે ૯૧માં પગથિયે પહોંચી ગયાં એ વખતે આખા બનાવની ચિલાનને કળ વળી !* એણે જોરજોરથી બરાડા પાડવાનું શરૂ કર્યું. અમે ઝડપથી દોડીને બાજુની ઝાડીઓ તરફ ભાગ્યાં, પરંતુ પોતાના આખા ઉત્સવ પર પાણી ફરી જતું જોઈને લોકો તેમજ યોદ્ધાઓ બરાબરના ખિજાયા હતા. એ લોકોએ અમારી પાછળ દોટ કાઢી. એમનો ખરાબ મિજાજ જોઈને અમે ઝાડીઓ તરફ જવાને બદલે સીધા જ મુખ્ય રસ્તા તરફ દોડ્યાં. પણ ત્રણ ત્રણ દિવસથી આલ્બર્ટો ઊંઘ્યો નહીં હોય કે એણે પેટ ભરીને ખાધું પણ નહીં હોય, એટલે એ બરાબર દોડી શકતો નહોતો. વારંવાર ગબડી પડતો હતો. એને ઊભો કરી ફરીથી દોડાવતા અમારો જે સમય બગડતો હતો એના કારણે પાછળ આવતા લોકો તેમજ યોદ્ધાઓ ખૂબ નજીક આવી ગયા હતા.

'ડીક ! માતાદી ! ઊભા રહી જાવ !' માઇકલકાકાનો અવાજ સાંભળી અમે ઊભાં રહી ગયાં.

'તમારી રિવૉલ્વર કાઢો અને હવામાં ફાયર કરો. હું રાઇફલથી ફાયરિંગ કરું છું. જો જો ધ્યાન રાખજો ! કોઈને વાગવું ન જોઈએ !' એટલું કહી, માઇકલકાકાએ પોતાના શરીર પર વીંટેલો ધાબળો કાઢીને ખભા પર ગોઠવી દીધો. પછી એમણે રાઇફલ તૈયાર કરી.

લોકો તેમજ યોદ્ધાઓ હવે અમારાથી સોએક ફૂટના અંતરે આવી ગયા હતા. અમે આકાશ સામે બંદૂકો તાકીને એકસાથે ગોળીઓ છોડી. 'ધ...ડૂ...મ્મ...મ્મ...મ !' એક જોરદાર અને ગગનભેદી અવાજ થયો. માઇકલકાકાએ અવાજ વધારે થાય એવી ગણતરી સાથે જ જુનવાણી કારતૂસ જોડે લીધેલી !

માઇકલકાકાની આ યુક્તિ કામ કરી ગઈ. અમારી પાછળ આવતું ટોળું અટકી ગયું. એ જ વખતે એક યોદ્ધાએ ભાલાનો છુટ્ટો ઘા અમારી તરફ કર્યો.

* આખાય પિરામિડમાં કુલ ૯૧ પગથિયાં ચારે દિશાએ બનાવેલા છે. ચારે બાજુનો સરવાળો થાય ૩૬૪. ઉપરનું સૌથી મોટું પગથિયું ઉમેરતા કુલ ૩૬૫ થાય. વરસના કુલ દિવસો સાથે આ બાબત સામ્ય ધરાવે છે.

એના ભાલાને મેં હવામાં જ રિવૉલ્વર વડે તોડી નાખ્યો. પછી ઇત્ઝેલને કહ્યું કે આ લોકોને સમજાવે કે એમને ઈજા કરવાનો અમારો કોઈ જ ઇરાદો નથી. ઇત્ઝેલે મયન ભાષાંમાં એ લોકોને સમજાવ્યું. પરંતુ ચાક દેવતાને નારાજ કરવા કરતા મરી જવું સારું એવું દઢપણે માનતી એ પ્રજા જાણે કે સમજવા તૈયાર જ નહોતી. એ બધા દૂર જ ઊભા રહી જોરજોરથી કંઈક બૂમો પાડતા હતા.

'ઇત્ઝેલ ! શું કહે છે એ લોકો ?' મેં પૂછ્યું.

'એ લોકો કંઈ પણ સાંભળવા તૈયાર જ નથી. એમને આલ્બર્ટો પાછો જોઈએ છે !' ઇત્ઝેલ બોલી.

'તો પછી એ તો શક્ય નહીં જ બને ! આપણે હવે રાઇફલ તેમજ બંદૂકો એમની સામે તાકીને જ પાછા પગલે ચાલવા માંડીએ. રોબર્ટ, પોલ, જેક હેસ્લિંગ, અબીરા અને અબાના મેરીડા જવાના રસ્તે આપણી રાહ જોતા હશે.' મેં કહ્યું. પછી રાઇફલ તેમજ બંદૂકો પાછળ આવતા ટોળા તરફ તાકીને અમે પાછા પગે ચાલવાનું શરૂ કર્યું.

અમારી યુક્તિ સફળ થઈ. અમે ધીમે ધીમે દૂર થવા લાગ્યાં, પરંતુ માયા યોદ્ધાઓ જ્યાંના ત્યાં જ ઊભા રહી ગયા હતા. કોઈને પણ માર્યા વિના અને લોહીનું એકાદ ટીપું પણ વહાવ્યા વગર અમે આલ્બર્ટોને છોડાવવામાં સફળ થઈ ગયાં હતાં. જોકે મારા મનથી તો એ માટેનો સંપૂર્ણ યશ ઇત્ઝેલને ફાળે જતો હતો. એણે જે બહાદુરી બતાવી હતી અને જે ઉપાય કર્યો હતો એનાં વખાણ કરવાં જ પડે. એણે જો આવો ઉપાય ન કર્યો હોત તો અમારે બંદૂકો ચલાવવી જ પડત અને કોઈકને ઈજા કરવી જ પડત.

ઊંધા ઊંધા અમે માંડ છસોએક ડગલાં ચાલ્યાં હશું ત્યાં જ ભીડને વીંધતા આવી પહોંચેલા ચિલાન અને નાકોમ દેખાયા. નાકોમે હાથમાં હજુ ઑબ્સિડિયન છરી પકડી રાખી હતી. એ બંને જણાએ જોરજોરથી બરાડા પાડી, અમારી સામે હાથ ચીંધી લોકોને કંઈક કહ્યું. એમના શબ્દો તો મને ન સમજાયા, પરંતુ અચાનક લોકો જોરશોરથી બૂમો પાડવા લાગ્યા. નગારાંવાળા ત્યાં આવીને જોર જોરથી નગારાં વગાડવા લાગ્યા. બધાએ ઑબ્સિડિયન ભાલાઓ ઊંચા કર્યા. પછી આખા ટોળાએ અમારી સામે દોટ મૂકી.

હવે અમને મૂંઝવણ થઈ. રાઇફલ કે બંદૂકનો ઉપયોગ કરવાથી આ લોકોને ગંભીર ઈજા થવાની પૂરી શક્યતા હતી. મેં માઇકલકાકા સામે જોયું

અમે ફરીથી એક વખત હવામાં ગોળીબાર કરવા જતા હતા ત્યાં જ અમારી પીઠ પાછળથી ઘરઘરાટી સંભળાઈ. અમે લોકો માયા યોદ્ધાઓ તરફ જોઈને પાછા પગલે ચાલી રહ્યાં હતાં. એટલે પાછળથી શું આવે છે એના પર અમારું ધ્યાન જ નહોતું. અમે ફરીને જોયું તો આશ્ચર્યથી અમારી આંખો પહોળી થઈ ગઈ. મેક્સિકોના લશ્કરની ઢગલાબંધ ટ્રકો એક પછી એક કતારમાં આવી રહી હતી. એનો અર્થ એવો જ કે અમેરિકન કૉન્સ્યુલેટ જનરલ વૉલ્ટર ઑસ્ટિને આ ઉત્સવને રોકવા માટે મેક્સિકોની સરકારને ફરજ પાડી દીધી હતી !

અમે હુરિયો બોલાવ્યો અને સાઇડમાં ખસી ગયાં. ટ્રક્સ માયા લોકોના ટોળાની નજીક જઈને ઊભી રહી ગઈ. એમાંથી રાઇફલ્સ તેમજ લાઇટ મશીનગન્સ સાથે સૈનિકો ઊતર્યા. થોડીક વારમાં જ લગભગ પાંચસો જેટલા સૈનિકોએ અર્ધચંદ્રાકાર આકારમાં પોઝિશન સંભાળી લીધી.

ઘડીક પહેલા જ મરો કે મારોના જોશમાં રહેલા લોકો ઝાડીઓ તરફ ભાગવા લાગ્યા. સૈનિકો એમનું ફૉર્મેશન-પોઝિશન જાળવીને ધીમે ધીમે એ લોકો તરફ આગળ વધતા હતા. થોડીક વારમાં જ મોટાભાગના માણસો ભાગી ગયા. ફક્ત ચિલાન, નાકોમ, રામીરો અને બાહકાબ તથા અન્ય દસથી બાર જણ જ ઊભા હતા. અબ્રાન ક્યાંય દેખાતો નહોતો. લશ્કરની છેલ્લી ટ્રકમાં બેઠેલ ઑફિસરે અમારી જોડે બધી વાત કરીને હકીકત જાણી. એક પણ માણસનો વધ નહોતો કરાયો એ જાણી એમને ખૂબ જ ખુશી થઈ અને એમણે અમને સૌને શાબાશી આપી. પછી ચિલાન અને એમના સાગરિતોની ધરપકડ કરીને એ લોકો મંદિર તરફ ગયા.

એ જ વખતે જુલિયાના દોડતી આવી પહોંચી. હવે એને રોકવાવાળું કોઈ જ નહોતું. કહેવાતા મયન યોદ્ધાઓ પણ ભાગી ગયા હતા. દોડતી આવીને એ આલ્બર્ટોને ભેટી પડી. અનરાધાર રોઈ લીધા પછી એ અમારી તરફ ફરી. ઇત્ઝેલને ભેટીને એણે ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા. ત્યાર બાદ આલ્બર્ટોને કંઈક કહ્યું. કદાચ એને ન્યુવો પાછા જવા માટે કહ્યું હશે.

'નહીં મા !' હવે ઘણા સ્વસ્થ થયેલા આલ્બર્ટોએ અમે પણ સમજી શકીએ એ રીતે જવાબ આપ્યો, 'એક પણ વધ થયો નથી એટલે કૉન્સ્યુલેટ જનરલ વૉલ્ટર ઑસ્ટિન ચિલાનને ઝાઝો વખત કેદમાં નહીં રાખી શકે. થોડાક દિવસોમાં જ એ છૂટી જશે અને એ પછી પોતાના જ લોકો સામે એને શરમાવું

પડ્યું છે એ વાત એ ઘરડો ચિલાન ભૂલે એમ નથી. હવે એ ગુપ્ત સમારોહ યોજીને પણ પોતાનો ઇરાદો પાર પાડશે જ. એટલે ભલાઈ એમાં જ છે કે હું આ લોકો જોડે જ રહું. એમના સિવાય મને આ પ્રદેશમાં બીજું કોઈ બચાવી શકે તેમ નથી. એ બધા પાછા ફરશે ત્યારે હું પણ એમની સાથે કેનકુન જઈને પછી ત્યાંથી અમેરિકા જતો રહીશ. તું પાછી ન્યુવો જતી રહે. હું તને થોડા વખતમાં જ મિયામી બોલાવી લઈશ. તારી ટિકિટ તેમજ પૈસા પોસ્ટ દ્વારા મોકલીશ. એ પછી તું ચૂપચાપ નીકળી જજે !'

અમને તેમજ જુલિયાનાને આલ્બર્ટોની વાત બરાબર લાગી. ચિલાનના મોઢાના ભાવ જોતા એ માણસ બદલો લઈ શકે તેવો લાગતો જ હતો. અમે આલ્બર્ટોને જોડે જ રાખવાનું નક્કી કરી લીધું. ત્યાં જ પાછળથી બૂમ સંભળાઈ, 'હેય ડીક ! હેય માતાદી ! માઇકલકાકા ! બધા સલામત તો છો ને ? બંદૂકોના ધડાકા સાંભળીને અમે ભાગતા અહીં આવ્યા છીએ.' નજીક આવતા રોબ અને પોલે મોટા અવાજે અમને કહ્યું.

'હા રોબર્ટ ! પોલ ! અમે બધાં બિલકુલ સલામત છીએ ! અમને કં નથી થયું !'

'તો પછી બંદૂકના ધડાકાનો અવાજ કેમ આવ્યો હતો ?' જેકે પૂછ્યું.

'એ બધી વાત તમને અમે લોલટુન જવાના રસ્તે કરીશું. અત્યા આપણે નીકળી જઈએ. જો વૉલ્ટર ઑસ્ટિન ચિલાન પર કોઈ જ પગલાં ન ભરી શકે તો પછી દાઝે ભરાયેલ ચિલાન આપણી પાછળ એના માણસો જરૂરથી મોકલશે અથવા એ પોતે આવશે, એ પહેલા આપણે લોલટુન ગુફાઓ તરફ રવાના થઈ જઈએ !' મેં કહ્યું.

બધાએ મારી વાતને સ્વીકારી લીધી.

અમે ઝડપથી ઓક્ષકુટ્ઝકાબ તરફ ચાલવાનું શરૂ કરી દીધું. કેનકુન અમે જે ઘોડા લીધેલા એમાંથી બે ઘોડા – અબ્રાન તેમજ રામીરોના વ હતા. એમાં એક પર આલ્બર્ટોએ સવારી કરી. જ્યારે એક ઘોડો એમ અમારી પાછળ આવતો હતો. અમે બની શકે એટલી ઝડપે ભાગતાં હ કારણ કે જો લશ્કર વહેલું પાછું જતું રહે તો ચિલાન એના યોદ્ધાઓને આ શોધવા મોકલે એવી પૂરી શક્યતા હતી. ઇત્ઝેલ હજુ લોકલ તોલ્તેક લોકો જુદી નહોતી દેખાતી એટલે ન પણ પકડાય, પરંતુ અમે બધા તો તરત

નજરે ચડી જઈએ એમ હતું. ઉપરાંત આલ્બર્ટોના શરીર પર તો હજુ ભૂરો રંગ એમનો એમ જ હતો.

માઇકલકાકાએ પોતાના ખભા પર રાખેલો ધાબળો આલ્બર્ટોને આપી દીધો. એણે એ પોતાના શરીર પર વીંટાળી દીધો.

'ઇત્ઝેલ ! તેં આ બધું કર્યું કઈ રીતે ? અને આ બે દિવસ તું રહી ક્યાં હતી ?' પોલે પૂછ્યું. અમે અમારા ઘોડા ઇત્ઝેલની નજીક લઈ લીધા. અમને પણ એની વાત સાંભળવાની તાલાવેલી થઈ હતી.

ઇત્ઝેલ હસી પડી. પછી કહે, 'આ બે દિવસ હું એક હજાર સ્તંભના મંડપમાં બધી માયા સ્ત્રીઓ જોડે રોકાઈ હતી. મારું ઘર બાજુના જ નગર ઇઝમાલમાં છે. મારા દાદા તોલ્તેક લોકોના લશ્કરમાં હતા. એમની પાસે માયાના યોદ્ધા જેવો જ પોશાક હતો. ચાક દેવતાનું મહોરું પણ હતું જ. હું ગઈકાલે બપોરે જઈને એ બધું ઘરેથી લઈ આવેલી. સાંજ સુધીમાં એક હજાર સ્તંભના મંડપમાં પહોંચી ગયેલી. રાત ત્યાં જ રોકાઈ હતી. એક વાર મેં જુલિયાનાને રડતી કકળતી પણ જોઈ હતી. પરંતુ એ મને ઓળખી જાય તો તકલીફ પડી શકે, એટલે હું એનાથી દૂર જ રહી હતી.'

'પરંતુ ઇત્ઝેલ ! તું માયા યોદ્ધાઓ જોડે ભળી કઈ રીતે ગઈ ?' પોલને એ સાંભળવાની ખૂબ જ ઉતાવળ થઈ આવી હતી.

'એ વાત જ કહું છું પોલ ! મને ચિલાન અને એના આઠ યોદ્ધાઓ બપોરે ચાકમુલની કબર તરફથી આવશે એવી જાણ એક ઘરડી સ્ત્રીએ કરી હતી. એટલે હું બપોરથી જ ચાકમુલની કબરથી કુકુલ્કાનના મંદિર તરફ જવાના રસ્તા પર છુપાઈને બેસી ગઈ હતી. ચાકમુલની કબર અને મંદિરની બરાબર વચ્ચેનો રસ્તો સાંકડી કેડી જેવો છે. એના પર ઝાડી-ઝાંખરાં પણ ખૂબ છે. એ રસ્તા પરથી એકની પાછળ એક એમ એક-એક માણસ જ પસાર થઈ શકે એમ છે. એ રસ્તાની બાજુના એક ઝાડ પર હું દોરડાનો ગાળિયો તૈયાર રાખીને બેસી ગઈ. બરાબર બે વાગ્યા પછી ચિલાન નીકળ્યા. બે યોદ્ધા એમની આગળ અને છ એમની પાછળ ચાલતા હતા. છેલ્લો યોદ્ધો થોડોક ઘરડો અને થાકેલો દેખાતો હતો. એ બીજા કરતા થોડાંક ડગલાં પાછળ હતો. મને લાગ્યું કે એને હું ચોક્કસ વશમાં કરી શકીશ. મેં ગાળિયો તૈયાર કર્યો.'

'તો હેં ઇત્ઝેલ ! તને બીક ન લાગી ?' પોલે પૂછ્યું.

ઇત્ઝેલ અને સાથે અમે બધા પણ ખડખડાટ હસી પડ્યા. હસી લીધા પછી ઇત્ઝેલ બોલી, 'હા પોલ ! મને પણ બીક તો બરાબરની લાગતી હતી, પણ જુલિયાનાના આંસુ મને ગમે તે કરવા માટે હિંમત આપતા હતા. આલ્બર્ટો જેવા વિદ્યાર્થીનો ભોગ ચડી જાય એ તો મને પણ નહોતું ગમતું. એટલે જ એને ગમે તે ભોગે બચાવવા હું તૈયાર જ હતી, પરંતુ મારું કામ આપોઆપ જ આસાન થઈ ગયું. પેલા ઘરડા અંગરક્ષકનો પોષાક ઝાંખરામાં ભરાઈ ગયો. શસ્ત્રો બાજુમાં મૂકી એ કાઢવાની મથામણમાં એ બીજા બધા કરતાં સારો એવો પાછળ રહી ગયો. એ જ વખતે મેં ઉપરથી દોરડાનો ગાળિયો ફેંક્યો. પરંતુ ગાળિયો એના ગળામાં પડવાને બદલે મોઢામાં ફસાયો. હું ઝડપથી નીચે ઊતરી. મને માયાયોદ્ધાનો પોષાક પહેરેલો જોઈ, એ માણસ બૂમો પાડવાનું પણ ભૂલી ગયો. એમ કહું કે એ ગૂંચવાઈ જ ગયો. એ કાંઈ સમજે કે વિચારે એ પહેલા જ મેં એને હાથ પાછળ કરી જરાપણ અવાજ વગર ચૂપચાપ ઊભા રહેવાનું કહ્યું. નહીંતર મારી પાસે રહેલી છરી એની સગી નહીં થાય એવી ધમકી પણ આપી. મારો અવાજ સાંભળી એ વધારે મૂંઝાઈ ગયો. યોદ્ધાના પોષાકમાં એક સ્ત્રી હોય અને એ પણ ચાકમુલના ઉત્સવના સમયે એ વાત જ એ નહોતો માની શકતો. એ કોઈ પણ જાતના વિરોધ વગર ચૂપચાપ ઊભો રહી ગયો. એના હાથ બાંધી, મોંમાં ડૂચો મારી મેં એને એક ઝાડ સાથે બાંધી દીધો. પરંતુ એના હાથ એવી રીતે બાંધ્યા હતા કે કદાચ હવે તો એ છૂટી પણ ગયો હશે ! હું પછી ઝડપથી બાકી બધા યોદ્ધાઓની સાથે ચાલવા લાગી. એ સમયે મંદિરની ભીડ પાસે અમે પહોંચી ગયાં હતાં એટલે બાકી બધા યોદ્ધાઓનું ધ્યાન મારી તરફ પડવાને બદલે ભીડ તરફ જ હતું. એ પછીની વાત તો તમે બધા જાણો જ છો !'

ઇત્ઝેલે વાત પૂરી કરી. અમને એના માટે માન થઈ આવ્યું. એણે કેટલું મોટું જોખમ ખેડ્યું હતું એ અમે સમજી શકતા હતા, પરંતુ એની હિંમતનાં વખાણ જ કરવા પડે એવું અદ્‌ભુત સાહસ એણે ખેડ્યું હતું. અમે પણ આલ્બર્ટોને કદાચ છોડાવી શક્યા હોત, પરંતુ અમારે બંદૂક ચલાવવાની જરૂર પડી હોત. જ્યારે ઇત્ઝેલે લોહીનું એક ટીપું પણ પાડ્યા વિના આલ્બર્ટોને છોડાવી લીધો હતો. અમે બધા ખૂબ જ ખુશ હતા.

ઇત્ઝેલની વાત સાંભળી લીધા પછી અમે ઓક્ષકુટ્ઝકાબ તરફ ઝડપથી ભાગવાનું શરૂ કર્યું. ઘોડા પણ પાણીદાર હતા. જો આ ઝડપે અમે ચાલી

શકીએ તો લગભગ રાતના આઠેક વાગ્યે ત્યાં પહોંચી જઈએ. આલ્બર્ટો પણ હવે આઘાતમાંથી બહાર આવી ગયો હતો. એ છેલ્લા ત્રણેક દિવસથી ભૂખ્યો હતો. પોલે તથા રોબર્ટે એને પોતાના થેલામાંથી બિસ્કિટ્સ કાઢીને આપ્યા. ફરી એક વાર અમે એ ખાઈ રહે ત્યાં સુધી ધીમે ચાલવાનું નક્કી કર્યું. બીક જતી રહે પછી જ માણસને સાચી ભૂખ ઊઘડતી હોય છે. આલ્બર્ટો પણ અકરાંતિયાની માફક ખાઈ રહ્યો હતો. એણે ખાઈને પાણી પી લીધું એ પછી અમે ફરીથી ઘોડાઓને દોડાવવાનું શરૂ કર્યું. એ વખતે અંધારું થવા આવ્યું હતું.

ઇત્ઝેલ તેમજ આલ્બર્ટો અમેરિકાની વાતો કરતાં હતાં. અમારા ત્રણના ઘોડા જોડાજોડ દોડી રહ્યા હતા એટલે મને પણ એમની વાત સંભળાતી હતી. ઇત્ઝેલ એક મહિના પછી મિયામી ભણવા જવાની હતી. આલ્બર્ટો મિયામીમાં જ ભણતો હતો એ વાતની ઇત્ઝેલને ખૂબ ખુશી થતી હતી.

અમે ઘણું ચાલ્યા હતા. ઓક્ષકુટ્ઝકાબ હજુ લગભગ દસેક માઈલ દૂર હતું. અંધારું ઝડપથી વધતું જતું હતું. અજાણ્યા રસ્તા પર હવે એમ ને એમ આગળ વધવું તથા બે કલાક જેટલો સમય અંધારામાં મુસાફરી કરવી એ કરતા રાતવાસો ત્યાં જ કરી લેવો એમ વિચારી અમે ઊભા રહેવાનો વિચાર કરી રહ્યા હતા. એ જ વખતે બાયનોક્યુલરથી આજુબાજુ બધું જોયા કરવાની આદતવાળા હેસ્લિંગે બૂમ પાડી, 'હેય ! આગળ, થોડે દૂર એક મકાન જેવું દેખાય છે. એની ઉપર મને થોડોક પ્રકાશ દેખાયો છે. એની પાછળ એનાથી નાનું એક ઓસરિયું મકાન પણ દેખાય છે. અહીં જંગલમાં રહેવા કરતા ત્યાં પહોંચી જઈએ તો કેવું ?'

અમને એની વાત યોગ્ય લાગી. બધાએ વારાફરતી એ મકાનને બાયનોક્યુલરથી જોયું. લગભગ અર્ધોએક માઈલ દૂર એક નાનકડી ટેકરી પર એ આવેલું હતું. એની પાછળ થોડેક દૂર એક નાનું મકાન પણ હતું. ટેકરી પર હોવાના કારણે જ કદાચ એ જંગલની વચ્ચેથી પણ દેખાયું હોઈ શકે. અમે બધા એ ટેકરી તરફ ચાલવા લાગ્યા.

થોડી વાર પછી અમે વાંસ તેમજ માટીથી બનેલ એક મકાન પાસે આવીને ઊભા રહી ગયા. મકાનની આગળના ચોકમાં કોઈ નહોતું. આલ્બર્ટો દોડતા મકાનનો ઓટલો ચડી ગયો. એણે લાકડાના બારણાને ધક્કો માર્યો. ફાનસનો પીળો પ્રકાશ એના મોં પર પડ્યો. અંદરનું દૃશ્ય જોઈને એ ઠરી જ

ગયો હોય એવું લાગ્યું. એ ધીમે પગલે અમારી તરફ આવ્યો. પછી જાણે અત્યંત ગભરાઈ ગયો હોય એમ બોલ્યો, **'જુ-જુ હાઉસ ! (Ju-ju house)'**

અમે ત્યાં જ અટકી ગયા અને એકબીજાનાં મોઢાં જોવા લાગ્યા, કારણ કે અમને કોઈને ખબર નહોતી કે જુજુ હાઉસ એટલે શું ? પણ આલ્બર્ટોના કપાળ પર પરસેવો થઈ રહ્યો હતો જે અમને ચિંતા કરાવતો હતો.

અમે મૂંઝાઈને ઊભા રહી ગયા.



જુજુ હાઉસ અને વુડુ

આલ્બર્ટોનો ગભરાટ જોઈને અમે બધાં એ ઘરથી થોડા દૂર જતાં રહ્યાં.

'કેમ આલ્બર્ટો, જુજુ હાઉસ એટલે શું ? અને તું આટલો ગભરાઈ ગયેલો કેમ લાગે છે ?' મેં પૂછ્યું.

'જુજુ હાઉસ એટલે એવું મકાન કે જે વુડુ જાદુ માટે વપરાય છે. મૂળ આફ્રિકાથી આવેલ આ વુડુ જાદુ ખૂબ જ શક્તિશાળી હોય છે. સારું વુડુ અને ખરાબ વુડુ એમ બે પ્રકારનો જાદુ હોય છે. ઝુલુ અને નાઇજીરિયાના લોકો આ જાદુનો ખાસ ઉપયોગ કરતા. અત્યારે તો મકાનમાં કોઈ નથી. પરંતુ વુડુ જાદુગર આવી જશે તો...' આલ્બર્ટો આગળ બોલતા અટકી ગયો અને સામેની તરફ તાકી તાકીને જોવા લાગ્યો.

અમે એ તરફ જોયું. એક કાળો માણસ હાથમાં ફાનસ લઈને આવી રહ્યો હતો. શરીર પર એણે ફક્ત એક નાની પોતડી જ પહેરી હતી. અમે બધા અંધારામાં ઊભા હતા એટલે અમારી હાજરીનો એને ખ્યાલ જ નહોતો આવ્યો. જુજુ હાઉસમાં એ દાખલ થઈ ગયો. અમે બધા બેચાર ક્ષણ એમ જ ઊભા રહ્યા.

'શું કરશું આલ્બર્ટો ?' મેં પૂછ્યું.


'ઠીક ! આપણે એને મળવું તો પડશે જ, કારણ કે આ પ્રદેશમાં રાત્રે બહાર રહી જ ન શકાય. અહીં દીપડાનો ત્રાસ જોવા મળે છે. બહાર સૂઈએ તો ગુપચુપ કોઈને ઉપાડી જાય ! એ કરતા તો અંદર જઈને એ માણસને મળી જ લઈએ. જો સારો માણસ હશે તો આપણને મદદ કરશે. નહીંતર આપણે ઓક્ષકુટ્ઝકાબ તરફ ચાલતા થઈ જઈશું ! આમેય એ એકલો છે, એટલે આપણે બીવાનું પણ કોઈ કારણ નથી !' આલ્બર્ટોએ કહ્યું.

'પરંતુ જો આપણે બેમાંથી એકેય મકાનમાં ન રહીએ અને જુજુ હાઉસની સામે આવેલી ખુલ્લી જગ્યામાં સૂઈ જઈએ તો કેવું ? અને વારાફરતી ચોકી કરતા રહેશું, એટલે દીપડાની બીક પણ નહીં રહે.' પોલ બોલ્યો.

'એ વાત સાચી, પોલ ! પરંતુ ધારો કે આપણા આગળના અનુભવો મુજબ બધા એક સાથે સૂઈ ગયા તો ? એ કરતા તો એ જંગલી સાથે વાત કરી લેવી વધારે સારી ! આલ્બર્ટો સાચું જ કહે છે.' માતાદી બોલ્યો.

અમને એની વાત સાચી લાગી. અમે લોકોએ જુજુ હાઉસમાં જવાનું નક્કી કર્યું.

ધીમે ધીમે જુજુ હાઉસનાં બારણાં સુધી પહોંચીને અમે અંદર ડોકિયું કર્યું. અંદર જે દૃશ્ય જોવા મળ્યું તેનાથી અમારું હૃદય એક ધબકારો ચૂકી ગયું.



જુજુ હાઉસ

જુજુ હાઉસ અંદરથી ભયંકર લાગતું હતું. પચીસેક ફૂટ લાંબા એ એક ઓરડાના ઘરમાં બરાબર સામેની દીવાલ પર માણસની ખોપરીઓ લગાડેલી હતી. વચ્ચે વચ્ચે હાડકાં ગોઠવેલાં હતાં. બારણાની ડાબી તરફ પેલો જંગલી ઊભો રહીને એની સામેની દીવાલ તરફ જોઈ રહ્યો હતો. એની બાજુમાં લાકડાના પ્લૅટફૉર્મ જેવું બનાવેલું હતું. એના પર પણ માણસની ખોપરીઓ તેમજ હાડકાં રાખેલાં હતાં. જમીન પર એક ઑબ્સિડિયન તલવાર તેમજ બે ખોપરી પડી હતી. જમણી બાજુની દીવાલને અડીને બે ખોપરીઓ લાકડીમાં ભરાવીને જમીન પર ખોડી હતી. ફાનસના ઝાંખા પ્રકાશમાં આખું જ દૃશ્ય ભયાનક લાગતું હતું.

અમે એકબીજા સામે જોઈ રહ્યા.

એ જ વખતે પેલા જંગલીની નજર અમારા પર પડી. એ દોડીને બહાર જવા ભાગ્યો. સાથે જ એણે જોરથી બૂમ પાડી. એ ફરીથી બૂમ પાડે એ પહેલા માતાદી ઝુલુ ભાષામાં કંઈક બોલ્યો. પેલો જંગલી જુજુ હાઉસનાં બારણાં પાસે જ ઊભો રહી ગયો. એટલી વારમાં અબીરા તેમજ અબાના પણ એની પાસે પહોંચી ગયા. એ લોકોએ પેલા જંગલી જોડે ઝુલુ ભાષામાં વાતો કરવાની શરૂ કરી. થોડીક વાર એમ જ વાત કર્યા પછી એ માણસ ફાનસ ત્યાં જ છોડીને જે દિશામાંથી આવ્યો હતો એ તરફ જતો રહ્યો.

અમે માતાદીને પૂછ્યું કે એ માણસ શું કહેતો હતો ?

'અરે ડીક ! એ માણસ તો ઝુલુ નીકળ્યો !' માતાદીએ કહ્યું, 'ઘણા ઝુલુ લોકોએ નાઇઝીરિયન લોકોની માફક જ વુડુ અપનાવી લીધો છે. એ કહેતો હતો કે એના બાપદાદા મૂળ આફ્રિકાના રહેવાસી હતા. આજે રાત્રે અહીં વુડુમાં માનતા લોકોનો ઉત્સવ છે. એટલે એ રાતની તૈયારી માટે આવ્યો હતો. હવે આપણે અહીંયા આવ્યાં છીએ એ વાતની પોતાની વસતીમાં જાણ કરવા ગયો છે. એની વસતી સુધી પહોંચવા માટે ગીચ જંગલમાં લગભગ ત્રીસેક મિનિટનો રસ્તો છે, એટલે અંધારામાં આપણને હેરાન કરવા કરતાં એ જ બધાને થોડાક વહેલા બોલાવી લાવશે ! સાથે આપણા બધા માટે જમવાનું પણ લેતો આવશે !' માતાદી તો એના ગામનું કોઈક મળી ગયું હોય એટલો બહુ ખુશ થઈ ગયો હતો.

અમને બધાને પણ રાહત થઈ. આજના દિવસમાં જ બીજા કોઈ જોર ધમાલમાં ઊતરવાનું અમને જરાપણ મન નહોતું. અમે શાંતિથી જુજુ હાઉસના ઓટલા પર બેસી ગયા. જેક તેમજ હેસ્લિંગ જુજુ હાઉસની અંદર ફરીથી દાખલ થઈ અંદરની રચના જોવા ગયા.

'હેં આલ્બર્ટો ! તેં તો લોલટુનની ગુફાઓ જોઈ જ હશે ને ?' પોલે પૂછ્યું.

'ના પોલ ! એ નથી જોઈ. ન્યુવોની બાજુમાં આવેલી કોબાની ગુફાઓ જોઈ છે, પરંતુ લોલટુન જોવાનું બાકી જ છે.' આલ્બર્ટોએ જવાબ આપ્યો.

'પરંતુ તું એના વિશે જાણતો તો હઈશ ને ?' પોલે ફરીથી કહ્યું.

'ના !' આલ્બર્ટોએ કહ્યું, 'ખરેખર પોલ, હું બહુ બધું નથી જાણતો, પરંતુ એના વિશે કહેવાય છે કે આજના દિવસ સુધી કોઈને પણ એ ખબર

નથી પડી કે એ ગુફાઓની લંબાઈ-પહોળાઈ કેટલી છે ! ઘણી ગુફાઓમાં તો પાણી ભરેલું છે. લોકો કહે છે કે એ ગુફાઓમાંથી એન્ડિસની પર્વતમાળા તરફ અને ઇજિપ્ત તરફ ભોંયરાઓ દ્વારા જઈ શકાય છે. કોઈ મુસાફરો તેમજ પ્રવાસીઓ એવું સાહસ ન કરે એટલા માટે સરકારે અંદર અમુક અંતરથી આગળ જવાની મનાઈ ફરમાવી છે. એ ગુફાઓમાં આ અંગેના બોર્ડ ઠેર ઠેર મારેલા છે.*

'તો પછી આપણે એવી ગુફાઓ જોવા શું કામ જવું જેમાં સરકાર અમુક અંતરથી આગળ જવાની મનાઈ ફરમાવતી હોય ?' પોલ બોલ્યો.

અમને બધાને પોલની વાત સાચી લાગી. અમે બધા વિચારમાં પડી ગયા. એ જ વખતે જેક તેમજ હેસ્લિંગ બહાર આવ્યા. એમણે અમારી વાત સાંભળી લીધી હતી. હેસ્લિંગે અમારી વચ્ચે બેસતાં જ કહ્યું, 'પોલ, ડીક ! એ જ તો વાત છે !' પછી આજુબાજુ કોઈ અજાણ્યું તો નથી ને એવું જોઈ લીધા પછી એ આગળ બોલ્યો, 'ડીક ! માઇકલકાકા ! પોલ ! લોલટુનની ગુફાઓમાં સરકાર ભલે આગળ જવાની મનાઈ ફરમાવતી હોય, પરંતુ એમાં એવા રસ્તાઓ છે કે જેના દ્વારા આપણે ધરતીના પેટાળમાં ઊંડા ઊતરી શકીએ ! એ ગુફામાં ફક્ત ગુફા અને ભોંયરા સિવાય પણ બીજું કંઈક છે !'

'શું ?! બીજું કંઈક વળી શું ?!' અમે બધા એક સાથે બોલી ઊઠ્યા.

'અતાહુઆલ્પા નામના ઇન્કા લોકોના વડાએ સંતાડેલો ખજાનો છે ! ઘણા લોકો એવું માને છે કે એ ખજાનો એન્ડિસ પર્વતમાળામાં આવેલી કોઈક ગુફાઓમાં સંતાડાયો છે. પણ એવું નથી ! ઇન્કા લોકો પાસે ઓરડાઓ અને ગુફાઓ ભરીને સોનું હતું. અમુક એ લોકોએ એન્ડિસ પર્વતમાળા નીચે આવેલી ગુફાઓમાં સંતાડ્યું છે અને અમુક સોનું લોલટુનની ગુફાઓમાંથી પનામા તરફ જતા કોઈક ભોયરામાં ! અબ્રાનને આ ખબર હતી અને એટલે જ એણે આપણને લોલટુનની ગુફાઓ જોવા માટે બોલાવ્યા છે ! એન્ડિસ પર્વતમાળાની ગુફાઓમાં માદામ બ્લાવત્સ્કી નામની મહિલા, જેણે થિયૉસૉફિકલ સોસાયટીની રચના કરી છે. એણે ખૂબ તપાસ કરેલી પરંતુ એમને એ ખજાનાની ભાળ મળી શકી નહોતી ! અબ્રાન એવું માને છે કે આપણી મદદથી એ જરૂર સોનાથી ભરેલા ઓરડાઓ અને ગુફાઓ શોધી શકશે !'

* આજના દિવસે પણ આ ગુફાઓનો વિસ્તાર કેટલો છે એની ખબર પડી શકી નથી.

'કેમ આપણી મદદથી ?' પોલે પૂછ્યું.

'એ એટલા માટે કે અબ્રાને આપણી ઇજિપ્તની સફર અંગે સાંભળ્યું છે !'

'કોની પાસેથી ?' અમે ત્રણચાર જણ એક સાથે બોલી ઊઠ્યા.

'જેક પાસેથી ! એક વાર અબ્રાન કોકોની ખરીદી કરવા ઘાના આવેલો ત્યારે ઇજિપ્તની કંઈક વાત નીકળી હતી. એ પછી જેકે એને આપણા પ્રવાસની પૂરી વાત કરી હતી. એ વખતે એણે કોંગોનો ઉલ્લેખ પણ કરેલો. બંને વખત આપણે સફળ થયા હતા એટલા માટે અબ્રાન એવું માનવા લાગ્યો છે કે આ વખતે પણ આપણને સફળતા મળશે જ ! છેલ્લાં ચારસો વરસમાં ઘણા લોકોએ પ્રયત્નો કર્યા છે, પરંતુ કોઈને સોનું ભરેલા ઓરડાઓ કે ગુફાઓ અંગે કાંઈ જ ખબર પડી શકી નથી. સેંકડો માણસો તો પૃથ્વીની સપાટી પર પાછા પણ નથી આવી શક્યા !' હેસ્લિંગે વાત પૂરી કરી.

'પણ હેસ્લિંગ, અબ્રાન તો હવે આપણી જોડે નથી. તો શું કરીશું ?' જેક બોલ્યો.

'જુઓ, આપણને કોઈને પણ ખજાનો શોધવામાં જરાપણ રસ નથી. આપણે તો ફક્ત એ અદ્ભુત ગુફાઓ જ જોવી છે. એ ઉપરાંત મેં સાંભળ્યું છે કે...!' હું એક ક્ષણ માટે અટક્યો.

'શું ડીક ? તેં શું સાંભળ્યું છે ?' બધાએ એક સાથે પૂછ્યું.

'એ જ કે પૃથ્વીના પેટાળમાં વસતા માણસો સુધી જવાનો એક મુખ્ય રસ્તો લોલટુનની ગુફાઓમાંથી આગળ વધે છે !' લોલટુન આવવા પાછળનું મારું કારણ મેં જણાવ્યું.

'શું કહ્યું ? પૃથ્વીના પેટાળમાં વસતા માણસો ? તું ભાનમાં તો છે ને ડીક ? લાવારસની નીચે કોઈ રહી શકે ખરું ? ભાઈ મને તો આ વાત ગળા નીચે ઊતરતી નથી !' રોબર્ટ બોલ્યો. બાકી બધાના ચહેરા પરના ભાવો પણ એવા જ હતા. મને લાગતું હતું કે કોઈએ મારી વાત ગંભીરતાથી લીધી નથી. એટલે મેં એ અંગે વધારે વાત કરવાનું મુલતવી રાખ્યું.

એ જ વખતે ઇત્ઝેલ બોલી, 'મને લાગે છે કે મારા પિતા જરૂર મને શોધતા આવશે. એમને પણ આલ્બર્ટોનું બલિદાન અપાય એ પસંદ નહોતું. એટલા માટે જ એ આગળના દિવસે રામીરોને સમજાવતા હતા. મને ખાતરી

છે કે એ મારી પાછળ આવશે જ, કારણ કે એમને ખબર છે કે તમે લોકો લોલટુનની ગુફાઓ તરફ જશો જ !'

અમને ઇત્ઝેલની વાત સાચી લાગી, છતાં અમે બધા નવાઈમાં પડી ગયા. અમારા માટે આ નવું હતું. જેક તેમજ હેસ્લિંગે અમને આફ્રિકાથી મેક્સિકોની દરિયાઈ મુસાફરી દરમિયાન આ વાત કરી નહોતી એનું પણ આશ્ચર્ય થતું હતું. હજુ હું એ અંગે કંઈ પણ પૂછવા જાઉં એ પહેલા તો જુજુ હાઉસ તરફ આવી રહેલા નગારાના અવાજે અમને સૌને ઊભાં કરી દીધાં.

અમે સૌ ઊભા થયા એટલી વારમાં જ થોડી વાર પહેલા ગયેલો પેલો ઝુલુ માણસ એની વસતીના બીજા બધા લોકો સાથે આવી પહોંચ્યો. એની સાથે આવેલા લોકો રાંધેલા અનાજના તપેલા જોડે લાવેલા હતા. એ લોકોએ જુજુ હાઉસ સામે આવેલી ખુલ્લી જગ્યાની આસપાસ ખોડેલા વાંસડાઓ ઉપર મશાલો લગાડી દીધી.

એ લોકો રાતના ઉત્સવની તૈયારીઓ કરવા જુજુ હાઉસમાં ગયા. અમે બધા ખુલ્લા મેદાનમાં જમવા બેઠા. રાંધેલ ધાન અને બાફેલ શાકભાજી તથા મકાઈની રોટીનું ભોજન ખૂબ જ સ્વાદિષ્ટ હતું. માતાદી તેમજ અબીરા અને અબાનાને તો લાંબા સમય પછી ઘરના જેવું ભોજન મળ્યું હતું. એ ત્રણે જણે તો બરાબર દબાવીને ખાધું !

રાત હવે બરાબર જામી ગઈ હતી. વુડુ ઉત્સવ શરૂ થવાની તૈયારીઓ થઈ ગઈ હતી. માતાદી, અબાના તથા અબીરા ઉત્સવમાં ભાગ લેવાના હતા. અમે બધા જુજુ હાઉસની બહાર બેસીને જોવાના હતા.

ઉત્સવની શરૂઆતમાં બધાએ ઇનેમલના એક મોટા વાસણમાં ભરેલા ખાસ પાણી વડે હાથ ધોયા. એ પાણીમાં સુગંધી પાંદડાંનો રસ, જૈતુન જેવી વનસ્પતિનું તેલ તથા અમુક અજાણ્યાં ફૂલો નાખેલાં હતાં. માતાદીએ અમને પણ એમાં હાથ ધોવડાવ્યા. ઝુલુ લોકો માને છે કે એ પવિત્ર પાણીથી હાથ ધોવાથી ભવિષ્ય સારું બને અને ખરાબ તત્ત્વોથી રક્ષણ મળે. ત્યારબાદ નગારાં જોરજોરથી વાગવા લાગ્યાં. થોડીવાર નાચ્યા પછી માતાદી અમારી પાસે આવીને બેસી ગયો. એણે અમને સમજાવ્યું કે આપણા મનમાં એક પ્રાણી કે પક્ષી પડેલું હોય છે. વુડુના અમુક શબ્દો બોલવાથી આપણે એ પક્ષી કે પ્રાણી હોઈએ એવો અનુભવ થાય છે અને પછી અમુક કલાકો આપણા મનની એ જ સ્થિતિ રહે છે.

નગારાં જોરજોરથી વાગતાં હતાં. અમારા માટે તો એ બધાં દૃશ્યો રોમાંચક હતાં. અચાનક ઇત્ઝેલ ઊભી થઈ. એણે એક જંગલી પાસેથી લીલા રંગનો સૂપ ભરેલો વાડકો લીધો અને પી ગઈ. થોડી વારમાં જ એ જાણે ઊડતી હોય એમ હાથ હલાવતી ઝૂમવા લાગી. બધા જંગલીઓ સાથે એ પણ જોરજોરથી બોલતી હતી કે, 'ઓવો બાર્યે પોઉ નૉઉ !' માતાદીએ પેલા જંગલીને ઝુલુ ભાષામાં કંઈક પૂછ્યું. પછી અમારી તરફ ફરીને બોલ્યો કે આનો અર્થ થાય છે, 'અમારા માટે દ્વાર ખોલો !'

અચાનક ઇત્ઝેલના હાથ જોરથી હલવા માંડ્યા. એની આંખો લાલઘૂમ થઈ ગઈ. નગારાં અટકી ગયાં. ઇત્ઝેલ સિવાયના બાકીના લોકો બેસી ગયા. પેલા જંગલીએ માતાદીને કંઈક કહ્યું. માતાદીએ અમારી સામે ફરીને ધીમા અવાજે કહ્યું, 'ઇત્ઝેલના મનનું પક્ષી ગરુડ છે. એ જાગી ગયું છે. આવું ભાગ્યે જ બને છે. પરંતુ હવે ઇત્ઝેલ જે કંઈ બોલશે એ આવનારા દિવસોમાં બનશે એવું આ લોકો માને છે. ભવિષ્યના જે પ્રશ્નોના જવાબ તમે માંગશો એ જવાબો પણ એ આપશે.'

અમે નવાઈ પામી ગયા. ઇત્ઝેલ થોડી થોડી અમળાતી હતી અને આકાશ સામે જોઈને ગરુડ જેવો તીણો અવાજ કરતી હતી. ખબર નહીં શું કામ પરંતુ આ બધું જોઈને મારું હૃદય જોર જોરથી ધડકવા માંડ્યું હતું.

એક જંગલી ઊભો થયો. ઇત્ઝેલ સામે જઈને એણે જમીન પર માથું ટેકવ્યું. પછી કંઈક પૂછ્યું. ઇત્ઝેલ તરત જ જોરથી તીણા અવાજમાં કંઈક બોલી. પેલો માણસ ખુશ થઈ ગયો હોય તેવું લાગ્યું. માતાદીએ અમને બધાને સમજાવ્યું કે પેલાએ ઝુલુ ભાષામાં પૂછ્યું હતું કે વરસાદ થશે કે નહીં અને ઇત્ઝેલે ઝુલુ ભાષામાં જ જવાબ આપ્યો હતો કે ખૂબ જ થશે !

'શું કહ્યું ? ઇત્ઝેલે ઝુલુ ભાષામાં જવાબ આપ્યો ? ઇત્ઝેલ તો અહીં મેક્સિકોમાં મોટી થઈ છે. એ તો કહેતી હતી કે એને આફ્રિકા વિશે વધારે કશી જ ખબર નહોતી. તો પછી એને ઝુલુ ભાષા આવડી કઈ રીતે ?' પોલને ખૂબ નવાઈ લાગી.

માતાદીને પણ પોલના પ્રશ્નના જવાબની નહોતી ખબર ! એણે ફરીથી પેલા જંગલીને પૂછીને અમને જવાબ દીધો, 'પોલ, એ કહે છે કે જેનું અંદરનું પંખી જાગી જાય એને બધી જ ભાષા આપોઆપ આવડી જાય !'

અમે ચકિત થઈ ગયા.

અચાનક હેસ્લિંગ ઊભો થયો. ઇત્ઝેલ સામે જઈને પેલા જંગલીની માફક જ ઝૂક્યો. પછી એણે અમારી આખી ટોળકીના હવે પછી આવનારા દિવસો કેવા જશે એવું પૂછ્યું.

ઇત્ઝેલ થોડીક વાર આમથી તેમ અમળાઈ. પછી બોલી, 'પેટાળમાં જશો ! બધા જ ! ધરતીના પેટાળમાં ! અને હા ! કાલ સાંજ પછી ક્યારેય આ લોલટુનના વિસ્તારની ધરતી પર પગ નહીં મૂકો ! લોલટુનની ગુફાઓમાં જશો ખરા, પરંતુ એ ગુફામાંથી જ બહાર નીકળી શકો તો નસીબદાર. કદાચ એ ગુફાઓમાંથી તમે...!' ઇત્ઝેલ અચાનક જ બોલતી બંધ થઈ ગઈ.

'એટલે, એટલે ? અમે લોકો ગુફામાં જ રહી જઈશું ? ઇત્ઝેલ, બોલ તો ખરી અમે લોલટુનની ગુફાઓમાં જઈએ પછી શું થશે ?' આ વખતે ફક્ત હેસ્લિંગ નહીં, અમે બધા જ ઇત્ઝેલની પાસે પહોંચીને પૂછવા લાગ્યા. પરંતુ ગમે તે કારણ હોય, આમથી તેમ અમળાતી ઇત્ઝેલ જમીન પર સૂઈ ગઈ હતી અને લાગતું હતું કે એ ઊંડી ઊંઘમાં સરી ગઈ છે. કદાચ એણે પીધેલ લીલા રંગના સૂપની પણ એ અસર હોય. અમે બાઘાની જેમ એકબીજાની સામે જોવા લાગ્યા.

એ પછી સવારના ત્રણેક વાગ્યા સુધી ચાલેલા વુડુ ઉત્સવમાં અમને કોઈને જરાય રસ નહોતો રહ્યો. ઉત્સવ પત્યા પછી અમને લોકોને જુજુ હાઉસથી થોડે દૂર આવેલા બીજા એક પથ્થર-માટીના બનેલ નાનકડા ઘરમાં ઉતારો આપવામાં આવ્યો. અમે ત્યાં જઈને સૂવા પડ્યા. ઇત્ઝેલ તો એટલી ઊંઘમાં હતી કે એને ઊંચકીને લાવવી પડી.

અમને છોડવા આવેલ ઝુલુ લોકો ગયા પછી અમે સૌ આડા પડ્યા. મારા મનમાં વારંવાર એક જ વિચારો આવતો હતો કે ઇત્ઝેલ એવું શું કામ બોલી હશે ? અમે લોલટુનની ગુફાઓમાં ઊતરીએ પછી શું ક્યારેય ધરતી પર નહીં આવી શકીએ ? આમેય માણસોને રહસ્યમય રીતે ગાયબ કરી દેવા માટે એ ગુફાઓ જાણીતી જ હતી તો પછી અમારે એ પ્રવાસ મૂલતવી રાખવો ? પરંતુ એના માટે જ તો અમે આવ્યા હતા. લોલટુનની ગુફાઓ જ અમારા આકર્ષણનું કેન્દ્ર હતી, પરંતુ ઇત્ઝેલ જે અવસ્થામાં એ બોલી હતી એ ખોટું તો ન જ હોઈ શકે. મારા મનમાં વિચારોનું વાવાઝોડું ઊઠ્યું હતું. છતાં

પણ આખા દિવસની દોડધામથી શરીર થાક્યું હતું. એટલે ઊંઘ આવવાની તૈયારી લાગતી હતી.

ટક્... ટક્... ટક્...! બારણા પર ટકોરા પડ્યા.

આટલી રાત્રે કોણ હશે ? હું ઊભો થવા ગયો ત્યાં જોયું કે બધા જ હજુ જાગતા હતા. માઇકલકાકાએ રાઇફલ તૈયાર કરી. પછી હું હળવેથી બારણા પાસે ગયો. મનમાં એક જ વિચાર આવતો હતો કે આટલી રાત્રે કોણ હશે ?

ખૂબ જ ધીમેથી મેં બારણું ખોલ્યું પછી હું બાજુમાં ખસી ગયો. જેથી જે કોઈ અંદર આવે તે સીધું રાઇફલની સામે આવી જાય.

પરંતુ અમારી નવાઈ વચ્ચે ત્યાં કોઈ જ નહોતું ! અમે બધાં ફરીથી બારણું બંધ કરીને આડાં પડ્યાં. આ વખતે અમારી રિવૉલ્વર પણ તૈયાર રાખી હતી.

બારણા પર ફરીથી ટકોરા પડ્યા. આ વખતે એક ધીમો અવાજ પણ આવ્યો, 'ખોલો, ડીક ! ઇત્ઝેલ, હું અબ્રાન ! જલદી બારણું ખોલો !'

અમે બધાં સફાળા બેઠાં થઈ ગયાં. માતાદીએ મશાલ સળગાવી. અબ્રાનનો અવાજ ઓળખીને મેં તરત જ બારણું ખોલી નાખ્યું. વીખરાયેલા વાળ અને ઉજાગરાથી લાલઘૂમ આંખોવાળો અબ્રાન ઝડપથી અંદર દાખલ થયો. એણે બહાર કોઈ નથી ને એની ખાતરી કરીને બારણું બંધ કરી દીધું. પછી થોડી વાર નીચે પડેલી ઇત્ઝેલ સામે જોઈ રહ્યો. ત્યારબાદ આલ્બર્ટો તથા અમારી સામે જોઈને એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

એના રડવાનો અવાજ સાંભળી ઇત્ઝેલ જાગી ગઈ. અબ્રાનને વળગીને એ પણ રડી પડી. જોકે હજુ એ ઊંઘમાં જ હતી. થોડીવાર પછી ફરીથી એ ઢગલો થઈને નીચે સૂઈ ગઈ.

'તમે લોકો જલદી નીકળવાની તૈયારી કરો !' જરાક શાંત થતા અબ્રાન બોલ્યો.

'કેમ અબ્રાન ? કેમ જલદી ?' હેસ્લિંગે આંખો ચોળતા કહ્યું.

'ચિલાન અને તેના માણસોએ તમને બધાંને ગમે તે ભોગે ઝડપી લેવાનું નક્કી કર્યું છે. એ લોકો તમારું પગેરું દબાવતા આવતા જ હશે. આ તો મેક્સિકન સૈનિકોએ એમને ચારેક કલાક પૂછપરછ માટે પકડી રાખ્યા

એટલે તમે અહીં સુધી પહોંચી શક્યાં. નહીંતર એ લોકો તમને રસ્તામાં જ પકડી લેત. રામીરો પણ એ લોકો જોડે જ ભળી ગયો છે. એ કહેતો હતો કે એ મુખી છે અને માયા લોકોના રિવાજોનું રક્ષણ કરવું એ એની પહેલી ફરજ છે. એટલે ગમે તે થાય પણ ચાક દેવતા માટે નક્કી કરેલ દરેક માણસનો ભોગ ચડાવવાની એણે પણ ચિલાનની જોડે પ્રતિજ્ઞા લીધી છે. એ લોકો સાંજના ભોજન માટે રોકાયા એટલે હું આ તરફ આવતા એક ઘોડેસવારની જોડે બેસી ગયો. બાજુના ઝુલુ ગામમાંથી ખબર પડી કે તમે અહીંયા રોકાયા છો, એટલે હું અહીં આવી ગયો.'

'એ બધું તો બરાબર છે અબ્રાન, પરંતુ લોલટુનની ગુફાઓનો નકશો તો અમને આપી દો !' જેકે અબ્રાનને કહ્યું.

અબ્રાને જેક સામે જોયું. પછી જાણે માફી માંગતો હોય એમ કહ્યું, 'સૉરી જેક ! એ નકશો તો રામીરો પાસે રહી ગયો છે ! મને એના વિશે વધારે કાંઈ ખબર નથી. પરંતુ ૧૯ નંબર લખેલી ગુફામાં કાંઈક છે એવું એ કહેતો હતો. એમાં સોનું છે કે એમાંથી આગળ જવાનું છે એની પણ મને ખાતરી નથી. બસ, નકશા અંગે એટલું જ મને યાદ છે ! સવાર પડવા આવી છે. તમે બધાં હવે જલદી નીકળો. ચિલાન અને એના માણસો હવે થોડીવારમાં જ અહીં પહોંચી જશે !' અબ્રાન ઊભો થઈ ગયો. પછી બોલ્યો, 'રામીરો આવો નહોતો. મને લાગે છે કે અચાનક એનું આવું વર્તન થઈ જવાનું કારણ ચિલાન અને બાહકાબ હોઈ શકે. એ વરસોથી કોકોના ધંધામાં મારો ભાગીદાર રહ્યો છે. હું હજુ એકાદ વખત એને સમજાવવાનો પ્રયાસ જરૂર કરીશ, પરંતુ અત્યારે તો આપણે ભાગ્યા વિના છૂટકો જ નથી. બીજી સારી વાત એ છે કે ઇત્ઝેલને રામીરો સિવાય કોઈ ઓળખતું નથી ! એટલે એના કરતા પણ મને તમારી સૌની વધારે ચિંતા થાય છે.'

અમે બધાં પણ જલદી ઊભાં થઈ ગયાં. સવારના સાડા પાંચ વાગી ગયા હતા. સવારનું અજવાળું ખાસ્સું દેખાતું હતું. એ જ વખતે પેલો ઝુલુ માણસ અમારા માટે કૉફીનું વાસણ લઈને આવી પહોંચ્યો. અમે ઝટપટ કૉફી પીને એને અમારા જલદીથી રવાના થવા અંગે સમજાવી દીધું.

'ઇત્ઝેલ હજુ બે દિવસ આવી ઘેનભરી પરિસ્થિતિમાં રહેશે. ઇત્ઝેલને સાચવવાની જવાબદારી તમારા પર ન આવી જાય એટલે હું એને લઈ,

ઇઝમાલ જવાને બદલે તિકુલ, મુરા થઈને મેરિડા જતો રહીશ. ચિલાન કે રામીરો મેરિડા આવવાની હિંમત નહીં જ કરે, કારણ કે ત્યાં માયાને બદલે અમારા તોલ્તેક લોકોની મોટી વસતી છે. મારા પોતાના પણ ઘણા માણસો ત્યાં વસે છે. એટલે મારે હવે લોલટુન આવવું નથી. મને લાગે છે કે ચિલાન ત્યાં સુધી પીછો કરતો તમારી પાછળ આવશે જ. હવે આ જમેલામાં પડવા કરતા મારે મારા ધંધા પર ધ્યાન આપવું જોઈએ એવું મને લાગે છે. જેક, હેસ્લિંગ, મને માફ કરજો. તમને લોલટુનની ગુફાઓ જોવા માટે બોલાવ્યા પછી હું જ તમારો સાથ છોડી રહ્યો છું એનું મને દુઃખ છે, પણ હું આ બધા માયા લોકોને બરાબર જાણું છું. એ લોકો એકવાર જેની પાછળ પડી જાય તેનું મૂળ ખોદી નાખે એવા હોય છે. એટલે મારે એ લોકોની સાથે હવે માથાકૂટમાં નથી ઊતરવું. તમે લોકો લોલટુન જવા માગતા હો તો જઈ શકો છો, નહીંતર મારી જોડે મેરિડા આવતા રહો. ત્યાંથી તમે ગલ્ફ ઑફ મેક્સિકોના રસ્તે આફ્રિકા જતા રહેજો. ઇત્ઝેલને થોડોક સમય હું મેરિડામાં જ રાખીશ. પછી આવતા મહિને તો એ અમેરિકા-મિયામી ભણવા જતી રહેશે. ફરી એક વખત તમારી માફી માગું છું, અને તમને મારી સાથે મેરિડા આવવાનું આમંત્રણ પણ આપું છું !'

અબ્રાનનો અવાજ ભારે થઈ ગયો. અમને ફરવા બોલાવ્યા પછી હવે એ ખુદ અમને સાથ નહોતો આપી શકતો એનું ભારોભાર દુઃખ એના ચહેરા પર દેખાતું હતું. માયા લોકોનો સ્વભાવ જાણ્યા પછી અમને પણ એની વાત બરાબર લાગતી હતી. અમે ઝડપથી બહાર નીકળ્યા. માતાદી, અબાના તેમજ અબીરાએ અને અમે લોકોએ પેલા ઝુલુ માણસનો આભાર માન્યો. એને અને એની વસતીને ઉપયોગી થાય એ માટે મેં એને મારી પાસેથી પાંચ હજાર ડૉલરની થપ્પી આપી દીધી. એ ખૂબ ખુશ થઈ ગયો.

'અબ્રાન ! એક વાત પૂછી શકું ?' પોલે પૂછ્યું, 'રામીરો પોતાના ખભા પર એક થેલો ખૂબ જ સંભાળપૂર્વક રાખતો, એમાં શું હતું ?'

'ઑબ્સિડિયન છરી ! તમે નાકોમના હાથમાં એક ધારદાર ઑબ્સિડિયન છરી જોઈ હશે જ, એ રામીરોએ એને આપેલી. રામીરો એ છરી એના થેલામાં સાચવીને રાખતો ! બસ ! ભાઈઓ, હવે હું તમારી રજા લઉં અને તમે સૌ પણ જલદી જવાની તૈયારીઓ શરૂ કરો !' અબ્રાન બોલ્યો.

એ પછી એણે ઇત્ઝેલને માંડ માંડ ઉઠાડીને એક ઘોડા પર બેસાડી. બીજા ઘોડા પર એ પોતે બેઠો. એ હજુ ઘેનમાં જ હતી, પરંતુ અમે બધાએ એને પરાણે ઉઠાડીને એની વિદાય લીધી. ઇત્ઝેલ જતી રહે એ અમને કોઈને ગમતું નહોતું. પરંતુ પરિસ્થિતિ જ એવી ઊભી થઈ ગઈ હતી કે અમારે છૂટા પડવું જ પડે. ઘેનભરી આંખે ઇત્ઝેલે બધાને આવજો કર્યું. પછી એ લોકો જંગલના રસ્તે જ તિકુલ તરફ જવા નીકળી ગયાં. જતા પહેલા ઇત્ઝેલની પાસે જે ચાકમુલનું મહોરું હતું તેને અબ્રાને સાચવીને જુજુ હાઉસના ઓટલા પર મૂકી દીધું હતું.

અમે લોકોએ પણ ઘોડાઓ પર સામાન લાદી દીધો. એટલી વારમાં માઇકલકાકાની મદદથી આલ્બર્ટોએ પોતાના શરીર પરનો ભૂરો રંગ ખંખેરી નાખ્યો. એ પછી બધા ઘોડા પર સવાર થઈ ગયા. આ વખતે અમારી પાસે એક ઘોડો ઓછો હોવાથી અબીરા અને પોલ બન્ને એક ઘોડા પર બેઠા. એ બંને થોડા પાતળા હતા એટલે ઘોડાને વધારે તકલીફ ન પડે ! એ પછી અમે ઝડપથી લોલટુન તરફ જવા નીકળી પડ્યા. હવે અમે અમારો રસ્તો સહેજ બદલ્યો હતો. ઓક્સકુટ્ઝકાબ નગરને વીંધીને જવાને બદલે અમે એની ભાગોળે આવેલા જંગલમાંથી જવાનું નક્કી કર્યું હતું.

ઓક્ઝકુટ્ઝકાબથી અમે થોડાક જ માઈલ દૂર હતા. એટલે લગભગ પંદરેક મિનિટમાં એની ભાગોળે પહોંચી ગયા. ત્યાં એક ટેકરી પર બે ઘડી અટક્યા. હેસ્લિંગે પોતાની હંમેશની ટેવ પ્રમાણે બાયનોક્યુલર (દૂરબીન) કાઢ્યું. અમે જે રસ્તે આવ્યા હતા એ તરફ એ કંઈક ધારી ધારીને જોવા લાગ્યો. પછી જાણે ગભરાઈ ગયો હોય એમ એણે અમને દૂરબીન આપ્યું. એક પછી એક બધાએ એ દિશામાં જોયું. બધાના ચહેરા પર એક પ્રકારની બીક દેખાતી હતી. સૌથી છેલ્લે મેં દૂરબીન હાથમાં લીધું. અમે આવ્યા હતા એ દિશામાં માંડ્યું. મારું હૃદય પણ ઝડપથી ધબકવા માંડ્યું. જુજુ હાઉસની દિશામાંથી કાળો ડિબાંગ ધુમાડો આકાશમાં ચડી રહ્યો હતો. આગની બે-ચાર લપેટો પણ દેખાતી હતી. જુજુ હાઉસને કોઈએ આગ લગાડી હતી અથવા તો એમાં આગ લાગી હતી !



લોલટુનની ગુફાઓમાં !

જુજુ હાઉસમાં આગ લાગી હોય તો એનો મતલબ હતો ચિલાન અને એના સાથીઓ અમારું પગેરું દાબતા આવી રહ્યા હતા અને એમણે જ એ આગ લગાડી હોવી જોઈએ. સવારમાં કોઈ ઝુલુ ત્યાં હાજર નહીં હોય એટલે ચિલાનના માણસો જુજુ હાઉસને આગ લગાડી શક્યા હશે.

અમે અમારી ઝડપ વધારી દીધી. અમે લોલટુનની ગુફાઓથી હવે ફક્ત પાંચેક માઈલ જ દૂર હતા. આલ્બર્ટોના ચહેરા પર ભય દેખાતો હતો. એ બધાની આગળ રહેતો હતો.

બીજા અર્ધા કલાક પછી અમે લોલટુનની ગુફાઓનાં પ્રવેશ પાસે આવી પહોંચ્યા. થોડા જ દિવસોમાં ચોમાસું શરૂ થવાનું હતું એટલે કોઈ પ્રવાસીઓ દેખાતા નહોતા. અમે સામાન છોડીને અમારા ખભા પર લઈ લીધો. પછી ગુફાની બહાર આવેલા ઝાડ સાથે ઘોડાઓને બાંધીને ગુફામાં ઊતર્યા. હજુ તો ચૂનાના પથ્થરોથી બનેલી ગુફામાં ઊતરી એની ભવ્યતા તરફ નજર નાખીએ એ પહેલાં માઇકલકાકા ઝડપથી ગુફામાંથી બહાર નીકળીને દોડતા જતા રહ્યા. અમે બધા વિચારમાં પડી ગયા. માઇકલકાકા એકલા બહાર ગયા હતા એટલે મને ચિંતા થઈ. હું પણ દોડતો પાછળ ગયો. ગુફાના કાંઠા પર ચડીને મેં જોયું તો માઇકલકાકા ઘોડાઓને છોડીને જંગલ તરફ ભગાડી રહ્યા હતા. બધા ઘોડા દૂર દૂર જતા રહ્યા પછી હું તથા માઇકલકાકા દોડતા પાછા આવીને ગુફામાં ઊતરી ગયા. કાકા પોતાના હાથમાં વાંસની બનેલી બે-ત્રણ લાકડીઓ પણ લેતા આવ્યા હતા.

'કેમ કાકા ! તમે ઘોડાઓને કેમ છોડી મૂક્યા ?' ઊતરતાં ઊતરતાં મેં પૂછ્યું.


'જો ડીક ! ગુફાની બહાર ઘોડાઓને બાંધી રાખવા એ તો ચિલાન અને એના માણસોને આપણે ગુફામાં ગયા છીએ એ સામેથી જણાવવા જેવું લાગતું હતું. ચિલાનના માણસો જો આપણા ઘોડાઓનું પગેરું જોતા આવતા હશે તો એ લોકો કદાચ આ ભાગી ગયેલા ઘોડાઓની પાછળ જતા પણ રહે ! અને એવું થાય તો આપણે એ લોકો સાથે અથડામણમાં ઊતરવાનું ટળી જાય !'

મને કાકાની વાત બરાબર લાગી. અમે બંને ગુફામાં ઊતરી બધાની જોડે થોડીવાર બેસી ગયા. બેઠા બેઠા મેં ગુફાની ભવ્યતા તરફ નજર નાખી. સ્ટેલેગ્માઇટના ફુવારા જેવા સ્તંભો જોઈને નવાઈ પામી જવાય એવું એ દૃશ્ય હતું.



હેસ્લિંગે કાંકરો લઈને લટકતા એક સ્તંભ પર ફેંક્યો. જાણે કોઈએ પિત્તળનો ઘંટ વગાડ્યો હોય એવો મધુર અવાજ પેદા થયો. અમને બધાંને મજા આવી ગઈ. બધાંએ વારાફરતી એક એક કાંકરો ફેંકી જોયો. આખી ગુફા મધુર અવાજોથી ભરાઈ ગઈ. મુખ્ય ગુફા તેમજ આજુબાજુની ગુફાઓમાંથી પાછા ફરતા પડઘાઓથી સંગીતની મહેફિલ જેવું વાતાવરણ બની ગયું. માઇકલકાકા પાસેથી એક એક લાકડી લઈ માતાદી તેમજ અબીરાએ પણ એના વડે ઘંટ જેવો અવાજ કરી જોયો. બધાને મજા પડી ગઈ, પરંતુ એ અવાજ થોડોક શમ્યો ત્યારે અમને ખ્યાલ આવ્યો કે કોઈના બોલવાનો અવાજ બહારથી આવી રહ્યો હતો.

અમે ઝડપથી ગુફાની અંદરની તરફ ભાગ્યા. લોલટુન (માયા ભાષામાં લોલ એટલે ફૂલ અને ટુન એટલે પથ્થર)ની આ ગુફાઓ ખરેખર ખૂબ જ સુંદર હતી.



પરંતુ અત્યારે અમારી પાસે એની સુંદરતા જોવાનો સમય જ નહોતો. અમે ખૂબ જ ઝડપથી ગુફાના અંદરના ભાગ તરફ ભાગ્યા. અમને પેલા ઘરડા

ચિલાન અને એના માણસો જોડે ખોટા ઝઘડામાં ઊતરવાની જરાપણ ઇચ્છા નહોતી. અમે બધા લગભગ દોડતા હતા.

એકાદ કલાક એમ જ ઝડપથી આગળ વધ્યા પછી અમે એની જગ્યાએ આવી પહોંચ્યા જ્યાંથી બંને તરફ પાણી ભરેલી ગુફાઓ હતી અને આગળ એક અંધારું ભોયરું હતું.

'બોલો ભાઈઓ ! હવે શું કરીશું ? પાણીમાં થઈને આગળ વધવું છે કે પછી સામે દેખાતા અંધારા ભોંયરામાં જવું છે ?' મેં થાક ખાવા નીચે બેસતાં કહ્યું, 'કે પછી પાછા ફરીને બીજી ગુફામાં દાખલ થવું છે ?'

થોડીક વાર સુધી કોઈએ જવાબ ન આપ્યો. પછી માઇકલકાકા બોલ્યા, 'મને લાગે છે કે આપણે આ ભોંયરામાં જ જવું જોઈએ. પાછળ જઈશું તો ચિલાન અને એના માણસોનો કદાચ સામનો કરવાનો વખત પણ આવી શકે. ઉપરાંત કઈ ગુફામાં શું છે એ તો આપણને ખબર નથી ! આપણે લોલટુનની ગુફાઓ જોવા માટે જ આવ્યા છીએ, એટલે આપણા માટે તો આ ગુફા જોવી કે બીજી, બધું સરખું જ છે. એટલે અહીં સુધી આવી જ ગયા છીએ તો અહીંથી આગળ વધીએ. બીજા કોઈનો કાંઈ અલગ વિચાર હોય તો જણાવો !' એટલું કહીને એમણે આજુબાજુ જોયું. બાકીના કોઈને એમની વાત સામે વાંધો હોય એવું લાગ્યું નહીં. બધાએ એમની હામાં હા પુરાવતા હોય એમ માથું હલાવ્યું.

થાક ખાઈ લીધા પછી અમે અમારી પાસેની ખાલી થયેલી વૉટર બૅગ્સમાં બાજુની ગુફામાંથી ચોખ્ખું પાણી ભરી લીધું અને જેટલું બની શકે એટલું ઝડપથી અમે એ અંધારા ભોંયરા જેવી ગુફામાં પ્રવેશી ગયા.

'માઇકલકાકા ! માતાદી ! હાલ આપણે આપણી પાસે રહેલી ત્રણ ટોર્ચ એમ ને એમ જ રાખી મૂકીએ. અત્યારે ફક્ત હું અને માઇકલકાકા જ ટોર્ચ સળગાવીશું. હું આગળની તરફ ટોર્ચ ધરીશ જ્યારે માઇકલકાકા આજુબાજુની દીવાલોને જોવામાં એનો ઉપયોગ કરશે. બધાની ટોર્ચ એક સાથે વપરાઈ જાય એવું નથી કરવું. હું બધાની આગળ રહું છું, મારી પાછળ આલ્બર્ટો રહેશે અને માઇકલકાકા છેલ્લે રહેશે. બરાબર ?'

બધાએ 'બરાબર' કહ્યું. મેં મારા સામાનમાંથી ટોર્ચ કાઢી. એ સળગાવી હું બધાની આગળ થઈ ગયો. માઇકલકાકા બધાની પાછળ જતા રહ્યા. મારી પાછળ આલ્બર્ટો અને એની પાછળ બાકીના બધાએ ચાલવાનું શરૂ કર્યું.

અમે ચાલતા હતા એ ગુફા ધીમે ધીમે વિશાળ બનવા લાગી. પાછળથી આવતું થોડું થોડું અજવાળું પણ હવે દેખાતું બંધ થઈ ગયું હતું. અમારી ટોર્ચના પ્રકાશમાં ગુફા વધારે અંધારી અને બિહામણી લાગવા માંડી હતી. ગુફાની છત હવે દસ ફૂટ કરતાં પણ ઊંચી દેખાતી હતી.

અમારા શ્વાસના અવાજ સિવાય ભાગ્યે જ બીજો કોઈ અવાજ સંભળાતો હતો. ક્યારેક છતમાંથી ટપકતા પાણીનો અવાજ બીવડાવી દે એવો મોટો આવતો હતો. તો વળી ક્યારેક કોઈકનો પગ જમીન પર બનેલા નાના ખાબોચિયામાં પડવાથી ઊડતાં પાણીનો અવાજ ગુફાની શાંતિનો ભંગ કરી દેતો હતો.

એવી રીતે અમે લોકો લગભગ ત્રણેક કલાક ચાલ્યા હઈશું. હવે ગુફા ધીમે ધીમે જમીનમાં ઊંડી ઊતરતી જતી હોય એમ ઢાળવાળી બનતી જતી હતી. એવું લાગતું હતું કે જાણે અમે પૃથ્વીના પેટાળ તરફ જઈ રહ્યા હતા. વાતાવરણમાં એક બિહામણી શાંતિ અને ઠંડક હતાં. વરસોની બંધિયાર જગ્યામાંથી આવે એવી ભેજની વાસ પણ આવતી હતી. અમારી ટોર્ચનો શેરડો પણ આગળ અંધારામાં જઈને ક્યાંક ખોવાઈ જતો હતો.

'હેસ્લિંગ ! તારી પાસેના કંપાસ (હોકાયંત્ર)માં જોઈ લે તો, આપણે કઈ દિશા તરફ જઈ રહ્યા છીએ ?' મેં હેસ્લિંગને કહ્યું.

હેસ્લિંગે માઇકલકાકાની ટોર્ચના અજવાળામાં જોઈને કહ્યું કે અમે સૌ પશ્ચિમ દિશા તરફ જઈ રહ્યા હતા. એનો અર્થ કે જો હવે આ ગુફા થોડીક દક્ષિણ તરફ વળે તો અમે પનામા તરફ આગળ વધી શકીએ.

બીજા ત્રણેક કલાક એમ જ ચાલ્યા પછી અચાનક અમે ઝડપથી નીચે ઊતરવા લાગ્યા. ઢાળ એટલો વધી ગયો હતો કે અમારે એક તરફની દીવાલને સહારે ઊતરવું પડતું હતું. બાજુની દીવાલનો સહારો લેતા જ મને નવાઈ લાગી, કારણ કે ગુફાની શરૂઆતમાં હતી એવી ખરબચડી દીવાલને બદલે એ એકદમ સુંવાળી અને જાણે કોઈએ પથ્થરમાંથી કોતર્યા પછી બરાબર ઘસેલી હોય અથવા તો પ્લાસ્ટર કરેલી હોય એવી લાગતી હતી. એવું જ પગ નીચેના જમીનનું બન્યું હતું. હવે ખાબોચિયાવાળી ઊંચી નીચી જમીનના બદલે એકદમ સપાટ અને કઠણ જમીન લાગતી હતી. મોટાભાગે તો વરસોથી પડી રહેલી આવી અવાવરુ ગુફાઓમાં નાની વનસ્પતિ, વેલા કે શેવાળ થઈ જ ગયાં હોય

પરંતુ આ ગુફામાં એવું કાંઈ જ નહોતું. દીવાલો એકદમ જ કોરી હતી. હા, શરૂઆતના થોડાક માઈલ સુધી એ બધું હતું, પરંતુ હવે જાણે એ બધું જ બદલાઈ ગયું હતું.

માઇકલકાકાને આ અંગે વાત કરવા હું પાછળ ફર્યો. એ વખતે જ મારા હાથમાંથી ટોર્ચ નીચે પડી ગઈ. મારી ટોર્ચનો શેરડો અમે જે તરફથી આવ્યા એ દિશામાં પડતો હતો. મારી આગળની તરફ ઘોર અંધારું છવાઈ ગયું. હું ટોર્ચ લેવા વાંકો વળ્યો. એ જ વખતે મારી બરાબર પાછળ આવી રહેલ આલ્બર્ટો બોલી ઊઠ્યો, એમ કહું કે બૂમ પાડી ઊઠ્યો, 'ડીક ! માઇકલકાકા ! તમારી ટોર્ચ બંધ કરી દો અને પછી સામે જુઓ !'

અમે અમારી ટોર્ચ બંધ કરી દીધી. પછી સામેની તરફ જોયું. બરાબર અમારી સામેની તરફ ઘોર અંધારી લાગતી ગુફાના છેડે આછો લીલો પ્રકાશ દેખાતો હતો !

ઘડીક વાર અમે બધા ઊભા રહી ગયા. જેમ જેમ અમારી આંખ ટેવાતી ગઈ એમ એમ એ પ્રકાશ સ્પષ્ટ દેખાવા લાગ્યો હતો.

'માઇકલકાકા ! શું કરશું ? આગળ વધવું છે ?' મેં પૂછ્યું.

'જો કોઈને વાંધો ન હોય તો આગળ જ વધવું જોઈએ. આમેય હવે પાછા જવાનો કોઈ મતલબ પણ નથી !' માઇકલકાકા બોલ્યા, 'આપણે પંદરેક માઈલ જેટલું તો અંદર ચાલી ચૂક્યા હઈશું !'

'માઇકલકાકા ! ડીક ! એ શેનો પ્રકાશ હશે ? અને એનો રંગ લીલો કેમ છે ?' પોલે પૂછ્યું.

અમારા બધાના મનમાં પણ આ જ સવાલ ઘુમરાતો હતો. જમીનના પેટાળમાં લીલા રંગનો પ્રકાશ જોઈને નવાઈ લાગે એ પણ સ્વાભાવિક છે.

'કદાચ એ ફુલિશ ફાયર (Foolish fire) હોઈ શકે.' માઇકલકાકા બોલ્યા, 'પરંતુ અહીં તો બધી નક્કર જમીન છે. કળણવાળી કે ભીની ભેજવાળી જમીન હોય તો એ શક્ય છે. પરંતુ અહીં તો એવું કંઈ નથી. આજુબાજુની દીવાલો પણ જાણે સિમેન્ટનું પ્લાસ્ટર કરેલું હોય એવી જ છે. એટલે ફુલિશ ફાયરની શક્યતાઓ મને તો ઓછી જ લાગે છે.'*

* Foolish fire (Ignis Fatuus) : ફુલિશ ફાયર એટલે સડતી કે ભેજવાળી જમીનમાંથી પેદા થતો સલ્ફર પ્રકારના ગેસનો ભડકો. લીલા રંગનો હોય છે. આને માર્શ ગેસ પણ કહે છે. અંગ્રેજી લોકવાયકા મુજબ એ Will-o-the-wisp તરીકે પણ ઓળખાય છે.

અમે ઘડીક એમ જ ઊભા રહ્યા. ગુફાના આટલા ઊંડાણમાં આવી ગયાં પછી પાછા જવાનો પણ અર્થ નહોતો. થોડીવાર મસલત કરી, અમે આગળ વધવાનું નક્કી કર્યું.

પરંતુ આ વખતે અમે અમારી ટોર્ચ બંધ રાખી. સામેથી આવતો લીલો પ્રકાશ ધીમે ધીમે લીલાશ પડતો સફેદ બનતો જતો હતો. અર્ધો એક કલાક ચાલ્યા પછી અમને ખ્યાલ આવ્યો કે હવે ગુફાનો સામેનો છેડો નજીક આવતો જતો હતો અને લીલાશ પડતો સફેદ પ્રકાશ જમણી તરફથી આવી રહ્યો હતો.

'માઇકલકાકા ! આલ્બર્ટો ! મને લાગે છે કે થોડેક આગળથી ગુફા જમણી તરફ વળી જશે. આટલો બધો પ્રકાશ કઈ જગ્યાએથી આવે છે એ ત્યાં પહોંચ્યા પછી જ ખબર પડશે.' મેં કહ્યું. મારા હૃદયના ધબકારા વધી રહ્યા હતા.

'ઠીક ! ઊભો રહે ! હું આગળ ચાલું છું. તમે લોકો મારી પાછળ રહેજો.' માઇકલકાકા પાછળથી આગળ આવતા બોલ્યા.

'અરે કાકા ! પણ હું આગળ રહું એમાં શો વાંધો છે ?' મેં કાકાની વાતનો વિરોધ કરતા કહ્યું.

'નહીં ઠીક ! જમીનની અંદરની આ દુનિયા અંગે આપણે કોઈ કાંઈ જ જાણતા નથી. તમે સૌ હજુ નાના છો. તમારા કોઈનો જીવ જોખમમાં મૂકવા કરતા હું આગળ રહું તો મને વધારે ગમશે અને આ વાતને તમે મારો આદેશ પણ ગણી શકો !' કાકાએ અમને રીતસરનો હુકમ જ કરી દીધો.

એમની અમારા માટેની લાગણી તેમજ કાળજી જોઈને અમને આનંદ થયો. અમે એમને આગળ થવા દીધા. એમની પાછળ હું અને આલ્બર્ટો ચાલતા હતા. દૂરથી લીલો લાગતો પ્રકાશ હવે આછી લીલાશવાળો સફેદ બનતો જતો હતો. અમને હવે વગર ટોર્ચે પણ જમણી તરફ વળતી ગુફા દેખાઈ રહી હતી. સામેની દીવાલ હવે સ્પષ્ટ નજરે ચડતી હતી.

ગુફાના છેડાથી અમે લગભગ દસેક ફૂટ દૂર રહ્યા ત્યારે આગળ ચાલી રહેલ માઇકલકાકાએ અમને અટકી જવાનું કહ્યું. અમે બધા ઊભા રહી ગયા. એ પછી હાથમાં રાઇફલ પકડી રાખી કાકા પોતે એકલા ધીમે ધીમે ગુફાના છેડે પહોંચ્યા. ધીમેથી એમણે જમણી તરફ જોયું. અમે બધા ધડકતા હૈયે ઊભા હતા.

થોડી વાર એમ જ જોયા પછી કાકાએ અમને બધાને એમની પાસે આવવાનો ઇશારો કર્યો. અમે એમની પાસે પહોંચીને જે દૃશ્ય જોયું એનાથી અમે બધા આભા બની ગયા. અમે ઊભા હતા ત્યાં જ ગુફા પૂરી થઈ જતી હતી. ત્યાંથી આગળ વિશાળ જગ્યા શરૂ થતી હતી. દૂર સુધી જાણે એક વિશાળ સભાખંડ હોય એવી એ જગ્યામાં દીવાલોમાં લાગેલા સ્ફટિકો (Crystals)માંથી સહેજ લીલાશ પડતો સફેદ પ્રકાશ રેલાઈ રહ્યો હતો. એ સ્ફટિકો પોતે જ પ્રકાશ આપતા હતા કે કોઈ પ્રકાશને પરોક્ષ રીતે પરાવર્તિત કરતા હતા એ નહોતું સમજાતું. ચારે તરફ એક પ્રકારની ભેજયુક્ત ભીની વાસ આવતી હતી. શાંતિ તો એટલી બધી હતી કે અમારા પોતાના શ્વાસનો અવાજ સંભળાતો હતો. ઉપરની છત હવે લગભગ બસો ફૂટ જેટલી ઊંચી દેખાતી હતી.

'કાકા ! સાંજના ચાર વાગવા આવ્યા છે. શું કરવું છે ? આગળ વધવું છે કે અહીં જ મુકામ કરવો છે ?' મેં પૂછ્યું.

'હજુ એકાદ કલાક ચાલી નાખીએ ! હવે તો અંધારાનો ક્યાં સવાલ છે ? ચાલો, આગળ વધીએ !' માઇકલકાકા બોલ્યા.

અમે બધા આગળ વધ્યા. એ વિશાળ સભાગૃહ જેવી જગ્યામાં ક્યાંકથી પાણીના વહેવાનો અવાજ આવતો હતો. અમારું પીવાનું પાણી આમેય ખૂટવા આવ્યું હતું. એટલે અમે પાણીના અવાજ તરફ આગળ વધ્યા. પાણીનું એક ઝરણું એ વિશાળ ગુફાની દીવાલને અડકીને વહેતું હતું. અમે બધાએ ધરાઈને એ પાણી પીધું, પછી વૉટર બૅગ્સ ભરી લીધી. પછી એ ઝરણાની બાજુમાં જ અમે લોકો ચાલવા લાગ્યા.

'કાકા !' દબાતા અવાજે પોલ બોલ્યો, 'સાંભળો તો ! તમને કોઈનો અવાજ સંભળાય છે ?'

અમે બધા ઊભા રહી ગયા. ધ્યાનથી સાંભળતા જાણે બાજુમાં જ ક્યાંક દસેક જણ બોલતા હોય એવું લાગતું હતું. અમે બધા એમ જ ઊભા રહી ગયા. લોકોના બોલવાનો અવાજ ધીમે ધીમે મોટો થતો જતો હતો. અમે શ્વાસ રોકીને ઊભા હતા, પરંતુ જાણે અમારાથી ત્રીસેક ફૂટ સુધી આવીને એ અવાજ દૂર જવા માંડ્યો હોય એવું લાગ્યું. ધીમે ધીમે એ અવાજ સાવ બંધ થઈ ગયો.

'કાકા ! ડીક ! કોણ હશે એ બધા ?' પોલે પૂછ્યું. એના અવાજમાં રહેલી બીક સ્પષ્ટ જણાઈ આવતી હતી.

'કેમ ખબર પડે પોલ !' માઇકલકાકા બોલ્યા, 'ઘણી વખત આવી નિર્જન જગ્યાઓમાં આવો ભાસ થતો હોય છે. જોકે મને પણ કોઈ બોલતું હોય એવો ભ્રમ થયો જ હતો. જોઈએ, આગળ જે થાય તે, ખ્યાલ આવી જશે એ તો. અત્યારે તો આપણે એને ભ્રમ જ ગણી લઈશું !'

અમને બધાને પણ માઇકલકાકાની વાત બરાબર લાગી. થોડીવાર એમ જ ઊભા રહી અમે આગળ વધ્યા.

એકાદ કલાક ચાલ્યા પછી ઝરણું અદૃશ્ય થઈ ગયું. ગુફાની દીવાલમાંથી જ ક્યાંકથી એ આવતું હશે એવું લાગ્યું. અમે થોડાક પાછા ચાલીને ઝરણાના કાંઠે જ રાતનો પડાવ કરવાનું નક્કી કર્યું. લગભગ પંદરેક મિનિટ જેટલું પાછા ચાલ્યા પછી અમે ફરીથી ઝરણાને કાંઠે આવી પહોંચ્યા. આજુબાજુની જગ્યા આમ તો સાવ સાફ હતી જ, છતાં અમે સાફ કરી. એટલી વારમાં અબીરા, અબાના અને માતાદીએ સૂકી માછલી, ટોસ્ટ તેમજ ડ્રાયફ્રૂટ્સ ભેગાં કરીને મસાલો નાખીને સાંજની રસોઈ બનાવી નાખી. ગરમ રસોઈ બનાવી શકાય એવી તો કોઈ શક્યતાઓ ત્યાં હતી જ નહીં.

જમીને અમે બધા આડા પડ્યા. એ દિવસે સવારથી સતત ચાલતા હતા એટલે થાક ખૂબ જ લાગ્યો હતો. છતાં કોઈ પણ બે જણ જાગતા રહે એવું નક્કી કર્યું. વારાફરતી બબ્બે જણે જાગવું એવું નક્કી કર્યા પછી જ અમે સૂતા. માઇકલકાકા, અબાના તેમજ અબીરા જાગતા બેઠા. ખાસ તો કોઈના બોલવાનો અવાજ સાંભળ્યા પછી જ અમે આવો નિર્ણય લીધો હતો.

રાતના બે વાગ્યાની આસપાસ હું, રોબર્ટ તથા હેસ્લિંગ જાગ્યા અને માઇકલકાકા અને બાકીના બધા સૂઈ ગયા. સવારે પાંચ વાગ્યે પોલ તેમજ જેકને ઉઠાડીને અમે સૂતા. આલ્બર્ટો ઘણા વખતે ચિંતા વગરની ઊંઘ લઈ રહ્યો હતો એટલે એને અમે ન ઉઠાડ્યો.

'ડીક ! એય ડીક ! ઊઠ તો !' હજુ તો અર્ધોએક કલાક જ વીત્યો હશે ત્યાં જ પોલનો અવાજ આવ્યો. એ થોડોક ગભરાયેલો લાગતો હતો.

આંખો ચોળતો હું ઊઠ્યો ત્યાં સુધીમાં જેકે માઇકલકાકા અને બીજા બધાને પણ ઉઠાડી દીધા હતા. અમે બધા હજુ કાંઈ પણ પૂછીએ એ પહેલાં

પોલ તેમજ જેકે અમને ચૂપ રહી ધ્યાનથી સાંભળવાનો ઇશારો કર્યો. અમે બધા ચૂપ થઈને સાંભળવા લાગ્યા.

એ બિહામણી ગુફામાં થોડે જ દૂરથી ગીતનો અવાજ આવી રહ્યો હતો. જાણે પંદર-વીસ સ્ત્રી-પુરુષનું ટોળું એક સાથે કોઈ ગીત ગાઈ રહ્યું હોય એવું લાગતું હતું. અમારી બધાની ઊંઘ હવે પૂરેપૂરી ઊડી ગઈ હતી. ગીતનો અવાજ ધીમે ધીમે અમારી નજીક આવતો જતો હતો. અમે જરાપણ અવાજ ન થઈ જાય એની તકેદારી રાખીને બેઠા હતા. લગભગ એક કલાક સુધી એ ગીતનો અવાજ આવતો રહ્યો. એ પછી જાણે કે પોતાનું કામ પૂરું કરીને એ બધા પાછા જતા હોય એમ ગઈકાલ રાતની માફક જ એ અવાજ દૂર જતો રહ્યો. પરંતુ એ અવાજ કઈ તરફથી આવી રહ્યો હતો એ અમે બરાબર નોંધી લીધું હતું.

'માઇકલકાકા ! ડીક ! પૃથ્વીની અંદર આટલા નીચે કોઈ રહેતું હોય એવું બની શકે ખરું ?' પોલે પૂછ્યું.

'આમ તો એ શક્ય નથી, પરંતુ...' હું સહેજ અટક્યો. પછી બોલ્યો, 'હા, તમે લોકો જો મારી વાતને મશ્કરી ન ગણો તો કહું કે એ લોકો અગાર્થાના લોકો હોઈ શકે !'

'અગાર્થા ? એ વળી કઈ બલા છે ?' બધા એક સાથે બોલી ઊઠ્યા.

'એવું કહેવાય છે કે અગાર્થા એ પૃથ્વીના પેટાળમાં રહેલું બીજું વિશ્વ છે. જેનું પાટનગર શામ્બાલા છે. મેં એ અંગે ખૂબ જ વાંચ્યું છે ! આપણે અહીંયા આ વિશાળ ગુફામાં દાખલ થયા ત્યારથી મને એનો જ વિચાર આવે છે.' મેક્સિકોની ગુફાઓ સાથે જોડાયેલ આવી આવી તો કંઈક વાતો મેં સફર પર નીકળતા પહેલા વાંચી હતી. પરંતુ હું એ બધી વાતોને વહેમો જ ગણતો હતો. અથવા તો પરીકથાઓ જેવી જ માનતો હતો.

'ડીક ! તેં શું કહ્યું ? અગાર્થા ? હજુ આપણે થોડીવાર બેઠાં છીએ તો એ અંગે વાત કરને !' પોલે મને કહ્યું.

'જો પોલ ! મેં ઘણી બધી ચોપડીઓમાં વાંચ્યું છે કે પૃથ્વીના પેટાળમાં લાવારસ કે પીગળેલું લોખંડ કે એવું કંઈ જ નથી. પરંતુ એક બીજું વિશ્વ જ એમાં વસે છે. એ વિશ્વનું નામ છે અગાર્થા ! એના રહેવાસીઓની ઉંમર સેંકડો નહીં પણ હજારો વરસની હોય છે. એ વિશ્વની બરાબર વચ્ચે એક સૂર્ય

આવેલો છે. એ સૂર્યનો પ્રકાશ આછો લીલાશ પડતો સફેદ હોય છે. એમાં વિકિરણો ન હોવાના કારણે અગાર્થાના લોકોના જીન્સ (જનીન દ્રવ્ય)ને નુકસાન થતું નથી, જેના કારણે ત્યાં વસતા લોકો કોઈપણ જાતના રોગ વગર સદીઓ સુધી જીવી શકે છે. એ લોકોમાં વેરઝેર નથી હોતાં અને બધાં ખૂબ શાંતિથી અને આનંદથી રોજ કાંઈક નવું નવું શીખતાં જીવે છે.'

'તો હેં ડીક ! એનું પાટનગર – શું નામ કહ્યું તેં ? એ ક્યાં આવ્યું ?' હેસ્લિંગે પૂછ્યું. એ ગુફામાં પણ બાયનોક્યુલર લઈને ચારે તરફ જોઈ રહ્યો હતો !

'શમ્બાલા ! અગાર્થાનું પાટનગર છે શમ્બાલા. અને એવું કહેવાય છે કે એ હિંદુસ્તાનમાં આવેલ હિમાલય પર્વતમાળાની નીચે આવેલું છે. આ બધી ગુફાઓમાં કોઈક ગુફાઓ એવી હશે જેના દ્વારા તમે અહીંથી જ હિમાલય, ઇજિપ્ત કે અમેરિકા સુધી જઈ શકો ! પહેલાંના લોકો એક ભૂમિખંડ પરથી બીજા પર જવા માટે આવા ભૂગર્ભ રસ્તાનો ઉપયોગ કરતા !' મેં કહ્યું.

'હેં ડીક ! એના લોકો વિશે તેં કાંઈ વાંચ્યું છે ખરું ? ખબર હોય તો કહે ને ! મને તો ભાઈ તારી વાતોમાં મજા આવી ગઈ છે !' પોલે પોતાનો નિખાલસ અભિપ્રાય વ્યક્ત કર્યો.

'હા પોલ ! એ અંગે પણ મેં થોડુંક વાંચ્યું છે. અગાર્થાના રહેવાસીઓમાંના કેટલાક લગભગ બાર ફૂટ જેટલા ઊંચા હતા. એવા પડછંદ અને વિશાળ શરીરવાળા એ લોકો ખૂબ જ આનંદી હતા.'

હું હજુ મારી વાત પૂરી કરું એ પહેલા જ કોઈએ જોરથી બૂમ પાડી હોય એવો અવાજ સંભળાયો. અમે ફરી એક વખત ચૂપ થઈ ગયા. એ જ વખતે માઇકલકાકાએ અમારું ધ્યાન દોરતા હોય એમ ઇશારો કર્યો. પછી કહ્યું, 'ડીક ! પોલ ! માતાદી ! તમને કોઈને જમીનમાં ધીમી ધીમી ધ્રુજારી થતી હો[illegible] એવું લાગે છે ?'

અમે બધાએ અગાર્થાની વાતો બે ઘડી માટે ભૂલીને પગ નીચેની જમીન પર ધ્યાન આપવાનું શરૂ કર્યું. હેસ્લિંગ તો નીચે સૂઈ ગયો અને જમીન પ[illegible] કાન રાખીને સાંભળવા લાગ્યો. કાકાની વાત બિલકુલ સાચી હતી. જમીનમાંથી ધીમી ધીમી ધ્રુજારી તેમજ ઘરઘરાટી સંભળાતી હતી. એના લીધે ગુફામાં પડેલા મોટા મોટા પથ્થરો પણ ધ્રૂજી રહ્યા હોય એવું સ્પષ્ટ દેખાઈ આવતું હ[illegible]

'આ શેનો અવાજ હશે ? હવે આપણે શું કરવું જોઈએ કાકા ?' હું, પોલ અને રોબર્ટ એકસાથે બોલી ઊઠ્યા.

'ભાગવું જોઈએ !' ઊભા થઈ, પોતાનો સામાન ખભા પર ગોઠવતા માઇકલકાકા બોલ્યા !

અમને પણ એમની વાત બરાબર લાગી. આમેય છેલ્લા બાર કલાકથી બે રહસ્યમય ઘટનાઓ તો બની જ હતી. લોકોના અવાજો સંભળાવા કે ગીતો સાંભળવા એ તો હજુ ઠીક હતું, પરંતુ જો જોરદાર ધરતીકંપ આવી જાય તો આ ગુફા જ અમારી કબર બની જાય. અમે સૌએ ઝટપટ પોતાનો સામાન ખભે લઈ લીધો. પછી આગળ ભાગવાનું શરૂ કરી દીધું, કારણ કે પાછળ ભાગવાનો તો હવે અર્થ નહોતો. એક તો એ રસ્તે ગુફામાંથી બહાર નીકળતા એક દિવસ પૂરો નીકળી જાય એ અમે જાણતા જ હતા અને બીજું, ગમે તે કારણ હોય, પરંતુ લોલટુનની ગુફાઓમાં ભટકવાની લાલચ અમને એમ જલદીથી બહાર નીકળવા દે એમ પણ નહોતું !

જે જગ્યાએ પેલું ઝરણું જમીનમાં ગાયબ થઈ ગયું એનાથી માંડ બસો એક ફૂટ આગળ અમે ગયા ત્યાં જ ક્રિસ્ટલમાંથી આવતી લાઇટ લીલાશ પડતા સફેદમાંથી સાવ લીલી બની ગઈ. અમે ઊભા રહી ગયા. છેલ્લા કલાકોથી સંપૂર્ણપણે સ્થિર પ્રકાશ આપતા સ્ફટિકમાં થયેલા ફેરફારથી અમને થોડી ચિંતા પણ થઈ આવી. હજુ તો એ ફેરફાર અંગે હું કાંઈ બોલું એ પહેલા જ ગુફામાં ઘોર અંધારું થઈ ગયું. સ્ફટિકોમાંથી આવતો પ્રકાશ એની મેળે જ બંધ થઈ ગયો.

મેં ટોર્ચ સળગાવી. પહેલાની માફક જ હું આગળ, મારી પાછળ આલ્બર્ટો તથા છેલ્લે માઇકલકાકા એમ લાઇનમાં ઝડપથી ચાલવા લાગ્યા. મારી ટોર્ચ હવે ઝાંખી થવા માંડી હતી. થોડેક આગળ જઈને હું ઊભો રહી ગયો.

'કેમ ડીક ! શું થયું ? કેમ ઊભો રહી ગયો ?' બધા લગભગ એક સાથે બોલી ઊઠ્યા.

'આ વિશાળ ગુફા હવે પૂરી થાય છે. આગળ બે ફાંટા છે. એક તો સીધો અને બીજો ફાંટો જમણી તરફ જાય છે. બોલો, કઈ ગુફામાં જવું છે ? જમણી તરફની કે સીધી જતી ?' મેં પૂછ્યું.

'જમણી તરફની ! આપણે આવ્યા ત્યારે પણ જમણી તરફ વળતી ગુફામાં જ દાખલ થયા હતા !' બધાએ આશરે જ કહ્યું.

હું જમણી તરફની ગુફામાં વળવા જતો હતો ત્યારે જ મારી ટોર્ચ સાવ ઝાંખી થઈને બંધ થઈ ગઈ. મારી પાછળ આલ્બર્ટો અને એની પાછળ હેસ્લિંગ ચાલતો હતો. હેસ્લિંગ પાસેથી ટોર્ચ માંગવા હું પાછળ ફર્યો. જોયું તો હેસ્લિંગ સીધી જતી ગુફાની દીવાલ પર પ્રકાશ ફેંકીને કંઈક ધ્યાનથી જોઈ રહ્યો હતો. એણે ખિસ્સામાંથી નાનકડી ડાયરી કાઢીને કાંઈક નોંધ કરી.

અમારા પગ નીચે ધીમી ધ્રુજારી શરૂ જ હતી. નવાઈ એ હતી કે એ ધ્રુજારી ક્યારેક થોડીક ક્ષણો પૂરતી બંધ થઈ જતી હતી. હેસ્લિંગે લખી લીધું પછી એની ટોર્ચ મને આપી દીધી. એ જ વખતે જમીનની ધ્રુજારી થોડી વધી. અમે લોકોએ હવે ઝડપથી ચાલવાને બદલે દોડવાનું શરૂ કરી દીધું. થોડેક આગળ જતા ટોર્ચના શેરડામાં મને સોએક ફૂટ દૂર ગુફાની બાજુની દીવાલને અડકીને આવેલા પથ્થર પર કોઈક બેઠું હોય એવું લાગ્યું. આટલે દૂરથી સાવ સ્પષ્ટ તો નહોતું દેખાતું પરંતુ કોઈક કદાવર વ્યક્તિ ત્યાં બેઠી છે એવી ખબર તો પડી જ જતી હતી. મેં ઝડપથી ટોર્ચ બંધ કરી દીધી. પાછળ આવતા સૌને એકદમ ધીમા અવાજમાં ચૂપ રહેવાનું કહ્યું. અમે બધા લાઇનમાં દોડવાનું છોડીને ટોળું વળી ગયા.

'શું કરવું છે માઇકલકાકા ? આગળ વધવું છે ?' મેં અત્યંત ધીમા અવાજે પૂછ્યું.

'વધીએ જ ઠીક ! આમેય એ વ્યક્તિએ આપણી ટોર્ચનો શેરડો તો જોઈ જ લીધો હશે ! એટલે રાઇફલ તૈયાર રાખીને પણ ધીમે ધીમે આગળ તો વધીએ જ !' માઇકલકાકાએ કહ્યું.

એમના કહેવા પ્રમાણે અમે ધીમે ધીમે આગળ વધ્યા. આ વખતે માઇકલકાકા સૌથી આગળ હતા. અબીરા તેમજ અબાના એમની પાછળ અને અમે બધા એ પછી એમ ચાલતા હતા. માતાદી સૌની પાછળ હતો. એ પાછળની ગુફા તરફ જોતો જોતો ઊંધો ચાલતો હતો. એના એક હાથમાં ટોર્ચ અને બીજા હાથમાં માઇકલકાકા લાવ્યા હતા એ વાંસની લાકડી હતી.

પચાસેક ફૂટ જેટલું ચાલ્યા પછી અમે અચાનક જ અમારી પાસેની બધી જ ટોર્ચ એક સાથે સળગાવી. અમારી બરાબર સામે એક પથ્થરના ટેકે એક

કદાવર વ્યક્તિનું હાડપિંજર પડ્યું હતું. એના જૂના ફાટી ગયેલા કપડાને કારણે દૂરથી કોઈ માણસ બેઠું હોય એવું લાગતું હતું. અમે નજીક ગયાં. જોયું તો હાડપિંજર કોઈ રાક્ષસી માણસનું હોય એવું હતું. એની લંબાઈ લગભગ બાર ફૂટ જેટલી હતી !*

'ડીક ! માઇકલકાકા ! આવા બીજા રાક્ષસી માણસો અહીં હશે તો ?' પોલ બોલ્યો.

અમે સૌ ચૂપ થઈ ગયા. ગુફામાં શાંતિ છવાઈ ગઈ !



* લોલટુનની ગુફાઓમાંથી બાર ફૂટ લાંબા માણસોનાં હાડકાં તેમજ મેમોથ હાથીઓનાં હાડકાં પણ મળ્યાં છે.

અતાહુઆલ્પાની ગુફા !

અત્યાર સુધી અગાર્થા અને શમ્બાલાની મેં વાંચેલી વાતોને હું ખાલી કલ્પના જ સમજતો હતો, પરંતુ આ વિશાળ હાડપિંજર જોઈને મને હવે વિચાર આવતો હતો કે કદાચ આવું કોઈ જગત પૃથ્વીના પેટાળમાં હોઈ પણ શકે ! એમાંય પોલના પ્રશ્ને અમને બધાને વધુ વિચારતા કરી મૂક્યા હતા. આવા વિશાળ અને વિરાટ માણસોનો ભેટો ન થઈ જાય તો સારું એવું પણ મનમાં થતું હતું.

આટલા વખતમાં અમારા પગ નીચેની જમીનમાંથી આવતી ધ્રુજારી બંધ થઈ ગઈ હતી. અમે જે તરફથી આવ્યા હતા એ ગુફામાં ફરીથી લીલાશ પડતો સફેદ પ્રકાશ દેખાવા માંડ્યો હતો.

'ઠીક ! આગળ વધીશું ને ! આમ ચૂપચાપ ઊભા રહેવા કરતાં આગળ વધીએ તો કેવું ?' માઇકલકાકા બોલ્યા.

'બરાબર છે. આગળ વધીએ અને ગુફામાંથી બહાર નીકળી જઈએ.' મેં કહ્યું. પછી હેસ્લિંગ સામે ફરીને પૂછ્યું, 'હેસ્લિંગ, તું પેલી સીધી જતી ગુફાના પ્રવેશદ્વાર પર શું જોતો હતો અને તેં શેની નોંધ કરી હતી ?'

'ઠીક ! એ ગુફાના પ્રવેશદ્વાર પર એક વિચિત્ર નિશાની હતી. મેં એની નોંધ કરી લીધી હતી ! જો આ રહી !' હેસ્લિંગે એની નોંધ કાઢીને એના પર ટોર્ચનો પ્રકાશ ફેંક્યો. એ નિશાની હતી :

મને અબ્રાનની વાત યાદ આવી ગઈ. રામીરો ૧૯ નંબરની ગુફા અંગે કાંઈક વાત કરતો હતો એ પણ મને યાદ આવી ગયું. માયા લોકોની ગણતરીમાં આ નિશાની ૧૯ (ઓગણીસ)ના આંકડા માટેની છે એવું મને ઝાંખું ઝાંખું યાદ હતું. મેં માયા લોકોની ગણતરી કરવાની રીત સમજી શકાય એ માટે એના આંકડા મારી ડાયરીના એક પાના પર લખી લીધા હતા. ખરેખર આ ૧૯ નંબર જ છે કે નહીં એ જાણવા મેં પાનું કાઢ્યું.

0	1	2	3	4
5	6	7	8	9
10	11	12	13	14
15	16	17	18	19

માયા લોકોનાં ગણતરી માટેના આંકડા

મારી ધારણા સાચી હતી. માયા લોકોની ગણતરી પ્રમાણે આ ઓગણીસ (૧૯) નંબરની નિશાની જ હતી.

અમે બધા રોમાંચિત થઈ ગયા. એનો અર્થ કે રામીરો જે કહેતો હતો એ અતાહુઆલ્પાની ગુફા આ જ હતી !

'કાકા ! રોબર્ટ ! જેક ! જો પનામાને બદલે અહીંયા આવેલી ગુફા અતાહુઆલ્પાની હોય તો આપણે પાછા જઈને એમાં એક આંટો તો મારવો જ જોઈએ. આમેય ધરતીની ધ્રુજારી બંધ થઈ ગઈ છે. ઘણીવાર જમીનમાં આટલે નીચે પથ્થરોની મોટી શિલાઓના હલનચલનથી પણ આવી ધ્રુજારી થતી હોય છે. એ હવે અટકી ગઈ છે. એટલે ચિંતાની કોઈ વાત નથી. બોલો, જવું છે પાછા ?' મેં પૂછ્યું.

બધાએ થોડીવાર વિચાર કરીને પછી હા પાડી. અમે પાછા ફર્યા.

મુખ્ય ગુફામાંથી નીકળતા ગુફાઓના એ બે ફાંટા પાસે અમે આવી પહોંચ્યા. એ ગુફામાં હવે ફરીથી સ્ફટિકનો પ્રકાશ ફેલાઈ ગયો હતો. પેલી સીધી જતી ગુફાની ઉપર ૧૯નો આંકડો લખેલો હતો. મારી ટોર્ચમાં નવા સેલ નાખીને અમે ગુફામાં પ્રવેશી ગયા. જોકે સ્ફટિકમાંથી રેલાઈ રહેલા પ્રકાશને લીધે અમારે ટોર્ચની જરૂર નહોતી પડતી. અમને નવાઈ એ વાતની લાગતી

હતી કે ક્યાંય પણ હવાના આવવા જવાનો માર્ગ નહોતો દેખાતો છતાં પણ હવાની જરા પણ કમી નહોતી લાગતી !

ગુફા એકદમ સીધી જ આગળ જતી હતી. અમે લોકો પણ ઝડપથી ચાલતા હતા. અમારી પાસેની ઘડિયાળ બપોરના અગિયાર વાગ્યાનો સમય બતાવતી હતી. આજે અમે મેક્સિકોના કાંઠે ઊતર્યાં એ પછીનો સાતમો દિવસ હતો.

અમે લગભગ ત્રણ કલાક જેટલું ચાલ્યા હઈશું. હવે અમને થાક લાગી રહ્યો હતો.

'ડીક ! માઇકલકાકા ! હવે આપણે થોડીકવાર બેસીને થાક ખાઈ લઈએ. ભૂખ પણ બરાબરની લાગી છે !' પોલ તથા અબાના લગભગ એક સાથે બોલી ઊઠ્યા.

અમને બધાને થાક લાગ્યો હતો. અમે ત્યાં જ બેસીને થાક ખાવાનું નક્કી કર્યું. થોડોક સૂકો નાસ્તો પતાવી અમે ઝડપથી ફરી આગળ જવાનું શરૂ કરી દીધું.

લગભગ એકાદ કલાક ચાલ્યા પછી અમે એક દીવાલ પાસે પહોંચ્યા. હવે આગળ જવાનો કોઈ રસ્તો નહોતો. ગુફા ત્યાં જ પૂરી થઈ જતી હતી. સ્ફટિકના અજવાળામાં અમે જોયું તો ગુફાની એ દીવાલ પર આડા-ઊભા લીટા દોરેલા હતા. પરંતુ એમાં ક્યાંય પણ દરવાજો દેખાતો નહોતો તેમજ ત્યાંથી આગળ જવાનો રસ્તો નજરે પડતો નહોતો. અમે નિરાશ થઈ ગયા. એવું લાગતું હતું કે અમે અડધો દિવસ બગાડ્યો હતો. હવે એવું થતું હતું કે અમારે પાછા જવું જોઈએ.

'હેં ડીક ! આ અતાહુઆલ્પા રાજા હતા ? તેં આ પહેલાં એમના વિશે કાંઈક સમજાવેલું પણ હું ભૂલી ગયો છું અને એ પણ કહેને કે આપણને એની ગુફા જોવામાં શું કામ રસ છે ?' પોલે ગુફાની શાંતિનો ભંગ કરતા અચાનક સવાલ કર્યો.

હું પોલની બાજુમાં બેસી ગયો. દીવાલને ધ્યાનથી જોતાં જોતાં મેં પોલને કહ્યું, '૧૫૩૧ના વરસમાં પિઝારો નામના સ્પેનીશ માણસે દક્ષિણ અમેરિકાના પ્રદેશો જીતવાનું શરૂ કર્યું હતું. સૌથી પહેલા એણે પેરુનો પ્રદેશ જીતી લીધો હતો. એ પછી એ પનામા સુધી આવી પહોંચ્યો હતો. એ વખતે એની પાસે

ફક્ત ૩૦૦ યોદ્ધાઓ અને ૧૦૦ ઘોડા હતા. આ ઘોડા એ છેક સ્પેનથી વહાણમાં લાવેલો. એ વખતે ઇન્કા લોકોના વડાનું નામ હતું અતાહુઆલ્પા ! ૪૦,૦૦૦ ઇન્કા યોદ્ધાનું સૈન્ય ધરાવતા અતાહુઆલ્પાની ઇચ્છા હતી કે લોહિયાળ લડાઈ લડીને બંને પક્ષે ખુવારી કરવા કરતા પિઝારો જે માંગે એ આપી દેવું. પિઝારોએ સમાધાન માટે અતાહુઆલ્પાને ભોજન માટે બોલાવ્યા અને લુચ્ચાઈ કરી એને પકડી લીધા. એક મોટો ઓરડો ભરીને સોનું તેમજ ઝવેરાતના બદલામાં પોતે અતાહુઆલ્પાને છોડી દેશે એવું કહ્યું. ઇન્કા લોકોએ એને પોતાના ખજાનાઓમાંથી ઘણું બધું સોનું લાવી આપ્યું. એ પછી પણ અતાહુઆલ્પાને છોડવાને બદલે પિઝારોએ એમને મારી નાખ્યા !'

'તો પછી હેં ડીક ! ઇન્કા લોકોનું બધું જ સોનું તેમજ ખજાનો પિઝારોના હાથમાં આવી ગયા ?' પોલે પૂછ્યું.

'ના પોલ ! એ જ તો વાત છે ! પિઝારોને પણ આ વાત પછી જ સમજાઈ ! એને થયું કે જે ખજાનામાંથી ઇન્કા લોકો આટલું બધું ફટ દઈને આપી દઈ શકતા હોય તો પછી મૂળ ખજાનો તો કેટલો મોટો હશે ? એને પોતાને પણ પોતાની ભૂલ સમજાઈ. એ ઇન્કા લોકોની શોધમાં એમની પાછળ ભાગ્યો, પરંતુ એને ખ્યાલ આવ્યો કે બધા ઇન્કા લોકો હંમેશ માટે કોઈ ગુફામાં જતા રહ્યા છે. ઘણો વખત ભટક્યા છતાં એ એમને ન જ શોધી શક્યો. બધા ઇન્કા લોકો ગાયબ થઈ ગયા એટલે એમનો સાચો ખજાનો ક્યાં છે એ કોઈને ખબર જ ન પડી. બસ ત્યારથી લોકો અતાહુઆલ્પાની ગુફા શોધતા રહ્યા છે, પરંતુ કોઈના હાથમાં આજ સુધી એ આવેલ નથી !' મેં કહ્યું.

'તો ડીક ! તને લાગે છે કે આ ગુફા અતાહુઆલ્પાની હશે ? પનામા તો અહીંથી ઘણું દૂર છે ! આ કોઈ ભળતો જ ૧૯ નંબર હોય એવું ન બને ?' રોબર્ટે પૂછ્યું.

'બની શકે !' મેં કહ્યું. એ વખતે મેં જોયું તો હેસ્લિંગ બાયનોક્યુલર વડે દીવાલને ધ્યાનથી જોઈ રહ્યો હતો.


અચાનક એણે બૂમ પાડી, 'ડીક ! રોબર્ટ ! માઇકલકાકા ! જલદી, અહીં જુઓ તો !'

અમે બધાં એની પાસે પહોંચ્યાં. એણે અમને બાયનોક્યુલર આપ્યું. અમે બધાંએ વારાફરતી જોયું, પણ અમને કંઈ દેખાયું નહીં.

'એલા ભાઈ હેસ્લિંગ ! હવે તું જ કહી દેને કે તને એવું તો શું દેખાયું કે તું આમ જોરથી બૂમો પાડી ઊઠ્યો ?' માઇકલકાકા બોલ્યા.

'અરે કાકા ! ડીક ! જરાક ધ્યાનથી જુઓને ! દીવાલને ઉપરથી નીચે સુધી જોશો તો ખબર પડશે કે અમુક ટપકા તેમજ લીટા વધારે ઘાટા કાળા છે અને બાકીના ઝાંખા છે ! જોયું ? ફરી વાર જોઈ જુઓ !' હેસ્લિંગ બોલ્યો.

અમે ફરી એક વખત દીવાલને ધ્યાનથી જોઈ.



પોલે પાડેલો દીવાલનો ફોટો

હવે અમને ખ્યાલ આવ્યો કે એ દીવાલ પથ્થરની લીટા અને ટપકા દોરેલી સાદી દીવાલ નહોતી અને ચાર ટપકાં તેમજ ત્રણ લીટા મળીને ઓગણીસ (૧૯)નો આંકડો બનતો હતો એ પણ તરત જ અમારા ધ્યાનમાં આવી ગયું. (૧૯)

'માઇકલકાકા ! આ બધાનો અર્થ ઓગણીસ નંબરની ગુફા એમ જ થતો હોય એવું લાગે છે. પરંતુ આપણે એની મદદથી આગળ કઈ રીતે જવું ? અને પહેલાના માણસો આ બધી નિશાનીઓનો ઉપયોગ ગુફા ખોલવા માટે કઈ રીતે કરતા હશે ?' મેં કહ્યું.

અમે બધા વિચારમાં પડી ગયા. બધાએ કાંઈક કાંઈક તુક્કા લડાવી જોયા, પરંતુ સફળતા ન મળી. અચાનક હેસ્લિંગ બોલ્યો, 'ડીક ! માઇકલકાકા !

આપણે સાત જણ એક સાથે આ બધી નિશાનીઓ પર પથ્થર તેમજ લાકડીથી મારીએ તો ? માઇકલકાકા તેમજ માતાદી અને અબીરા પાસે લાકડીઓ છે એના વડે એ લોકો આડા લીટા પર મારે અને બાકીના આપણે ચાર જણ ગોળ ટપકા જેવા ભાગ પર જોરથી પથ્થર મારીએ. બોલો, અખતરો કરી જોવો છે ?' એણે અમારી સામે પ્રશ્નાર્થભરી નજરે જોયું.

અમે બધાએ બે મિનિટ વિચારીને એનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. આમેય બીજો કોઈ ઉપાય નહોતો તો પછી એક અખતરો આવો પણ કરી લેવો એમ નક્કી કરી માઇકલકાકા, અબીરા તેમજ માતાદી પોતાની લાકડીઓ આડા લીટાઓ જેવા ખાડાઓમાં રાખીને ઊભા રહી ગયા. હું, હેસ્લિંગ, જેક અને રોબર્ટ મોટા ગોળ પથ્થર લઈને તૈયાર ઊભા રહી ગયા. ઉપરનાં ટપકાંઓ સુધી પહોંચવા માટે અમે આજુબાજુ નીચે પડેલા મોટા પથ્થરો દીવાલ સુધી લાવી એના પર ઊભા રહી ગયા હતા.

પોલ દીવાલથી થોડો દૂર ઊભો રહી એક, બે અને ત્રણ બોલે એટલે અમારે કાળા નિશાન પર અને બાકીના ત્રણે જણે આડી પકડેલી લાકડીઓ પર જોરથી મારવાનું હતું. અમને કોઈને જરા પણ ખાતરી નહોતી કે આવા અખતરાથી કાંઈ ચમત્કાર થઈ શકે, છતાં પણ મારું હૃદય જોર જોરથી ધડકતું હતું. એક શક્યતા એવી પણ હતી કે ગુફા ત્યાં જ પૂરી થઈ જતી હોય અને એનાથી આગળ કંઈ પણ ન હોય ! છતાં કોશિશ કરવામાં શું વાંધો છે એમ ગણીને અમે લોકો આ બધું કરતા હતા.

પોલ બોલ્યો, 'એક !... બે !... ત્રણ !'

એ સાથે જ અમે બધાએ લગભગ એક સાથે કહી શકાય એવી રીતે જોરથી દીવાલ પર પથ્થર મારી દીધા. માઇકલકાકા, માતાદી અને અબાનાએ પોતપોતાની લાકડી પર મોટો પથ્થર માર્યો.

અમને એવું લાગ્યું કે જાણે દીવાલ હલી ! પરંતુ એથી વિશેષ કંઈ ન થયું.

'શું કરીશું માઇકલકાકા ? ફરી એક વાર આમ જ કરી જોઈએ ?' મેં પૂછ્યું.

'હોવે ! ચોક્કસ ! અને એમાં આપણે કાંઈ ગુમાવવાનું તો છે નહીં !' માઇકલકાકાએ જવાબ આપ્યો.

ફરી એક વખત પોલે એક, બે અને ત્રણ ગણ્યા. અમે ફરી એક વાર જોરથી દીવાલ પર પથ્થર મારી જોયા. આ વખતે પણ જાણે કે આખી જ દીવાલ હલી ગઈ હોય એવું લાગ્યું. પરંતુ એમાં કોઈ દરવાજો કે કાંઈ ખૂલ્યું નહીં. અમે બધા થાકીને નીચે બેઠા. ખૂબ જોરથી મારવાના કારણે અમારા હાથમાં ખાલી ચડી ગઈ હતી.

'માઇકલકાકા ! ડીક ! ત્યાં જુઓ !' હેસ્લિંગે બૂમ પાડી.

અમે જોયું તો બાજુની દીવાલમાં એક માણસ વાંકો વળીને જઈ શકે એવડું પોલાણ દેખાતું હતું !

એમાં અંદર અંધારું ઘોર હતું.

અમે ઊભા થઈ ગયા. એ પોલાણ પાસે જઈને મેં અંદર ડોકિયું કરી જોયું. કંઈ કરતાં કંઈ જ દેખાતું નહોતું. ભેજની તીવ્ર વાસ આવતી હતી. મેં ટૉર્ચ કાઢી. એના પ્રકાશમાં જોતાં જ ખ્યાલ આવી ગયો કે આ નાનકડા પોલાણ અને એક ટૂંકા રસ્તા પછી ગુફા ફરીથી પહોળી અને ઊંચી બની જતી હતી. પહેલા હું અને મારી પાછળ બાકીના બધા અંદર પ્રવેશ્યા. માઇકલકાકા, માતાદી તેમજ અબીરા બહાર રહ્યા. કદાચ કોઈ કારણથી એ પોલાણ બંધ થઈ જાય તો એ લોકો ફરીથી એને ખોલી શકે !

અમે સાત જણ ગુફામાં આગળ વધ્યા. પંદરેક ફૂટ વાંકા વાંકા ચાલ્યા પછી ગુફા ફરીથી વિશાળ થઈ ગઈ. ટૉર્ચના અજવાળે અમે સૌ આગળ વધ્યા. અર્ધોએક કલાક એમ જ ચાલ્યા પછી અચાનક હું ઊભો રહી ગયો. અમારાથી પચાસેક ફૂટ આગળ એક ઢગલો પડ્યો હતો. એ શેનો હતો એ ખબર નહોતી પડતી, કારણ કે એની આગળ બે મોટા પથ્થર હતા. બાજુમાં નાનકડી કેડી જેવી ચાલવાની જગ્યા હતી. વાતાવરણમાં ભેજ ઉપરાંત એક ન ગમે તેવી વાસ પણ ભરેલી હતી.

અમે ધીમા પડી ગયા. કદાચ એ ઢગલો ન હોય અને કોઈ હિંસક પ્રાણી હોય તો ? એ વિસ્તારમાં દીપડો હોવાની શક્યતા ખૂબ વધારે હતી. મારા એક હાથમાં ટૉર્ચ અને બીજા હાથમાં ભરેલી રિવૉલ્વર હતી. અમે નજીક પહોંચીને જોયું તો એ ઢગલાની જગ્યાએ પાંચથી સાત હાડપિંજર પડ્યાં હતાં. જાણે કોઈએ એમને મારીને એક જગ્યાએ ઢગલો કરી દીધો હોય એવું લાગતું હતું. નવાઈની વાત એ હતી કે એ બધા સામાન્ય માણસો જેટલી જ ઊંચાઈ

ધરાવતા હતા. બહારની ગુફામાં અમે જોયેલા રાક્ષસી કદના હાડપિંજરની સરખામણીમાં આ બધા ઘણી ઓછી ઊંચાઈવાળા હતા.

'રોબર્ટ ! સૌથી નીચે પડેલા હાડપિંજરના હાથમાં જો તો !' મેં કહ્યું, 'કોઈ કાગળ કે એવું કાંઈ છે ?'

રોબર્ટે સૌથી નીચેના હાડપિંજરના હાથ નીચે દબાઈ ગયેલા કાગળને જાળવીને બહાર કાઢ્યો. અમારી નવાઈ વચ્ચે એ કાગળ આ બધી ગુફાઓનો નકશો હતો. ઉપરાંત હવે અમે જે ગુફામાં હતા એના પર જ અતાહુઆલ્પાની ગુફા તરીકે નિશાની કરેલી હતી !

'તો એનો અર્થ એવો ખરો ડીક ! કે આપણે સાચી ગુફામાં જ છીએ ? અને અતાહુઆલ્પાનો ખજાનો પનામા નીચે હોવાને બદલે અહીં મેક્સિકોની ધરતી નીચે જ રહેલો છે એ સાબિત થઈ જાય છે ! પણ અહીં એ હશે ક્યાં ? અને બીજું આ પાંચ-છ જણનું મૃત્યુ કઈ રીતે થયું હશે ?' રોબર્ટ બોલ્યો.

'જુઓ, જુઓ, દૂર સામેના છેડા તરફ ! ત્યાં આછો લીલો પ્રકાશ દેખાઈ રહ્યો છે !' બાયનોક્યુલર આંખે લગાડીને ડાફોળિયા મારતો હેસ્લિંગ બરાડી ઊઠ્યો. અમે એના હાથમાંથી બાયનોક્યુલર લઈને વારાફરતી આંખે લગાડીને જોયું. ખરેખર ! દૂર ગુફાના છેડેથી આછો લીલો પ્રકાશ દેખાઈ રહ્યો હતો !

હાડપિંજરોને ભૂલીને અમે દોડવા જતા હતા ત્યાં જ મારી ટૉર્ચનો શેરડો સૌથી છેવાડે પડેલા હાડપિંજરની છાતી પર પડ્યો. એની છાતીમાં બરાબર વચ્ચે કોઈ અણીદાર પદાર્થ વાગ્યો હોય એવો ઘા હતો. છાતીના વચ્ચેના હાડકાને અડકીને આવેલી બીજા અને ત્રીજા નંબરની પાંસળીના છેડા તૂટી ગયેલા હતા ! બીજાં બે હાડપિંજરોને અમે ઊલટાવી જોયા. એમની છાતીમાં પણ વાગ્યાના નિશાન હતા. એનો અર્થ કે એ લોકોની ઉપર હુમલો કરીને કોઈએ એમને મારી નાખ્યા હતા. મેં બધાને એ વાત કરી. બધા શાંત થઈ ગયાં. ગુફામાં એક સન્નાટો છવાઈ ગયો.

'કદાચ એવું પણ બન્યું હોય કે એ બધા અંદરો અંદર લડી-ઝઘડીને મૃત્યુ પામ્યા હોય ! એટલે આપણે એમની ચિંતા છોડીને જલદી આગળ વધીએ. નહીંતર માઇકલકાકા, માતાદી તથા અબીરા ચિંતા કરશે !' મેં કહ્યું. મારો ઇરાદો મારા સાથીદારોના મનમાંથી ચિંતા ઘટે એવો હતો. જોકે બધાના ચહેરા કહેતા હતા કે એ લોકોના ગળે મારી વાત ઊતરી નથી !

અમે આગળ વધ્યા. હાડપિંજરોનો ઢગલો જોયા પછી બધાના હોઠ જાણે કે સિવાઈ ગયા હોય તેમ બધા ચૂપચાપ આગળ વધતા હતા. મારા મનમાં એક જ પ્રશ્ન વારંવાર ઘૂમરાતો હતો કે, 'આટલે નીચે ધરતીના પેટાળમાં આ બધાને કોણે મારી નાખ્યા હશે ? એ લોકો અંદરોઅંદર ઝઘડીને મર્યા હોય તો આમ એક જ ઢગલામાં ન પડ્યા હોય. તો પછી ? નક્કી કોઈ બીજું અહીંયા રહેતું હોય અથવા એ વખતે અહીં આવ્યું હોય એવું બની શકે. જો બહારનું કોઈ હોય તો અમને ચિંતા નહોતી, પરંતુ અહીંયા રહેતું હોય એવું કોઈ કોણ હોઈ શકે ?'

'ડીક ! મને લાગે છે કે આ લોકોને કોઈકે મારી નાખેલા છે, તારું શું કહેવું છે ?' આલ્બર્ટો બોલ્યો.

હું કંઈ ન બોલ્યો. ફક્ત માથું જ હલાવ્યું. એ પછી થોડીવાર સુધી હું ચૂપચાપ ચાલતો રહ્યો.

'કેમ ડીક ! તું કાંઈ બોલતો કેમ નથી ? શું વિચારે છે ?' પોલના સવાલે મને વિચારોમાંથી જગાડી દીધો.

'કંઈ નહીં પોલ ! જો આપણે પેલા લીલા પ્રકાશની સાવ નજીક આવી ગયા. હવે તને લોલટુનના રોમાંચનો ખ્યાલ આવે છે ને ? ગુફામાંથી ગુફા અને એમાંથી પણ ગુફા ! મેક્સિકન સરકારે અમસ્તા જ અંદર આવવાની કે ગાઈ વગર ટહેલવાની મનાઈ નહીં ફરમાવી હોય ને ! ખરેખર દોસ્ત ! આ બાં ભૂલા પડી જવાય એવું જ છે !' મેં કહ્યું. એ વખતે જ અમે લીલાશ પડતા સફેદ પ્રકાશની ખૂબ નજીક પહોંચી ગયા હતા. અગાઉની જેમ આ વખતે પણ એ જમણી તરફની ગુફામાંથી આવતો હતો. અમે ત્યાં પહોંચીને ખૂબ જ સાવચેતીપૂર્વક જમણી તરફ ફર્યા. સામે એક વિશાળ અને અનંત લાગતી ગુફા સ્ફટિકના પ્રકાશમાં ઝળહળતી હતી !

અમને લાગ્યું કે અમે પાગલ થઈ જઈશું. આખો જ ઓરડો સોના ચાંદીની પાટો, હીરા-ઝવેરાતના ઢગલા તેમજ ચિત્રવિચિત્ર આકારના મો મોટાં વાસણોથી ભરેલો હતો. એ બધામાં શું હતું એ અમે નહોતા જાણ પરંતુ કદાચ જુદાં જુદાં રત્નો હોઈ શકે. અમારાથી થોડે જ દૂર હાથમાં રાખી શકાય એવી લાકડીઓ પડી હતી. અમે બધાએ એક એક લાકડી આ ગુફાની યાદગીરી સ્વરૂપે ઉઠાવી લીધી.

'શું કહે છે, ડીક ? આ અનંત ખજાનામાંથી આપણે કાંઈ લેવું છે ?' રોબર્ટ તેમજ જેકે લગભગ એકસાથે પૂછ્યું.

'ના દોસ્તો ! મારું માનવું છે કે આપણી પાસે એટલું બધું ધન છે કે હવે એમાં કાંઈ પણ ઉમેરવાની જરૂર જ નથી. કોંગો તેમજ ઇજિપ્તના પ્રવાસમાંથી આપણને અઢળક ઝવેરાત મળ્યું છે. તો શ્રી અતાહુઆલ્પાની આ ગુફાને પૂરા સન્માન સાથે એમ જ રાખીને પાછા ફરીએ. પૂરી દુનિયા જે ખજાનો અહીંથી હજારો માઈલ દૂર હોવાનું વિચારે છે એ ખોટું છે એટલું આપણે સાબિત કરી શક્યા એ જ ઘણું છે ! હા, શ્રી અતાહુઆલ્પાની નિશાનીરૂપે આ લાકડીઓ આપણે લીધી છે એ હંમેશાં આપણને એમની યાદ આપતી રહેશે. મારું મન કહે છે કે આપણે અહીંથી હવે પાછા ફરવું જોઈએ.' મેં મારા દિલની વાત બધાને કરી.

બધાંએ મારા શબ્દો સ્વીકારી લીધા. અમે પાછા ફરવા માટે પગલાં ઉપાડ્યાં.

બરાબર એ જ વખતે ગુફાની અંદર બીજા છેડા તરફ કોઈ મોટો ધડાકો થયો. અમે થથરી ગયા અને ઝડપથી પાંછા ફરી એ ગુફાની બહાર આવી ગયા અને આવ્યા હતા એ રસ્તા તરફ ભાગ્યા. એ સાથે જ જાણે કે સેંકડો માણસો એક સાથે બોલતા હોય એવો કોલાહલ ગુફામાંથી સંભળાવા માંડ્યો. બે ઘડી તો અમને એવું લાગ્યું કે ગુફામાં અમે જ્યાં ઊભા હતા ત્યાં સુધી પહોંચીને જાણે ઘણા બધા માણસો જોરજોરથી બોલી રહ્યા ન હોય !

'ડીક ! હું અંદર જોતો આવું ? આટલા બધા માણસો પેટાળમાં વસતા હોય અને આપણે એમને જોઈ પણ ન શકીએ એ કેવું ? ભાઈ ! મને તો પાછા ગુફામાં જવાની તીવ્ર ઇચ્છા થઈ રહી છે ! બોલો, હું જતો આવું ?' હેસ્લિંગ બોલ્યો.

'ના ! હેસ્લિંગ ! પેલાં હાડપિંજર રસ્તામાં પડ્યાં છે એને ભૂલી ગયો ? મારું માનવું છે કે જલદી અહીંયાથી બહાર નીકળી જવામાં જ સાર છે. ચાલો, ભાગવા માંડો !' એટલું કહી મેં દોડવાનું શરૂ કર્યું. બાકી બધાએ પણ એમ જ કર્યું. હેસ્લિંગને પણ મારી વાત સમજાઈ હશે. એ પણ દોડવા લાગ્યો.

અમે પેલાં હાડપિંજરો સુધી પણ નહીં પહોંચ્યા હોઈએ ત્યાં જ પાછળથી ચીસો જેવા અવાજો આવવા માંડ્યા. જાણે એક સાથે સેંકડો માણસોએ

દોડવાનું શરૂ કર્યું હોય એવું અમને લાગ્યું. અમારા પગ નીચેની ધરતી ધ્રૂજવા લાગી. અમે પણ અમારી ઝડપ વધારી. મનમાં થયું કે સારું થયું માઇકલકાકા બહાર જ ઊભા રહ્યા, નહીંતર એમના માટે આ રીતે દોડવું કદાચ અઘરું પડી જાત.

અમે દોડતા દોડતા પાછળ જોયું. હવે પેલો લીલો પ્રકાશ જરાપણ દેખાતો નહોતો. અમે આવ્યા એ રસ્તે માત્ર કાળું ડિબાંગ અંધારું જ દેખાતું હતું.

પાછળથી આવતા અવાજો હવે સ્પષ્ટ સંભળાવા લાગ્યા. જાણે ઘણા બધા માણસો અમને પડકારતા હોય એવા સાદ સંભળાવા લાગ્યા. ઘણી વખત એમની ચીસો સાંભળીને લાગતું હતું કે જાણે જૂના જમાનાના મેમોથ હાથીઓનું ટોળું અમારી પાછળ ન આવતું હોય ! અમે બની શકે એટલી ઝડપે ભાગી રહ્યા હતા, પરંતુ પાછળ આવતા અવાજો અમારી વધારે નજીક પહોંચી રહ્યા હોય એવું લાગતું હતું. મેં દોડતાં દોડતાં પાછળ જોયું. અમારાથી લગભગ પાંચસો કે છસો ફૂટ દૂર ખૂબ ઊંચા ઓળા દોડતા આવતા હોય એવું લાગતું હતું.

હવે અમે ગુફાના બાકોરા સુધી પહોંચી ગયા હતા અને છેલ્લા થોડાં ડગલાં વાંકા વાંકા દોડીને બહાર નીકળી ગયા. હું સૌથી આગળ હતો.

બહાર નીકળતા વેંત મેં બૂમ પાડી, 'કાકા ! અબીરા ! માતાદી ! જલદી દીવાલ પર લાકડી તેમજ પથ્થર મારીને ગુફા બંધ કરો. પાછળ મોટું જોખમ લાગે છે !'

માઇકલકાકા હોકલી ફેંકીને ઊભા થઈ ગયા. માતાદી તેમજ અબીરા લાકડીઓ પેલા ખાનામાં ગોઠવીને તૈયાર થઈ ગયા. એટલી વારમાં આલ્બર્ટો, જેક, હેસ્લિંગ, રોબર્ટ, પોલ તથા અબાના બહાર આવી ગયા હતા. મેં, રોબર્ટે તથા હેસ્લિંગે હાંફતાં હાંફતાં જ મોટા પથ્થર લઈને દીવાલ પાસે અમારી જગ્યા લઈ લીધી. માઇકલકાકા 'એક, બે અને ત્રણ !' એમ બોલ્યા, એ સાથે જ અમે જોરથી દીવાલ પર માર્યું. આ વખતે અમે હતું તેટલું જોર લગાવીને માર્યું હતું.

પેલા બાંકોરાનો પથ્થર ધીમે ધીમે ખસવા માંડ્યો. હવે ગુફામાંથી આવતા અવાજો સ્પષ્ટ સંભળાવા લાગ્યા હતા.

'ડીક ! માઇકલકાકા ! રોબર્ટ ! જુઓ તો ગુફામાં જલદી જુઓ તો !' હેસ્લિંગે બૂમ પાડી.

અમે બધાએ જોયું તો ચાર પગે કોઈ ઝડપથી આવતું હોય એવું લાગ્યું. એણે ઊંચું જોયું. બે બિહામણી અને ચળકતી આંખો અમને દેખાઈ ! એ જ વખતે પેલો પથ્થર ખસીને ગુફાના દ્વાર આડો ગોઠવાઈ ગયો.



ગુફાઓમાંથી બહાર

ગુફા બંધ થતાં જ અમે રાહતનો શ્વાસ લીધો.

'માઇકલકાકા ! ગુફામાં એ શું હતું ? વિશાળ શરીર ધરાવતું કોઈ માણસ હતું કે પછી કોઈ પ્રાણી ? એની આંખો ચળકતી હતી, એટલે કોઈ પ્રાણી જ હોય એવું નથી લાગતું ?' પોલ બોલ્યો.

પરંતુ એને જવાબ આપવાને બદલે માઇકલકાકા પોતાની નીચે ફેંકી દીધેલી હોકલી લઈને ઊભા થઈ ગયા. ઝડપથી પોતાનો થેલો ખભે નાખતા બોલ્યા, 'ચાલો બધા ! થાક ખાવાનો સમય જ નથી. જો પેલી ગુફા અંદરથી પણ ખૂલતી હશે તો ? બસ, એ જ વિચાર મને ચિંતામાં નાખી રહ્યો છે. એટલે ચાલો ! ભાગવા જ માંડો !' અને એમણે ઝડપથી દોડવાનો અમને ઇશારો કર્યો.

અમે સૌ ઊભા થઈ, પોતાનો સામાન લઈને દોડવા લાગ્યા. ગુફાના ત્રિભેટે આવીને અમે પેલું વિશાળ હાડપિંજર મળ્યું હતું એ રસ્તા પર આગળ વધ્યા. ગુફામાં થોડા જ આગળ વધ્યા પછી સ્ફટિકનો પ્રકાશ બંધ થઈ જતો હતો. મેં મારી ટોર્ચ સળગાવી. અમે રીતસર દોડવાનું જ ચાલુ રાખ્યું. વચ્ચે વચ્ચે અમે સૌ પાછળ જોઈ લેતા હતા. એકાદ કલાક એમ જ દોડ્યા પછી થોડીક વિશાળ લાગતી જ્ગ્યામાં અમે થાક ખાવા રોકાયા. બધાની ટોર્ચ એક સાથે ન વપરાય એટલા માટે મારી એકની ટોર્ચ જ અમે શરૂ રાખી હતી.

'કાકા ! આપણે લગભગ ચારથી પાંચ માઈલ જેટલું અંતર કાપી નાખ્યું હશે. હજુ સુધી પાછળના રસ્તા પર કોઈનો અવાજ કે કાંઈ સંભળાતું નથી. એનો અર્થ એવો પણ થાયને કે એ લોકો આપણો પીછો કરવાનું માંડી વાળ્યું હશે !?' પોલ બોલ્યો.

'હોઈ શકે !' માઇકલકાકાને બદલે મેં જવાબ આપ્યો, 'પરંતુ પેલા હાડપિંજરોને જોયા પછી કોણ જાણે કેમ, પણ મને એ વાતની ખાતરી નથી થતી કે એ લોકો આપણો પીછો આમ સહેલાઈથી છોડી દે ! એટલે હો આપણે ઝડપથી ચાલતા થઈ જઈએ. મેં અગાર્થા વિશે વાંચ્યું છે એમાં આવા વિશાળ તેમજ ક્રૂર માણસોનો ઉલ્લેખ છે જ ! આ માણસોને કહેવાય છે...'

હું વાક્ય પૂરું કરું એ પહેલા જ પાછળથી જાણે મોટી શિલાઓ ફરી રહી હોય એવો પ્રચંડ અવાજ સંભળાયો. અમે સફાળા ઊભા થઈ ગયા. મેં તથા માતાદીએ પાછળની ગુફામાં ટોર્ચનો શેરડો ફેંકી જોયો, પરંતુ ત્યાં કશું નહોતું.

કંઈ પણ બોલ્યા વિના અમે બધાએ બની શકે એટલી ઝડપથી ચાલવાનું શરૂ કરી દીધું. અમારી ઘડિયાળ સાંજના સાડાચાર વાગ્યાનો સમય બતાવતી હતી. એ પછી લગભગ ત્રણ કલાક સુધી અમે સતત ચાલતા રહ્યા. ઘડિયાળમાં રાતના આઠનો સમય થયો ત્યારે અમે ૧૯ નંબરની ગુફાથી લગભગ સોળેક માઈલ જેટલું પૂર્વમાં ચાલી ગયા હતા. છેલ્લા બે કલાકથી અમને કોઈ પણ જાતના અવાજો પણ સંભળાયા નહોતા. હા, એક ફેરફાર જરૂર થયો હતો. અમારી ગુફા ધીમે ધીમે ધરતીની સપાટી તરફ આગળ વધતી હોય એમ લાગતું હતું, કારણ કે ચાલતા ચાલતા અમે ઢાળ ચડતા હોય એવું લાગતું હતું.

અમે એવી જ ઝડપે રાતના નવ વાગ્યા સુધી ચાલ્યા જ કર્યું. ઘડિયાળના કારણે અમને રાતની ખબર પડતી હતી, બાકી તો ગુફામાં એ બધી ખબર પડે એમ નહોતું. બીજો અર્ધો કલાક ગયો એ પછી અમે એક થોડીક પહોળી ગુફામાં પહોંચ્યા. અમે લોકોએ ત્યાં જ રાત વિતાવવાનું નક્કી કર્યું. જોકે મન નહોતું માનતું. થોડીક બીક પણ લાગતી હતી.

'માઇકલકાકા ! આપણે અટકીએ નહીં અને હજુ બેચાર કલાક ચાલતા રહીએ તો કેવું ? મને લાગે છે કે હજુ આપણે પેલી ગુફાથી વધારે દૂર નથી ગયા અને બીજું એવા કદાવર અને વિશાળ માણસો માટે આપણે ચાલ્યા એટલું અંતર કાપવું સાવ સહેલું બની રહે. એટલે હું તો માનું છું કે આપણે ચાલતા જ રહેવું જોઈએ.' મેં કહ્યું.

માઇકલકાકા સહિત બધાએ મારી વાતને તરત જ સ્વીકારી લીધી. અમે લોકોએ અમારા સામાનમાંથી થોડાંક બિસ્કિટ્સ તેમજ ડ્રાય ટોસ્ટ કાઢીને પાણી સાથે જ લઈ લીધા. આજે ક્યાંય બેસીને જમવાની પણ ઇચ્છા નહોતી થતી. અમે એકધારી ઝડપ જાળવીને ચાલતા હતા. વચ્ચે એક વખત મારી બેટરીના સેલ ખૂટી ગયા ત્યારે જેક સૌથી આગળ આવીને મારી જોડે થઈ ગયો.

ક્યારેક અમને લાગતું હતું કે અમારા પગ નીચે ધ્રુજારી થઈ રહી છે, પરંતુ એ સિવાય કંઈ પણ નવું ન બન્યું. એમ જ ચાલતા રાતના સાડાબાર

વાગવા આવ્યા. હવે અમને થોડોક થાક લાગ્યો હતો. માઇકલકાકા વધારે થાકી ગયા હોય એવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું. છતાં એમણે એક પણ વાર થાકની ફરિયાદ નહોતી કરી.

લગભગ એક વાગ્યાની આસપાસ અમે પહેલાના જેવી જ થોડીક વિશાળ જગ્યામાં પ્રવેશ્યા. એ ગુફામાં એક મોટો પથ્થર પડ્યો હતો. એ જગ્યા પર આરામ કરવાનું હવે નક્કી કરવું જ પડે એવું હતું.

'ડીક ! એક કામ કરીએ તો ? આ મોટો પથ્થર આપણે બધા ભેગા થઈને આપણે જે રસ્તે આવ્યા છીએ એની આડો મૂકી દઈએ તો ? મને લાગે છે કે એના કારણે આપણી સલામતી વધી જશે !' રોબર્ટે કહ્યું.

'અને હા ! કદાચ કોઈ એ પથ્થરને ખસેડીને આવવાની કોશિશ કરે તો પણ આપણને ખબર તો પડી જ જાય ! અને આપણે ઊઠી પણ જઈએ !' પોલે કહ્યું.

અમને એ બેઉની વાત બિલકુલ સાચી લાગી. સામાન મૂકીને અમે દસે દસ જણ પથ્થરને ખસેડવાની મહેનત કરવા લાગ્યા. લગભગ અર્ધાએક કલાકની મહેનત પછી અમે એ પથ્થરને ગુફાના એ તરફના પ્રવેશની આડો ગોઠવી શક્યા. એ પથ્થરના કારણે હવે કોઈ ગુફામાં આવી શકે એવું નહોતું રહ્યું. છેલ્લા કેટલાક કલાકો પછી પ્રથમ વખત અમને થોડીક નિરાંત થઈ.

અમે સૌ એક ટોર્ચને ગુફાની છત તરફ શેરડો પડે તેમ ઊભી રાખીને બેઠા.

અબાનાએ એના થેલામાંથી થોડાંક પાંદડાં કાઢીને અમને બધાને આપ્યા. મોઢામાં એ પાન રાખીને ધીમે ધીમે ચાવવાથી અમારો થાક ઊતરતો હોય એવું લાગવા માંડ્યું. થોડીક જ વારમાં અમે બધા જાણે દસ કલાકની ઊંઘ કરીને ઊઠ્યા હોઈએ એવા તાજામાજા થઈ ગયા.

'માઇકલકાકા, અબાના, ડીક ! ચાલો ફરીથી ચાલવા માંડવું છે ?' પોલ બોલ્યો.

'નહીં પોલ ! આ પાંદડાની અસર તો ફક્ત એકાદ કલાક જ રહેશે. એટલી વારમાં આપણને ઊંઘ આવી જશે અને સવારે ઊઠીશું ત્યારે બિલકુલ થાક નહીં હોય. પરંતુ જો અત્યારે આરામ કરવાને બદલે ચાલવા માંડીશું તો એકાદ કલાક પછી વધારે થાક લાગશે !' અબાનાએ હસતાં હસતાં કહ્યું.

'અબાના ! તારા થેલામાં આ બીજાં મૂળિયાં શેનાં છે ?' પોલે અબાનાના થેલામાં નજર કરતા કહ્યું.

'પોલ ! આમાં ઘણી બધી બીમારીઓના ઇલાજ માટેની જડીબુટ્ટીઓ છે અને આ પીળા મૂળિયાં શું કામમાં આવે ખબર છે ?' અબાનાએ પૂછ્યું.

'નહીં તો ! મને ક્યાંથી ખબર હોય ? વૈદ્ય તો તું છે ! ચાલ, કહી દે તો એ શું કામમાં આવે ?' પોલે હસતા હસતા જવાબ આપ્યો.

'લોકોને ઘેનમાં સુવડાવી દેવા માટે ! આપણે એનો ધૂપ કરીએ તો જેના નાકમાં એ ધુમાડો જાય એ કલાકો સુધી સૂઈ જાય !' અબાનાએ કહ્યું, 'ખાસ કેપ ટાઉનથી આ મૂળિયાં મંગાવ્યાં છે. કેપ ટાઉનના દક્ષિણ કાંઠાના દરિયાને અડકીને આવેલી પહાડીઓ પર આ મળે છે !'

'પણ અબાના ! એવું હોય તો પછી એ ધૂપ કરનાર પોતે પણ ન સૂઈ જાય ?' પોલની દલીલો આજે ખૂબ બુદ્ધિપૂર્વકની લાગતી હતી.

'એનો ઉપાય પણ છે જ !' અબાના હસતા હસતા બોલ્યો, 'ધૂપ કરનાર વ્યક્તિ જો નાકમાં કપૂરવાળાં ઓલિવ ઑઇલમાં બોળેલ રૂ રાખે તો આ ધુમાડો એની આરપાર ન જઈ શકે અને ધૂપ કરનાર વ્યક્તિને ઘેન ન ચડે ! સમજ્યો પોલ ?!'

'હા ! આવો કાંઈક ફોડ પાડે તો સમજાયને ! હવે બરાબર છે !' ખડખડાટ હસતા હસતા પોલે જવાબ આપ્યો. પછી અચાનક બોલ્યો, 'પણ હેં અબાના ! તો પછી નાકમાં પોતું રાખનાર વ્યક્તિ શ્વાસ કઈ રીતે લઈ શકે ? પોતું નડે નહીં ?'

'તારી વાત સાચી છે, પોલ !' અબાના બોલ્યો, 'પણ એ થોડીક વાર માટે તો સહન કરી જ શકાય ! એટલી વારમાં એ વ્યક્તિએ દૂર જતા રહેવાનું અને પછી પોતું કાઢી નાખવાનું ! હા, એ પોતું રાખવા છતાં ક્યારેક ઘેનની થોડીક અસર થઈ શકે !'

'હમ્...! મ્....! મ્...!' પોલ બોલ્યો. હવે એના અને અમારા મનમાં આખી વાત ગોઠવાઈ. એટલી વારમાં અબાના એના થેલામાં બધી વસ્તુઓ ગોઠવવા લાગ્યો. પોલે જીદ કરી એટલે એણે ઓલિવ ઑઇલ ભરેલી બૉટલ પણ બતાવી !

એ બધું પતી ગયું એટલે મેં પૂછ્યું, 'માઇકલકાકા ! આજે રાત્રે કોઈએ ધ્યાન રાખવા માટે જાગવાના વારા કરવા છે કે પછી એમ જ ચાલશે ?'

માઇકલકાકાએ બધાની સામે એક નજર નાખી, પછી પેલા મોટા પથ્થર સામે જોઈ લીધું. હોકલીનો એક ઊંડો કસ ખેંચીને બોલ્યા, 'મને લાગે છે કે એકાદ જણે જાગવું તો જોઈએ જ ! કારણ કે ગુફામાં એક તરફના રસ્તાની આડો પથ્થર છે, પરંતુ બીજી તરફ રસ્તો ખુલ્લો જ છે ! એક કામ કરીએ. તમે બધા છોકરાઓ આજે આરામ કરો. હું, અબાના, અબીરા તેમજ માતાદી વારાફરતી જાગીશું. તમને બધાને સવાર પડશે એ પછી જ ઉઠાડીશું. બરાબર ?'

અમને માઇકલકાકાની વાત ગમી ગઈ. છેલ્લા કેટલાક કલાકોથી સતત અને ઝડપથી ચાલવાને કારણે આમેય અમને કોઈને જાગવાની ઇચ્છા નહોતી ! હું લાંબો થયો.

'ડીક ! તું પેલા વિશાળ તેમજ ક્રૂર માણસોની વાત કરતો હતોને ? એવા માણસોને શું કહેવાય છે ? જો તું બહુ ન થાક્યો હોય તો અગાર્થામાં વસતા એ લોકોની વાત કરીશ ?' અત્યાર સુધી ચૂપ રહેલો જેક બોલી ઊઠ્યો.

'હા જેક ! જરૂર !' બેઠા થતાં હું બોલ્યો, 'અગાર્થામાં (પૃથ્વીના પેટાળની દુનિયામાં) બે પ્રકારના લોકો વસે છે એવું કહેવાય છે. ડેરો અને ટેરો ! આમાંથી ડેરો પ્રકારના માણસો ખૂબ ઊંચા, કદાવર અને ક્રૂર ગણાય છે. કોઈને મારી નાખવું એ એમના માટે રમત વાત છે. એ લોકો સદીઓ સુધી જીવે છે, કારણ કે પૃથ્વીના પેટાળમાં આવેલા સૂર્યમાં હાનિકારક વિકિરણો નથી હોતાં. એટલે એ લોકોની ઉંમર ખૂબ જ લાંબી હોય છે. ડેરોની ઊંચાઈ દસથી બાર ફૂટ જેટલી હોય છે.'

'એટલે આપણને રસ્તામાં મળેલું પેલું વિશાળ હાડપિંજર ડેરોનું હતું ?' પોલ વચ્ચે બોલી ઊઠ્યો.

'હોઈ શકે, પોલ !' મેં કહ્યું, 'પરંતુ હવે આપણું કોઈ નહીં માને ! લોકો ધરતીના પેટાળમાં વસતા માણસોના અસ્તિત્વ પર આમેય વિશ્વાસ નથી કરતા. બધા એવું માને છે કે ત્યાં કોઈ જીવતું રહી જ ન શકે, ત્યાં ગરમી ખૂબ જ વધારે હોય, પરંતુ બોલો, આપણને કોઈને એટલી ગરમી લાગી ખરી ?'

બધા વિચારમાં પડી ગયા. મારી વાત બધાને ગળે ઊતરી ગઈ હતી. અમે ખબર નહીં કાંઈ કેટલાયે માઈલ ઊંડાણમાં હશું, પરંતુ અમને ગરમીને

બદલે અત્યંત ઠંડક લાગતી હતી. હા, ભેજની થોડીક વાસ જરૂર આવતી હતી, પરંતુ આટલી ઊંડાઈએ બધું સળગાવી દે તેવી ગરમી હોય છે એ વાત તો અમને ખોટી જ લાગતી હતી.

'પણ ડીક ! આપણે તો આવા લોકોનું હાડપિંજર જોયું જ છે ને ? ઉપરાંત આપણે ઘણા લોકોને બોલતા પણ સાંભળ્યા છે. આપણી પાછળ કોણ પડ્યું હતું એ આપણે નથી જોઈ શક્યા, પરંતુ એમનો અવાજ તો સાંભળ્યો છે ને ? પછી કોઈ શું કામ નહીં માને ?' પોલે કહ્યું.

'જો પોલ ! લોકોને સાબિતી જોઈએ. સાબિતી હોય તો એ લોકો ચોક્કસ માને ! હા ! આપણે જો પેલા વિશાળ હાડપિંજરના પગનું કે હાથનું હાડકું જોડે લઈ લીધું હોત તો બધાને ચોક્કસ ખાતરી થઈ જાત, પણ એ તો માળું રહી જ ગયું ! હવે તો એવું કોઈ બીજું હાડપિંજર મળે તો થાય ! તો આપણે એનું હાડકું લઈ જઈ શકીએ !' મેં કહ્યું. એ પછી હું ફરીથી લાંબો થયો.

પોલ પણ સૂવા માટે આડો પડ્યો. એણે સૂતા સૂતા પગ લાંબો કર્યો. એ સાથે જ એના પગના ધક્કાથી અમે ઊભી ગોઠવેલી ટૉર્ચ પડી ગઈ. અમારી નવાઈ વચ્ચે રૂમમાં અંધારું થઈ જવાને બદલે ઝળાહળા અજવાળું થઈ ગયું. અમે સૌ બેઠા થઈ ગયા. જોયું તો ટૉર્ચનો શેરડો અમે ૧૯ નંબરની ગુફાઓમાંથી લીધેલ લાકડીઓના ઢગલા પર પડતો હતો અને એના લીધે લાકડીઓ પર જડેલ સેંકડો હીરા એક સાથે ઝગમગી ઊઠ્યા હતા !

અમારી આંખો ફાટી રહી. આનો અર્થ એવો જ હતો કે શુદ્ધ સોનાની લાગતી એ લાકડીઓ પર ખીચોખીચ હીરા જડેલા હતા. અમને સૌને ખાતરી થઈ ગઈ કે અમે જેને સાદી લાકડી ગણતા હતા એ હકીકતમાં સોનાની અમૂલ્ય લાકડીઓ હતી. લાખો પાઉંડની !

આ વખતે અમે ખજાનાની શોધમાં નહોતા આવ્યા તો પણ ખજાનો સામે ચાલીને અમારી પાસે આવી ગયો હતો. અમે ઊભા થઈને એક એક લાકડીને હાથમાં લઈને જોઈ. અદ્ભુત નકશીકામ ધરાવતી એ સોનાની લાકડીઓ પર ખરેખર ઉત્તમ લાગતા હીરાઓ જડેલા હતા.

હવે અમારી આંખો ઘેરાઈ રહી હતી. અમે શ્રી અતાહુઆલ્પાની એ નિશાની અમારી સાથે લઈને સૂતા ! માઇકલકાકા જાગતા બેઠા હતા. બે-ચાર

ક્ષણ હું એમને હોકલીના કસ ખેંચતા જોઈ રહ્યો. પછી મારી આંખ મિંચાઈ ગઈ !

સવારે અમે જાગ્યા ત્યારે અબાના બેઠો હતો. એનો જાગવાનો વારો છેલ્લો હતો. અમે ઊઠ્યા એ પછી અમે એને થોડીવાર માટે સુવડાવી દીધો. આમ તો એ ચારેય જણે ફક્ત દોઢ દોઢ કલાક જાગવું પડ્યું હતું. અમે લોકો કૉફી પાવડર ઠંડા પાણીમાં નાખીને એમ જ પી ગયા. જોકે એનો સ્વાદ જરાપણ સારો નહોતો. પરંતુ એના પર થોડા બિસ્કિટ્સ ખાઈ લીધા એટલે મોઢાની કડવાશ જતી રહી. અમે નાસ્તો પતાવ્યો એ પછી અબાનાને ઉઠાડ્યો.

મેક્સિકોમાં ૧૭મી તારીખે ઊતર્યા એને જો પ્રથમ દિવસ ગણીએ તો આજનો આ દિવસ અમારો આઠમો દિવસ હતો. લોલટુનની ગુફાઓમાં ત્રીજો દિવસ હતો, પરંતુ એવું લાગતું હતું કે જાણે વરસોથી અમે આ ગુફાઓમાં બંધ ન થઈ ગયા હોઈએ ? હવે અમારું મન ઝડપથી આ ગુફાઓમાંથી બહાર નીકળવા માટે ઝંખતું હતું. અમે ઝડપથી ચાલવાનું શરૂ કરી દીધું.

એ દિવસ પછી બીજી એક રાત અને એક દિવસ અમે સતત ચાલ્યા. ગુફા ધીરે ચડતા ઢાળ જેવી બનતી જતી હતી. એના કારણે બીજા દિવસે બપોર પછી અમારી ઝડપ ખાસ્સી ઘટી ગઈ હતી. એ નવમો દિવસ હતો.

સાંજના પાંચ વાગ્યે અચાનક જ ગુફામાં અમારી આગળ થોડે દૂરથી એક દીપડા જેવું પ્રાણી દોડીને જતું રહ્યું.

'માઇકલકાકા ! એવું નથી લાગતું કે ગુફાનો હવે કદાચ અંત આવે ? એ દીપડા જેવું પ્રાણી ભાગીને બહાર ગયું એનો અર્થ આ ગુફા હવે જંગલમાં ક્યાંક ખૂલશે, બરાબરને ?' મેં કહ્યું.

'હમ્...! મ્...! મ્...! ઠીક ! મને પણ એવું જ લાગે છે ! પરંતુ મને એ પ્રાણી દીપડા કરતા અમેરિકાનું જેગ્વાર (Jaguar) હોય એવું વધારે લાગ્યું !' હોકલીમાં નવી તમાકુ ભરીને ઊંડો કસ લેતા માઇકલકાકા બોલ્યા.

બરાબર એ જ વખતે અમારી સામેની તરફથી હવાની એક ઠંડી લહેરખી આવી ! અમે બધા ખુશ થઈ ગયા. ગુફાની બહાર નીકળવાનો રસ્તો હવે ખૂબ જ નજીક હોવાની એ સાબિતી હતી. બીજું ગુફાની આજુબાજુની દીવાલો તેમજ છત હવે ખરબચડી અને કુદરતી બનેલી હોય એવી લાગતી હતી. જોકે છેલ્લા એકાદ માઈલથી આ ફેરફાર મારા ધ્યાનમાં આવી ગયો હતો.

અમે લોકોએ ચાલવાની ઝડપ વધારી.

એકાદ કલાક એમ જ ચાલ્યા છતાં ગુફાનો અંત ન આવ્યો. અમને નવાઈ લાગી.


'ઠીક ! એવું ન બને કે દીપડો કોઈ નાનકડા આડબીડ રસ્તે જતો રહ્યો હોય ! આપણે કદાચ એ રસ્તો ચૂકી તો નહીં ગયા હોઈએ ને ?' પોલે પૂછ્યું.

અમે એની વાત સાંભળીને ઊભા રહી ગયા. અમને બધાને પણ શંકા તો પડતી જ હતી.

'એક કામ કરીએ, હજુ થોડીક વાર આમ જ ચાલતા રહીએ. અર્ધા કલાકમાં જો આ ગુફાનો અંત ન આવે તો પાછા ફરીશું, બરાબર ?' માઇકલકાકાએ કહ્યું.

બધાએ હા પાડી. અમે આગળ વધ્યા. થોડી જ વારમાં ગુફા ડાબી તરફ વળતી દેખાઈ. હું અને પોલ એ તરફ દોડ્યા અને ડાબી તરફ વળ્યા. વળતા જ જે દશ્ય જોયું એનાથી અમારો શ્વાસ અધ્ધર થઈ ગયો. અમે એક વિશાળ કૂવાની દીવાલમાં ખૂલતી ગુફામાં ઊભા હતા. નીચે થોડુંક લીલા રંગનું દેખાતું પાણી હતું અને ઉપર હતું એકદમ મોરપીચ્છ રંગનું આકાશ ! અમે બંને કૂવામાં પડી જતા સહેજમાં બચી ગયા હતા, પરંતુ અમને એ બીક અંગે વિચાર કરવા કરતા આકાશ જોવાની વધારે મજા આવતી હતી. ત્રણ દિવસ પછી અમે એને જોઈ રહ્યા હતા. આનંદથી પોલ મને વળગી પડ્યો !

આલ્બર્ટો દોડીને અમારી બાજુમાં આવી ગયો. નીચેનું પાણી અને કૂવા જેવી જગ્યાને જોતાવેંત એ બોલી ઊઠ્યો, 'દોસ્તો ! આ તો સીનોટ (Cenote) છે !'



પોલે પાડેલ સીનોટ (કૂવા)નો ફોટો. પાણીની સામેની તરફ આગળ વધતી અમારી ગુફા

'આલ્બર્ટો ! આ સીનોટ એટલે શું ?' પોલે પૂછ્યું.

'સીનોટ એટલે ચૂનાના પથ્થરમાં બનેલી આ બધી ગુફાઓ ઉપરની જમીન નીચે બેસી જાય અને એક મોટું કૂવા જેવું કાણું પડી જાય એ. આ બધા કાણાઓમાં ત્યારબાદ વરસાદનું કે જમીનનું કુદરતી પાણી જમા થવા માંડે છે. યુકાતાન પ્રદેશના માણસો આવા સીનોટમાંથી જ પીવાનું પાણી મેળવતા આવ્યા છે, કારણ કે અહીંયા કોઈ કુદરતી નદીઓ જ નથી. લોકો આવા પાણીને બગાડે નહીં એટલા માટે માયા લોકો સીનોટને પવિત્ર ગણતા હતા. અત્યારે આપણે આવા જ કોઈ સીનોટમાં નીકળ્યા છીએ. સામે જુઓ, આ ગુફા આગળ પણ જાય જ છે ! પરંતુ આપણે આમાંથી બહાર નીકળી જઈએ !' આલ્બર્ટોએ કહ્યું.

અમે બધા અમારી ગુફાને સામેની દીવાલમાં આગળ વધતી જોઈ રહ્યા. પછી સીનોટમાંથી બહાર નીકળવા માટે અમારા સામાનમાંથી રસ્સીઓ કાઢી. સીનોટની સીધી દીવાલો પર ચડતી વખતે પણ અમને આનંદ થઈ રહ્યો હતો, કારણ કે અમે બધા અમારી – આપણી દુનિયામાં ત્રણ ત્રણ દિવસ પછી પાછા આવી રહ્યા હતા !



ન્યુવો તરફ

સીનોટમાંથી અમે બહાર નીકળ્યા ત્યારે સાંજનો સમય હતો. લોકોની અવરજવર ત્યાં ખૂબ જ ઓછી હતી બહારના તડકાથી અને પ્રકાશથી અંજાઈને અમે સૌ થોડીવાર એક ઝાડની પાસે ઊભા રહી ગયા. ફક્ત આલ્બર્ટો આજુબાજુના વિસ્તારમાં આંટા મારતો હતો. એ જાણવા માંગતો હતો કે અમે ક્યાં અને કઈ જગ્યાએ નીકળ્યા છીએ. એના ગયાને હજુ અર્ધો કલાક જ થયો હશે, એટલી વારમાં જ એ શ્વાસભેર પાછો આવ્યો.

'કેમ આલ્બર્ટો ? તું દોડીને કેમ આવ્યો ? કોઈથી ડરીને આવ્યો છે કે શું ?' રોબર્ટે કહ્યું.

'હા, રોબર્ટ ! ત્યાં આગળ એક સફેદ રસ્તો છે. હું...' આલ્બર્ટો શ્વાસભેર બોલ્યો.

'સફેદ રસ્તો ? એ વળી શું ?' આલ્બર્ટો વાત પૂરી કરે એ પહેલા જ રોબર્ટ બોલી ઊઠ્યો.

'સફેદ રસ્તો એટલે માયા લોકો જેને 'સેકબે (sacbe)' તરીકે ઓળખતા એ રસ્તાઓ. આ રસ્તાઓ રોમન લોકોના બાંધેલા હાઇવેની જેમ જમીનથી ત્રણ ફૂટ ઊંચા બાંધવામાં આવતા અને એના પથ્થરો પર ચૂનાનું પ્લાસ્ટર કરવામાં આવતું. આ રસ્તાઓ સફેદ રસ્તા તરીકે ઓળખાતા. એનો મતલબ એ છે કે આપણે માયા લોકોની કોઈ જાણીતી જગ્યાએ આવી પહોંચ્યા છીએ. એકાદ પિરામિડ પણ અહીંયા હોવો જોઈએ. એના પરથી જ આપણે ક્યાં આવી પહોંચ્યા છીએ એની ખબર પડી જશે. અથવા તો આપણે કોઈને પૂછી લઈએ તો પણ કામ થઈ જાય !' આલ્બર્ટો બોલ્યો.

'તો પછી પૂછી લેવું હતું ને ! તું આજુબાજુ આંટો મારવા ગયો ત્યારે ત્યાં કોઈ નહોતું ?' આ વખતે મેં કહ્યું.

'હતું ને ! હું એ જ તો વાત કહેવા જતો હતો ! એક માણસ અહીંથી થોડે દૂર એક ઝાડ નીચે બેઠો હતો. પરંતુ હું કંઈ પણ પૂછું એ પહેલા એ દોડતો જતો રહ્યો. એ મારી સામે એવી રીતે જોતો હતો જાણે મને ઓળખતો ન હોય ? મને બીક લાગી કે કદાચ આપણે ચિચેન ઇત્ઝામાં જ ન આવી

પહોંચ્યા હોઈએ ! અને ત્રણ દિવસ પહેલાનો બલિદાનનો એ બનાવ, અહીંના લોકો ભૂલ્યા ન હોય એવું પણ બની શકે !'

આલ્બર્ટોની વાત સાંભળીને અમે સૌ વિચારમાં પડી ગયા. જો આ જગ્યા ચિચેન ઇત્ઝા હોય તો હવે અમારે જલદીથી ચાલવા માંડવું જોઈએ, કારણ કે ચિલાન કે એના સાથીદારોને અમારી હાજરીની ગંધ પણ આવી તો અમારે નાહક એમની સાથે ઝઘડો કરવો પડે. અમે ખોટો ઝઘડો કરવા માંગતા નહોતા.

'ડીક ! રોબર્ટ ! આ ચળકતી સોનાની લાકડીઓ આમ હાથમાં જ લઈને જવાનું જોખમી નથી લાગતું ? આને છુપાવવાનું કાંઈક કરવું જોઈએ !' માઇકલકાકા અમે ગુફામાંથી લીધેલી લાકડીઓ તરફ આંગળી ચીંધતા બોલ્યા.

અમને પણ એમની વાત બરાબર લાગી. પોલ, જેક તથા અબાના અને અબીરા બાજુમાં આવેલી ઝાડીઓમાંથી લાંબા વાંસ કાપી લાવ્યા. એમાં કાણા કરી વચ્ચેની ગાંઠોને અર્ધી કાપી નાખી. અમારી પાસે રહેલી સોનાની લાકડીના માપના એવા મ્યાન બનાવતા અમને ખાસ્સો દોઢેક કલાક લાગ્યો. અબાનાના થેલામાંથી લાખ (Shellac) મળી આવી. અમે સોનાની લાકડીઓ અંદર છુપાવી દીધા પછી વાંસની કાપેલી ગાંઠો થોડીક કોતરીને લાખની મદદથી એની મૂળ જગ્યાએ લગાવી દીધી. કોઈ જુએ તો અમારા હાથમાં વાંસના દંડા છે એવું જ લાગે !

એ પછી અમે ઝડપથી ચાલવા માંડ્યાં. આ વખતે આલ્બર્ટો અમને પેલા સફેદ રસ્તા પર લઈ જવા માટે આગળ ચાલતો હતો. અમે સૌ એની પાછળ ઝડપથી ચાલતા હતા. દસેક મિનિટમાં જ અમે એ સફેદ રસ્તા પર પહોંચી ગયા. આસપાસ કોઈ કરતા કોઈ દેખાતું નહોતું. કઈ બાજુ જવું છે એ નક્કી ન હોવા છતાં અમે એમ જ ચાલતા હતા. એક આલ્બર્ટો વારંવાર ચારે તરફ જોઈ લેતો હતો.

થોડીવારમાં જ અમે ચિચેન ઇત્ઝામાં હતો એવા જ એક પિરામિડની બાજુમાં પહોંચી ગયા. એ પિરામિડને દૂરથી જોતા વેંત આલ્બર્ટો ખુશીનો માર્યો ઊછળી પડ્યો અને બોલ્યો, 'અરે ! ભાઈઓ ! જુઓ જુઓ ! આ તો નોહોક મુલનો પિરામિડ છે. તો તો પછી આ સ્થળ કોબા જ છે ! અહીંયાથી હવે ન્યુવો ફક્ત ત્રીસેક માઈલ ઉત્તરમાં આવેલું છે. જુઓ આ નોહોક મુલ પિરામિડ

એની ઊંચાઈ ૧૩૩ ફૂટ જેટલી છે અને તમને જાણીને નવાઈ લાગશે, પરંતુ આ પિરામિડ ચિચેન ઇત્ઝાના પિરામિડ કરતા પણ ઊંચો છે !' આલ્બર્ટો એટલો બધો ખુશ થઈ ગયો હતો કે બોલ્યે જ જતો હતો !

અમે નોહોક મૂલના પિરામિડને જોઈ રહ્યા.



નોહોક મુલ પિરામિડ

'આલ્બર્ટો ! નોહોક મુલ એટલે ?' પોલે પૂછ્યું.

'પોલ, નોહોક મુલનો અર્થ થાય છે : મોટી ટેકરી ! માયા સામ્રાજ્યમાં આ એક ખૂબ ઊંચો પિરામિડ ગણાય છે, એટલે આવું નામ અપાયું હશે. પણ હવે આપણે ચાલવા માંડવું પડશે. ચાલો, ઝડપ કરો. હમણાં થોડીવાર પહેલા સામે બે માણસો મારી સામે હાથ લાંબો કરીને વાતો કરતા હતા. અત્યારે એ લોકો ક્યાંક જતા રહ્યા છે.' આલ્બર્ટોનો ગભરાટ વધતો જતો હોય એવું લાગતું હતું.

અમે બધા ઝડપથી ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા પછી રસ્તાના બે ફાટા આવ્યા. એક રસ્તો પશ્ચિમ તરફ જતો હતો અને બીજો સીધો ઉત્તર તરફ. આલ્બર્ટોએ ઉત્તર તરફના રસ્તે ચાલવાનું નક્કી કર્યું. એના કહેવા પ્રમાણે પશ્ચિમ તરફ જતો સફેદ રસ્તો સીધો ચિચેન ઇત્ઝાના પિરામિડ સુધી જતો હતો. અમારામાંથી કોઈ પણ હવે ચિચેન ઇત્ઝા જવા રાજી નહોતું !

'કાકા ! ડીક ! એક કામ કરીએ તો ?' હેસ્લિંગ બોલ્યો, 'આપણે આ સફેદ રોડને બદલે બાજુની ઝાડીઓમાં ચાલીએ તો કેવું ? અહીં રહેતા માણસોમાંથી ઘણા બધા આપણને તેમજ આલ્બર્ટોને ઓળખતા હોઈ શકે. તો

પછી ઝાડીઓમાં ચાલવાથી એ જોખમ ઓછું થઈ જશે. હા, એનાથી આપણી ચાલવાની ઝડપ જરૂર ઘટી જશે, પરંતુ આપણી સલામતી તો વધી જ જશે !'

અમને એની વાત એકદમ સાચી લાગી. અમે જો રાત્રે પણ ચાલવાનું શરૂ રાખીએ તો અર્ધી રાત્રે અથવા વહેલી સવારે ન્યુવો પહોંચી શકીએ.

સફેદ રોડ છોડીને અમે બાજુની ઝાડીમાં આવેલા પગદંડી પ્રકારના રસ્તા પર ચાલવાનું શરૂ કરી દીધું. અમારા ધારવા કરતા એ કેડીનો રસ્તો ઘણો જ સરસ હતો. અમારી ઝડપ પણ ઘણી જ જળવાઈ રહી હતી.

હેસ્લિંગની વાત સાચી હતી. પગદંડીનો રસ્તો અમને ખરેખર સલામત લાગ્યો, પરંતુ થોડીવારમાં જ એક તકલીફ ઊભી થઈ. રાતનું અંધારું ઊતરવાથી પગદંડી દેખાતી બંધ થઈ ગઈ હતી. જો ટોર્ચ સળગાવીએ તો દૂર સફેદ રસ્તા પર જતા-આવતા લોકોને શંકા જાય ! એટલે એમ જ ધીમે ધીમે ઝાડી-ઝાંખરા વિનાના રસ્તા પર અમે આગળ વધતા રહ્યા. આલ્બર્ટો યુકાતાન પ્રાંતના આ બધા વિસ્તારોમાં રખડીને મોટો થયો હતો. એટલે અમારા બધામાં એ સૌથી આગળ ચાલતો હતો. જોકે હવે અંધારું વધવાથી એને પણ ચાલવાની તકલીફ પડતી હતી.

'ડીક ! માઇકલકાકા ! મને લાગે છે કે હવે ટોર્ચ કરવી જ પડશે ! ભાઈ, મને તો હવે કાંઈ જ દેખાતું નથી !' આલ્બર્ટો બોલી ઊઠ્યો.

'ભલે ! તારી ટોર્ચ શરૂ કરીને જમીન તરફ પ્રકાશ ફેંકીને તું આગળ ચાલ. અમે તારી પાછળ જ આવીએ છીએ.' મેં કહ્યું.

પરંતુ આલ્બર્ટો માંડ એકાદ બે ડગલાં ચાલ્યો હશે અને ટોર્ચ શરૂ કરે એ પહેલાં જ એ ગબડી પડ્યો.

'ઓ માડી રે ! મરી ગયો રે !' એવી બૂમ પાડતો એ એક ઊંડા ખાડામાં પડ્યો. અમે બધાએ અમારી ટોર્ચ કરી. જોયું તો એક ઊંડા કૂવા જેવી જગ્યામાં આલ્બર્ટો પડી ગયો હતો. વચ્ચે એટલા બધા ઝાડી-ઝાંખરા હતા કે નીચે પાણી છે કે નહીં એ પણ દેખાતું નહોતું. આલ્બર્ટોનો અવાજ પણ સંભળાતો નહોતો. અમે બધા બરાબરના ડરી ગયા.

'આલ્બર્ટો ! અરે એ... આલ્બર્ટો ! તને અમારો અવાજ સંભળાય છે ! જો સંભળાતો હોય તો જવાબ દે અથવા તો ટોર્ચનો પ્રકાશ ઉપર ફેંક, આ સમજી જઈશું ! એ... આલ્બર્ટો !' માતાદીએ એના પહાડી અવાજમાં બૂમ પાડી.

'ડીક ! માતાદી ! હું સલામત છું. લગભગ પચાસેક ફૂટ નીચે આવી ગયો છું. આ કૂવામાં પાણી નથી. સપાટ અને લગભગ વીસેક ફૂટ પહોળો ખાલી કૂવો છે. કૂવાની દીવાલોમાંથી ખૂબ બધા વેલા તેમજ ઝાડી-ઝાંખરાં ઊગેલાં હોવાને લીધે મને બિલકુલ વાગ્યું નથી. તમે લોકો પણ નીચે આવી જાવ ! આજની રાત હવે અહીં જ રહી જઈએ ! આ જગ્યા બિલકુલ સલામત લાગે છે ! અને હા ! એક નવાઈની વાત પણ અહીં છે ! તમે આવો પછી બતાવું !' આલ્બર્ટોના અવાજથી અમે ખુશ થઈ ગયા.

હેસ્લિંગ અને જેકે આટલી વારમાં બાજુના એક ઝાડ સાથે દોરડું બાંધી દીધું હતું. અમે એક એક કરીને કૂવા જેવી એ જગ્યામાં ઊતર્યા.

કૂવાનું તળિયું ખરેખર સપાટ અને ખાલીખમ હતું.

'કાં આલ્બર્ટો, તું કાંઈક નવાઈની વાત બતાવવાનો હતોને ?' મેં પૂછ્યું.

આલ્બર્ટોએ પૂર્વ તરફની દીવાલ પર ટોર્ચનો પ્રકાશ ફેંક્યો. અમે આભા બની ગયા. એક વિશાળ ગુફા ત્યાંથી શરૂ થતી હતી. એની બહાર એક ગ્રેનાઇટની ચળકતી તકતી હતી. એના પર હાયરોગ્લાઇફ્સ (પ્રાચીન ઇજિપ્તના લોકોની લિપિ) કોતરેલા હતા. નીચેની તરફ એક તીરનું નિશાન પણ હતું. અમે જેમાં મુસાફરી કરીને આવ્યા એ ગુફા તો આના કરતા ક્યાંય નાની અને સાંકડી લાગતી હતી. ઉપરાંત આ ગુફાના પ્રવેશદ્વાર પર સારી એવી કોતરણી પણ દેખાતી હતી. જાણે રાજા-મહારાજાઓના આવવા-જવાનો એ રસ્તો ન હોય !

આલ્બર્ટોએ નજીક જઈને પેલા હાયરોગ્લાઇફ્સ (પ્રાચીન લિપિ) ઉકેલવાનું શરૂ કર્યું. બેચાર ક્ષણ પછી એ જાણે કે અત્યંત આશ્ચર્યમાં પડી ગયો હોય એવું મોં કરીને બોલ્યો, 'સાંભળો બધા ! આ ગુફા સીધી ઇજિપ્ત જાય છે !'

'ઇજિપ્ત ?!!' અમે બધા એક સાથે બોલી ઊઠ્યા.

'હા, ઇજિપ્ત ! એવું અહીં લખેલું છે !' આલ્બર્ટો બોલ્યો.

'પણ વચ્ચે આખો એટલાંટિક મહાસાગર આવેલો છે, એનું શું ?' આ વખતે પણ અમે લગભગ સાથે જ બોલી ઊઠ્યા.

'એનું શું એ તો મને નથી ખબર ! પરંતુ કદાચ સમુદ્રના તળિયે થઈને આ રસ્તો જતો હોય એવું બની શકે !' આલ્બર્ટો બોલ્યો.

આ બધી ચર્ચા દરમિયાન એક હાથથી બાયનોક્યુલર આંખો પર ચડાવી, બીજા હાથે ટોર્ચ પકડીને ગુફામાં શેરડા ફેંકીને ખાંખાખોળા કરી

રહેલો હેસ્લિંગ બોલી ઊઠ્યો, 'તમે બધાએ ધ્યાનથી જોયું ? આ ગુફા બિલકુલ અવાવરું નથી લાગતી. જાણે કોઈ રોજ આવ-જા કરતું હોય એવી સરસ અને એકદમ ચોખ્ખી લાગે છે !'

અમે સૌ ચૂપ થઈ ગયા. હેસ્લિંગની વાત સાવ સાચી હતી. અમે કૂવા જેવી એ જગ્યાની બીજી દીવાલો તપાસી. અમે ઊતર્યા એની બીજી તરફ બહાર જતા પગથિયાં હતાં ! એ તરફની દીવાલમાં ઝાડી-ઝાંખરાં કે વેલા પણ નહોતાં ! સારું થયું કે આલ્બર્ટો એ તરફથી નહોતો પડ્યો ! નહીંતર એનું એકેય હાડકું સલામત ન રહ્યું હોત !

'તો મિત્રો ! હવે શો વિચાર છે ? રાત અહીં જ રહેવું છે કે પછી આ પગથિયાં દ્વારા બહાર જતા રહેવું છે ?' માઇકલકાકાએ પૂછ્યું. જોકે એમણે અમારા મનની વાત કરી દીધી હોય એવું જ લાગ્યું ! અમે બધા પણ આ કૂવા જેવી જગ્યામાં રાત વિતાવવા નહોતા માંગતા.

અમે એક બીજાનાં મોં પર ટોર્ચ ફેંકીને સંમતિ જાણવાની કોશિશ કરી. પછી એક સાથે બોલી ઊઠ્યા, 'બહાર !'

અમે બધા એક સાથે બોલ્યા એટલે અમારા અવાજના ભયંકર પડઘા પડ્યા. ખાસ કરીને પેલી ગુફામાંથી ! થોડીવાર પછી બધા અવાજો સાવ શાંત થઈ ગયા.

'ડીક ! માતાદી ! માઇકલકાકા ! તમને કોઈને કાંઈ અવાજ સંભળાયો ?' રોબર્ટ ધીમેથી બોલ્યો.

'શેનો અવાજ રોબર્ટ ?' મેં પૂછ્યું.

'કોઈ પ્રાણી બોલતું કે ઘૂરકતું હોય એવો ?' રોબર્ટ એકદમ ધીમેથી બોલ્યો.

અમે સૌ ફરીવાર ચૂપ થઈ ગયા અને ધ્યાનથી સાંભળવા લાગ્યા, પરંતુ અમને કાંઈ સંભળાયું નહીં.

માઇકલકાકાએ પોતાની તરફ બેટરી કરીને ચૂપચાપ બધાને ઉપર જવાનો ઇશારો કર્યો. આલ્બર્ટો હજુ પેલી ગુફા પાસેની તકતી પર ઝીણા કોતરણીમાં લખાયેલ હાયરોગ્લાફ્સ વાંચવાની કોશિશ કરી રહ્યો હતો.

સૌથી પહેલા પોલે પગથિયા ચડવાનું શરૂ કર્યું. એની પાછળ રોબર્ટ, જેક તથા અબીરા અને અબાના ઉપર જવા લાગ્યા. મેં હજુ પ્રથમ પગથિયા પર પગ જ મૂક્યો હતો ત્યાં જ પાછળથી દર્દભર્યો અવાજ આવ્યો :

'ડી...ક... બચાવજે...!!!' અવાજ આલ્બર્ટોનો હતો.

મારા મનમાં ધ્રાસ્કો પડ્યો. મને થયું કે કદાચ ચિલાનના માણસો અમે કાંઠાના ઝાડ સાથે બાંધેલ દોરડું પકડીને ઊતરી આવ્યા હોવા જોઈએ. મેં મારી ટોર્ચનો શેરડો એની દિશામાં ફેંક્યો. હું થથરી ગયો. એક વિશાળકાય જેગ્વાર (Jaguar – ચિત્તાના કુળનું એક માંસાહારી અમેરિકન પ્રાણી) પ્રાણીએ આલ્બર્ટોનો ડાબો ખભો પકડી લીધો હતો. આવા જ પ્રાણીને અમે સાંજે અમારી ગુફામાંથી ભાગીને જતા જોયું હતું.

મેં રિવૉલ્વર કાઢીને હવામાં ફાયર કર્યો, કારણ કે ટોર્ચના હવે થોડાક ઝાંખા થઈ ગયેલા શેરડામાં હું જેગ્વાર પર ગોળી છોડવા જાઉં તો એ બંનેની ઝપાઝપીમાં આલ્બર્ટોને વાગી જવાની પૂરી શક્યતા હતી.

મારી ધારણા સાચી પડી. કાયમ શાંતિમાં રહેવા ટેવાયેલું એ પ્રાણી ગોળીના અવાજથી ડરી ગયું હતું. એણે આલ્બર્ટોને છોડી દીધો અને મારી બાજુમાં થઈને ઝડપથી પગથિયા પર કૂદકા મારતું બહાર જતું રહ્યું. સારું થયું કે એ વખતે રોબર્ટ અને જેક વગેરે છેલ્લા પગથિયાને પાર કરી ગયેલા, નહીંતર જેગ્વારે એમને જરૂર ઈજા પહોંચાડી હોત. જેગ્વાર કદાચ પેલી ઇજિપ્ત તરફ જતી ગુફામાંથી આવ્યું હોય એવું અમને લાગ્યું. એટલે જ એણે ગુફાની નજીક રહેલા આલ્બર્ટો પર હુમલો કર્યો હશે અને પગથિયાં દ્વારા એ રોજ બહાર શિકાર કરવા નીકળતું હશે એટલે જ એ રસ્તેથી એ ભાગ્યું હશે.

અમે ઝટપટ આલ્બર્ટોને તપાસ્યો. એના ખભા તેમજ વાંસામાંથી માંસના લોચા નીકળી ગયા હતા. લોહી પણ ખૂબ ઝડપથી જતું હતું. મેં મારું જેકેટ કાઢીને આલ્બર્ટોના ખભા પર દબાવી દીધું. હવે અમને એ કૂવામાં રહેવું ભયભરેલું લાગતું હતું. આલ્બર્ટોને ટેકો આપી અમે બની શકે એટલી ઝડપથી બહાર આવ્યા. આલ્બર્ટોને કૂવાથી થોડે દૂર આવેલ સપાટ જગ્યામાં સૂવડાવ્યો. એટલી વારમાં માઇકલકાકાની સૂચનાથી પીલ, જેક, રોબર્ટ અને અબીરા આજુબાજુની ઝાડીઓમાંથી બની શકે એટલા સુક્કાં લાકડાં લઈ આવ્યા અને અગ્નિ સળગાવી દીધો.

તાપણું થયા પછી આજુબાજુના ઝાડ હવે સ્પષ્ટ દેખાતા હતા. એમાંથી સૂકી દેખાતી ડાળીઓ પણ અમે તોડી લીધી. બાજુમાં એક ઝાડ સાવ સુકાયેલું હતું. એની નીચે મોટી તોતિંગ ડાળી પડી હતી. અમે એના થઈ શકે એટલા

ટુકડા કરી અમારી આજુબાજુ અગ્નિ ગોઠવી દીધો. જેથી રાતના જેગ્વાર ફરીથી આવવાની હિંમત ન કરે. નહીંતર શિકારને પડતો મૂકીને ભાગેલું રાની પશુ, ફરીવાર જરૂર પાછું આવતું હોય છે.

એ સમય દરમિયાન મેં ફર્સ્ટએઇડ બૉક્સમાંથી સામગ્રી કાઢીને આલ્બર્ટોના ઘાને સાફ કરી નાખ્યા. અબાનાએ પોતાના થેલામાંથી પાંદડાં કાઢીને લેપ બનાવ્યો. પછી આલ્બર્ટોના ઘા પર લગાવી દીધો અને એના પર બની શકે એટલો કચકચાવીને પાટો બાંધી દીધો. એ પછી આલ્બર્ટોને થોડુંક સારું લાગ્યું હોય એવું લાગ્યું.

હવે અમને કોઈને જમવાની ઇચ્છા જ રહી નહોતી, છતાં અમે ડ્રાય ટોસ્ટ અને કૉફીનો નાસ્તો પતાવ્યો. એ રાત્રે બધાએ આગળની રાતની જેમ જ વારાફરતી જાગવું એવું નક્કી કરવામાં આવ્યું. અમારે વહેલા સૂઈને સવારમાં બે વાગ્યે જાગવાનું હતું. એટલે હું સૂવા પડ્યો. રાત્રે આલ્બર્ટોને જરૂર પડે તો ? એમ વિચારીને હું એની બાજુમાં જ સૂતો હતો.


રાત્રે લગભગ બે વાગ્યાની આસપાસ મારી ઊંઘ ઊડી ગઈ. કદાચ હવામાં ઠંડી વધવાથી હશે. મેં જોયું તો અબાના તેમજ માઇકલકાકા તાપણીની બાજુમાં બેઠા બેઠા ગપ્પાં મારતા હતા. એમની સામે મારી નજર પડી એટલે માઇકલકાકાએ મને હાથથી જ ઇશારો કરી મને સૂઈ જવા કહ્યું. એનો અર્થ કે હજુ અમારો ઊઠવાનો સમય નહોતો થયો. હું ફરીથી આડો પડ્યો. મારી આંખ બંધ થવાની તૈયારી જ હતી, ત્યાં જ મને મારા હાથ નીચે કંઈક ભીનું લાગ્યું. મેં ટૉર્ચ કરીને જોયું તો લોહી હતું. આલ્બર્ટોની પીઠમાંથી હજુ ખૂબ જ ઝડપથી લોહી નીકળતું હતું.

ગભરાઈને મેં અબાનાને બોલાવ્યો. એ અને માઇકલકાકા તાપણીના નજીક બેઠા હતા ત્યાંથી મારી પાસે આવ્યા. આલ્બર્ટોના ઘામાંથી નીકળતું લોહી જોઈને એમના ચહેરા પર ચિંતાના ભાવ આવી ગયા. આલ્બર્ટોને સખત તાવની શરૂઆત પણ થઈ ગઈ હતી. કદાચ ઘામાં પાકની પણ શરૂઆત થઈ ગઈ હશે એવું લાગતું હતું.

'ડીક ! હવે શું કરીશું ? લાગે છે કે આલ્બર્ટોના ઘાને ટાંકા લેવા પડશે આ વખતે ફર્સ્ટ એઇડ બૉક્સમાં સોય-દોરો મૂકવાનું ભુલાઈ જ ગયું છે ! જો એમ નહીં કરીએ તો આલ્બર્ટોની જિંદગી જોખમમાં મુકાઈ જશે, કારણ કે

સાંજથી અત્યાર સુધીમાં એનું ખાસ્સું લોહી વહી ગયું છે.' અબાના બોલ્યો. એના મોઢા પર અત્યંત ચિંતાના ભાવો હતા. એ થોડી વાર આલ્બર્ટોના ઘા પર બાંધેલ પાટામાંથી ટપકતાં લોહીને જોઈ રહ્યો. પછી અચાનક કાંઈક યાદ આવ્યું હોય એમ ઊભો થઈ ગયો. અમારું ટોસ્ટનું ખાલી ડબલું તેમજ ટૉર્ચ લઈ એ આજુબાજુના ઝાડના થડ પાસે જોવા લાગ્યો. દોડતો એ પાછો આવ્યો. પાણીની બૉટલ લઈને પાછો ગયો. એક ઝાડના થડ પાસે વાંકા વળીને એક જગ્યાએ એણે પાણી ઢોળ્યું. પછી ઝડપથી કાંઈક વીણી વીણીને પેલા ખાલી ડબલામાં નાખવા લાગ્યો. થોડી વાર પછી દોડતો પાછો આવ્યો. અમારાં મોં પર આશ્ચર્યના ભાવો જોઈને એ હસી પડ્યો. હસતાં હસતાં એણે પેલા પારદર્શક ડબલા તરફ ટૉર્ચ કરી. એમાં મોટા મોટા મંકોડા હતા !

એ પછી અબાનાએ પાંદડાંનો લેપ ફરીથી બનાવ્યો. આલ્બર્ટોના પાટા ખોલીને લોહી સાફ કર્યું. એ પછી એક હાથે એનો ઘા સરખો કરતો ગયો અને એક હાથે મકોડાને એવી રીતે ગોઠવી દેતો હતો કે એના આંકડા બરાબર ઘાની આજુબાજુ ભરાઈ જાય. મકોડો બરાબર ડંખ બેસાડી દે એટલે અબાના નખ વડે એનું માથું જુદું કરી દેતો હતો. મકોડી એની ખાસિયત મુજબ ટાંકા લીધા હોય એમ બરાબર ઘા પર ગોઠવાઈ જતો હતો. લગભગ ચાલીસેક મકોડાનો ઉપયોગ કરી અબાનાએ આલ્બર્ટોના ઘામાંથી લોહી વહેતું બંધ કરી દીધું. એની આ કાબેલિયત જોઈ અમે બધા દંગ થઈ ગયા.*



મકોડાથી આલ્બર્ટોનો ઘા સાંધતો અબાના

* પ્રાચીન ભારતમાં આ પદ્ધતિથી ટાંકા લેવામાં આવતા હતા.

'તને ખબર છે ડીક ! આ રીતે ઘાને સાંધવાથી બીજો શો ફાયદો થાય ?' હાથ સાફ કરતા કરતા અબાનાએ પૂછ્યું.

મેં ના પાડી.

'મકોડાના મોંમાં – ડંખમાં એક ઝેર હોય છે. જે ખટાશવાળું હોય છે. એના કારણે ઘામાં પાક થતો અટકી જાય છે.' અબાનાએ કહ્યું. અમને એના જ્ઞાન માટે ખરેખર માન થઈ આવ્યું હતું. હવે આલ્બર્ટોને થોડી વધારે રાહત થઈ હોય એવું દેખાતું હતું. મેં એના માથા પર હાથ મૂક્યો, પરંતુ અમે કદાચ થોડાક મોડા પડ્યા હતા. એને ધગધગતો તાવ હતો ! એને ઈજા થયાને પાંચેક કલાક કરતા વધારે સમય પસાર થઈ ચૂક્યો હતો અને ઘામાં પાક થવાની શરૂઆત થઈ ગઈ હતી.

અબાનાએ ફરીથી થોડાં પાંદડાંનો રસ કાઢીને આલ્બર્ટોને પીવડાવ્યો. ઉપરાંત સહદેવી વનસ્પતિ એની બાજુમાં મૂકી. એનાથી થોડીવારમાં આલ્બર્ટોને તાવ ઓછો થવા માંડ્યો. એને તાવમાં રાહત થઈ એ પછી માઇકલકાકા અને અબાના સૂવા પડ્યા. મારી ઊંઘ લગભગ પૂરી થવા આવી હતી. એટલે મેં એકલાએ જાગવાનું નક્કી કર્યું. મેં રાઇફલ મારા ખભે લટકાવી. રિવૉલ્વરમાં ઓછી થયેલ ગોળી ફરીથી ભરી લીધી.

તાપણાનાં લાકડાં સરખાં કરી હું ફરીથી આલ્બર્ટોની બાજુમાં બેઠો. એનો તાવ ફરી એકવાર વધી ગયો હતો. મેં એના ચહેરા પર ટૉર્ચ ફેંકી. હું ચમકી ગયો. એના મોઢામાંથી ફીણ નીકળી રહ્યા હતા. એનું મોં અત્યંત ફિક્કું લાગતું હતું. ઘડીક મને બધાને ઉઠાડવાનો વિચાર થઈ આવ્યો, પણ એ બધા ઊઠીને પણ શું કરવાના હતા ? એમ વિચારીને મેં પાણીથી ભીનું કરેલ પોતું એના કપાળ પર મૂક્યું. બરાબર એ જ વખતે પેલા કૂવામાંથી કંઈક અવાજ આવ્યો. મેં રાઇફલ કાઢીને હાથમાં લીધી. ટૉર્ચનો શેરડો બરાબર કૂવા તરફ રાખીને હું તૈયાર બેઠો જેથી કરીને બીજું એકાદ જેગ્વાર નીકળે તો તરત જ એને ભગાડી શકાય.

થોડીવાર વીતી ગયા પછી મને એક વિચિત્ર ઘટના જોવા મળી. કૂવામાંથી આછો સફેદ ધુમાડો નીકળતો હોય એવું લાગતું હતું. ટૉર્ચના શેરડાથી એ કૂવામાંથી જ નીકળે છે એ તો બરાબર દેખાતું હતું. પરંતુ સવાલ એ હતો કે કૂવામાંથી ધુમાડો નીકળે ક્યાંથી ? શું ઝાડી-ઝાંખરામાં આગ લાગી હશે ?

ક્ષણ પૂરતો મને વિચાર આવી ગયો કે હું ત્યાં જઈને જોઈ લઉં, પરંતુ બરાબર એ જ વખતે આલ્બર્ટોએ ઊંહકારો કર્યો, એના કારણે તાપણાની પેલી તરફ જવાની મારી ઇચ્છા મરી ગઈ. અચાનક કોઈ જંગલી પશુ હુમલો કરે તો ? એ વિચારથી હું અટકી ગયો.

થોડી વાર પછી કૂવામાંથી નીકળતો ધુમાડો બંધ થઈ ગયો. બસ એ જ વખતે મારી આંખો ઘેરાતી હોય એવું મને લાગ્યું.

* * *

'ડીક ! એય ડીક ! અરે એય ઊંઘણશી ! ઊઠ ! સવારના દસ વાગી ગયા છે. આપણે જલદી રવાના થવાનું છે. ચાલ, નહીંતર પેલો ઘરડો ચિલાન અહીં પણ આવી પહોંચશે !' રોબર્ટ તેમજ પોલનો અવાજ સાંભળી મારી ઊંઘ ઊડી ગઈ.

આંખો ચોળતો હું બેઠો થઈ ગયો. હાથ-મોં ધોઈને હું સૌ પ્રથમ કૂવાના કાંઠા પર ગયો. અંદર જોયું તો ક્યાંય આગ લાગી હોય એવી કોઈ જ નિશાનીઓ નહોતી. મને નવાઈ લાગી, કારણ કે મેં મારી સગી આંખે કૂવામાંથી ધુમાડો નીકળતો જોયો હતો. અચાનક મને આશ્ચર્ય થયું કે મારી બાજુમાં સૂતેલો ખૂબ જ માંદો આલ્બર્ટો અત્યારે એની જગ્યાએ નહોતો. મારાથી માઇકલકાકાને પુછાઈ ગયું, 'કાકા ! આલ્બર્ટો ક્યાં ? એને હવે કેમ છે ?'

'અરે ડીક ! અમે તને એ જ કહેવા માંગતા હતા કે આલ્બર્ટોને હવે સાવ સારું છે ! એ તો કહેતો હતો કે એને દુઃખાવો પણ મટી ગયો છે. ઊઠીને એ આજુબાજુનાં જંગલમાં આંટો મારવા ગયો છે. બોલ, માન્યામાં આવે છે ? આ છે આપણા અબાના વૈદ્યનો ચમત્કાર !' માઇકલકાકા બોલ્યા. એમના અવાજમાં ખુશી અને આશ્ચર્ય બંને સ્પષ્ટ દેખાઈ આવતાં હતાં.

મને પણ નવાઈ લાગતી હતી. અબાનાની દવાઓનો ચમત્કાર મેં પણ જોયો જ હતો. પરંતુ આટલી ઝડપે આલ્બર્ટોનું સાજા થઈ જવું એ મારા ગળે ઊતરતું જ નહોતું, પણ એ જે હોય તે ! આલ્બર્ટો સાજો થઈ ગયો એ અમારા માટે તો આનંદની વાત જ હતી.

મને કકડીને ભૂખ લાગી હતી. અબીરાએ ટોસ્ટ અને કૉફીની સાથે બિસ્કિટ્સ પણ મને આપ્યા. મેં પેટ ભરીને એ નાસ્તાને ન્યાય આપ્યો. એટલી વારમાં આલ્બર્ટો પણ ફરીને આવી ગયો હતો. એના ચહેરા પરથી એ જરા

પણ માંદો હોય એવું નહોતું લાગતું. મેં એને ઘા બતાવવા કહ્યું. આલ્બર્ટોએ શર્ટ કાઢ્યું. હું એના ઘા સામે જોઈને ઠરી જ ગયો. એના ઘાની જગ્યાએ સાવ સામાન્ય નિશાન જ રહ્યાં હતાં.

'આલ્બર્ટો ! તને જરા પણ દુખાવો નથી થતો ?' મારાથી પુછાઈ ગયું, 'અને ભાઈ, ખાલી મકોડાથી જ આ ઘા આટલા જલદી રુઝાઈ જાય એ પણ મારા માન્યામાં નથી આવતું. હેં અબાના ! તારા લેપમાં આટલી બધી જાદુઈ અસર હોય છે ?' મેં અબાના તરફ ફરતા કહ્યું.

'હેં ?! હંમ્... મ્...! ના, નહીં તો ! એનાથી સાત-આઠ દિવસમાં રૂઝ આવી જાય, પરંતુ આટલી જલદી રૂઝ આવતા તો મેં પણ નથી જોઈ !' આલ્બર્ટોના આટલા જલદી સારા થઈ ગયેલા ઘા જોઈને અબાના પણ બાઘા જેવો થઈ ગયો હતો. એ પણ જે બન્યું તેને નહોતો સ્વીકારી શકતો એ સાફ દેખાઈ આવતું હતું.

પણ અમારામાંથી કોઈની પાસે આનો ઉકેલ નહોતો. એટલે એ વાતને ત્યાં જ પડતી મૂકીને અમે ન્યુવો તરફ આગળ વધવાની તૈયારી શરૂ કરી દીધી. બધાએ પોતપોતાના સામાનનો થેલો ખભે નાખ્યો, ત્યારે જ મને ખબર પડી કે મારો થેલો ત્યાં નહોતો ! હું ચમકી ગયો ! અમે આજુબાજુ બધે જોયું. થેલો ક્યાંય નહોતો.

'અરે ડીક ! તારો થેલો નીચે કૂવામાં પડ્યો છે !' બાયનોક્યુલર લઈને કૂવામાં ડાફોળિયા મારી રહેલા હેસ્લિંગે કહ્યું !

હું અને રોબર્ટ સાવચેતીપૂર્વક કૂવામાં ઊતર્યા. એના હાથમાં રાઇફલ અને મારા હાથમાં રિવૉલ્વર હતી. નીચે ઊતર્યા પછી રોબર્ટ નીચેના પગથિયા પાસે ઊભો રહ્યો અને હું પેલી ગુફાના પ્રવેશદ્વાર પાસે પડેલ મારો થેલો લઈ આવ્યો. થેલો બંધ જ હતો. મેં એ ખોલીને ઝડપભેર જોઈ લીધું. એમાંથી કાંઈ ઓછું થયું હોય એવું લાગતું નહોતું. એ પછી અમે બંને ઝડપથી કૂવામાંથી બહાર આવી ગયા.

બપોરના અગિયાર વાગવા આવ્યા હતા. અમે ઝડપથી ન્યુવો તરફ ચાલવાનું શરૂ કરી દીધું. અમે એકની પાછળ એક એમ ચાલતા હતા. સૌથી આગળ માઇકલકાકા હતા અને સૌથી પાછળ હું હતો. જેક, રોબર્ટ, હેસ્લિંગ તેમજ પોલ ઠઠા-મશ્કરી કરતા ચાલતા હતા, પરંતુ મારું મન બરાબર

ચકરાવે ચડ્યું હતું. મને વારંવાર વિચાર આવતો હતો કે, 'મારો થેલો કૂવામાં પહોંચ્યો કઈ રીતે ? અને બીજું મેં મારી સગી આંખે કૂવામાંથી ધુમાડો નીકળતા જોયો હતો, પરંતુ કૂવામાં તો આગ લાગી હોય એવી એક પણ નિશાની નહોતી. એ કઈ રીતે બને ?'

'કેમ ડીક ! કાંઈ ઊંડા વિચારોમાં પડી ગયો છો ? શું વાત છે ?' મારી આગળ ચાલી રહેલા અબાનાએ પૂછ્યું.

'અબાના ! મને ખાતરી છે કે હું મારો થેલો લઈને જ કૂવાની બહાર નીકળ્યો હતો. તો પછી એ પાછો કૂવામાં કઈ રીતે પહોંચી ગયો હશે ?' મેં જાણી જોઈને ધુમાડાવાળી વાત ન કરી, કારણ કે એ વાતનું બીજું કોઈ સાક્ષી નહોતું અને મને ખાતરી હતી કે બધા – એ તો થાકના કારણે હશે – એમ કહીને મારી વાત ઉડાડી દેશે.

'ડીક ! મને તો લાગે છે કે કાલે રાત્રે આલ્બર્ટો ઘવાયો ત્યારે તું જ એને ટેકો દઈને બહાર લાવ્યો હતો. એ વખતે જ કદાચ તારો થેલો કૂવામાં રહી ગયો હશે !' અબાનાએ કહ્યું.

મેં મૂંગા મૂંગા માથું ધુણાવ્યું.

એ પછી અમે ઘણી વાર સુધી ચૂપચાપ ચાલતા રહ્યા.

લગભગ સાંજના પાંચેક વાગવા આવ્યા ત્યારે અને ન્યુવોની બહારની ઝાડીઓ સુધી પહોંચી ગયા.

'ડીક ! માઇકલકાકા ! ઊભા રહો !' અચાનક આલ્બર્ટો બોલ્યો, 'આપણે અહીં ઝાડીઓમાં જ રાત રહીએ તો કેવું ? ન્યુવો તો મારું ઘર છે. વહેલી સવારના ગમે ત્યારે મારા ઘરે જવામાં મને કોઈ તકલીફ નહીં પડે. અત્યારે જઈશું તો કદાચ ચિલાનના કોઈ બાતમીદારને ખબર પડી જાય એવી મને બીક લાગે છે ! વહેલી સવારે લગભગ કોઈ જ આપણને નહીં મળે !'

અમને સૌને આલ્બર્ટોની વાત બિલકુલ સાચી લાગી. એ રાત અમે સૌ ઝાડીઓમાં જ રોકાઈ ગયા.

વહેલી સવારના હજુ અંધારું હતું એ વખતે જ અમે નીકળી ગયા. આલ્બર્ટો એક નાનકડી કેડી પર ચલાવીને અમને એના ઘર સુધી લઈ ગયો. સવારનો સમય હોવાથી રસ્તો સૂમસામ હતો. અમે બધા ગુપચૂપ એની પાછળ ચાલતા હતા. હું વિચાર કરતો હતો કે નવ દિવસ પહેલા જ અમે એના ઘર

પાસેથી નીકળ્યા હતા. આજે ફરીથી ત્યાં જ જઈ રહ્યા હતા, પરંતુ આટલા જ દિવસોમાં સંજોગો અને પરિસ્થિતિ બંને કેવા બદલાઈ ગયાં હતાં ?

કોઈ જોઈ ન જાય એની તકેદારી સાથે આલ્બર્ટોએ પોતાના ઘરના આંગણામાં પ્રવેશ કર્યો. સૌ પ્રથમ તો એણે વાંકા વળીને પોતાના ફળિયાની માટી માથે ચડાવી. કદાચ એ જીવતો પાછો આવશે એવું એણે જ નહીં ધાર્યું હોય. ત્યાર પછી ધીરેથી આગળ વધી, આજુબાજુ જોઈ, કોઈ જોતું નથી એની ખાતરી કરી લીધા પછી એણે ખૂબ જ ધીમેધીમે પોતાના ઘરનું બારણું ખખડાવ્યું.

એ પછી થોડી ક્ષણો એમ જ પસાર થઈ. આલ્બર્ટોએ બીજી વખત જોરથી બારણાની સાંકળનો અવાજ કર્યો.

વહેલી સવારના હજુ સ્ટ્રીટ લાઇટો ચાલુ હતી. રસ્તા પરની લાઇટ આલ્બર્ટોના બારણા પર પડતી હતી. કોઈએ બારણું સહેજ ખોલીને પહેલાં ડોકિયું કર્યું. અમને લાગ્યું કે કદાચ જુલિયાના હશે. એણે અમને બધાને જોઈને તરત જ બારણું પૂરેપૂરું ખોલી નાખ્યું. બારણું ખોલનાર સ્ત્રીને જોતાં જ અમે આશ્ચર્યચકિત થઈ ગયા. એ જુલિયાના નહોતી ! અમારાં બધાનાં મોંમાંથી એક સાથે નીકળી ગયું : **'ઇત્ઝેલ ! તું !? તું અહીંયા ક્યાંથી ?'**



ચિલાનનો ભેટો તથા સેમાના સાન્તા !

અમારા બધાનું આશ્ચર્ય જોઈને ઇત્ઝેલ ખડખડાટ હસી પડી. પછી બોલી, 'એમ મોં ફાડીને બધા બહાર જ ઊભા રહેશો કે અંદર પણ આવશો ?'

અમે બધા પણ હસી પડ્યા. પછી ઘરમાં પ્રવેશ્યા. બધા અંદર આવી ગયા પછી આલ્બર્ટો ફરી એક વખત દરવાજા સુધી જઈને એને બરાબર બંધ કરી આવ્યો. ત્યારબાદ દોડતા અંદર આવીને એણે એના ઘરનાં બારણાં બંધ કરી આગળિયો વાસી દીધો. એના મોં પર ગભરાટ હતો.

બરાબર એ જ વખતે રસોડામાંથી જુલિયાના બહાર આવી. આવતા વેંત એ આલ્બર્ટોને ભેટી પડી. મા-દીકરો ધરાઈને રડ્યાં. પછી જુલિયાનાએ અમારા બધાનો આભાર માન્યો. અમે નાસ્તો પતાવ્યો ત્યાં સવારના ૧૦ વાગી ગયા. એ પછી અમે ગપ્પા મારતા બેઠા હતા.

'કેમ છે ભાઈઓ ! મારી ઓળખાણ આપવાની જરૂર ખરી ?' બાજુના ઓરડામાંથી બહાર આવતા અબ્રાન બોલ્યો. એણે અમારા બધા જોડે હાથ મિલાવ્યા.

'તો ઇત્ઝેલ તું અને અબ્રાન અહીં ક્યારે પહોંચ્યાં ? તમે બંને તો મેરિડા જતાં રહેવાના હતાં ને ?' માઇકલકાકાએ પૂછ્યું.

'હા ! મેરિડા જ જવાના હતાં !' અબ્રાને કહ્યું, 'પરંતુ રસ્તામાં જ ઇત્ઝેલ પૂરી ભાનમાં આવી ગઈ. એણે મેરિડા જવાની ના પાડી દીધી. અમે એ વખતે મેરિડાથી થોડા જ દૂર હતા, પરંતુ ઇત્ઝેલનો આગ્રહ હતો કે સૌ પ્રથમ જુલિયાનાને ન્યુવોમાંથી દૂર લઈ જવી. એટલે અમે મેરિડા જવાને બદલે કાન્સેહમાં જ રાત રહી ગયાં. ઇત્ઝેલની તબિયત સારી નહોતી. એને વારંવાર મોળો જીવ થતો હતો તેમજ ચક્કર આવતાં હતાં. એટલે બીજા દિવસે ધીમે ધીમે ચાલતા અમે ઈઝમાલ પહોંચી ગયાં. અમારા ઘરેથી પાસપોર્ટ તેમજ થોડાં કપડાં લઈને તથા એક રાત રહીને પછી ટેમાક્ષ થઈને ટીઝીમીન પહોંચ્યાં. ટીઝીમીનમાં અમારે ત્રીજી રાત પસાર કરવી પડી. ગઈ કાલે ઇત્ઝેલને સાવ સારું થઈ ગયું. એ પછી કેન્ટુનીલ્કીન થઈને કાલે સાંજે અમે અહીં પહોંચ્યાં. જો તમે થોડા મોડા પહોંચ્યા હોત તો અમે જુલિયાનાને લઈને નીકળી જ

જવાના હતા. અમને ખાતરી હતી કે તમે નહીં મળો તો પણ ચિલાન અને એના માણસો ત્યાં લોલટુનની આજુબાજુ જ બેથી ત્રણ દિવસ રાહ જોશે. એ પછી કંટાળીને એ ચિચેન ઇત્ઝા પાછો જશે. એ વખતે જો એના મનમાં જુલિયાનાને બંદી બનાવી એના દ્વારા આલ્બર્ટોને પાછો બોલાવવાનો વિચાર આવી જાય તો પછી જુલિયાનાને બચાવવી મુશ્કેલ થઈ પડે. એટલે ચિલાન કે એના માણસો અહીં આવી પહોંચે એ પહેલાં અહીંથી નીકળી જવાની અમારી યોજના હતી !'

'તો પછી ચાલો ! આપણે જલદીથી નીકળી જઈએ !' અચાનક પોલ બોલી ઊઠ્યો.

'હાસ્તો ! કોબામાં મેં બે-ત્રણ જણાને મારી સામે નવાઈથી જોતા અને કદાચ મને ઓળખી ગયા હોય એવા ભાવ સાથે જોયા હતા. એ લોકોએ ચિલાનને સમાચાર આપ્યા હોય એવી પૂરેપૂરી શક્યતાઓ છે. એટલે પોલ સાચું જ કહે છે. આપણે જલદીથી નીકળી જ જઈએ !' આલ્બર્ટોએ કહ્યું. એના મોં પર સ્પષ્ટપણે ભય દેખાતો હતો.

'નહીં ! હમણાં જમવાનું તૈયાર થઈ જશે, પછી બધા ઝડપથી જમી લો ! ત્યાર પછી નીકળીએ !' રસોડામાંથી બહાર આવતા ઇત્ઝેલ બોલી, 'તમારા બધાના ચહેરા જોતા એવું લાગે છે કે ઘણા દિવસથી તમે કોઈએ ઢંગનું ખાધું નહીં હોય તેમજ નહાયા પણ નહીં હો ! એટલે જમીને, નહાઈ-ધોઈને તાજા થઈ જાવ. પછી જલદીથી આપણે નીકળી જઈએ. હું માનું છું કે ચિલાનના માણસો એમ એટલા ઝડપથી આપણા સુધી નહીં પહોંચી શકે !'

ઇત્ઝેલનો વિશ્વાસ ગજબનો હતો. એની વાત બિલકુલ સાચી હતી. ઘણા બધા દિવસથી અમે બધાએ ઢંગનું ખાધું જ નહોતું અને નાહ્યા પણ નહોતા.

અમે નિરાંતે જમ્યા. ઇત્ઝેલનાં વાક્યોથી આલ્બર્ટોને પણ શાંતિ થઈ હતી. એના ચહેરા પરનો ગભરાટ જતો રહ્યો હતો. જમી લીધા પછી જુલિયાનાએ અમને પાણી ગરમ કરી આપ્યું. એના ઘરના પાછળના વાડામાં આવેલા બાથરૂમમાં હૂંફાળા સરસ પાણીથી અમે વારાફરતી નાહ્યા. માઇકલકાકાએ નાહી લીધું પછી અબાના છેલ્લો નાહવા ગયો. ઇત્ઝેલ તેમજ જુલિયાનાએ ખભે લઈ જઈ શકાય એટલો સામાન બાંધી લીધો. એ જ વખતે ધડાકા સાથે ઘરનાં બારણાં ખૂલી ગયાં. હજુ અમે કંઈ સમજીએ કે અમારી બંદૂક કે રાઇફલ બહાર

કાઢીએ એ પહેલા જ પાછળનાં બારણાં પણ એમ જ ખૂલી ગયાં. એ સાથે જ લગભગ ત્રીસેક માયા યોદ્ધાઓ એક પછી એક ઘરમાં દાખલ થઈ ગયા. આ વખતે એમના હાથમાં ઑબ્સિડિયન ભાલાઓ નહોતા, રાઇફલ્સ હતી અને એના નાળચાં અમારી છાતી પર ગોઠવાયેલાં હતાં.

કંઈપણ બોલ્યા વિના એ લોકોએ અમને ઘરની બહાર આવવાનો ઇશારો કર્યો. અમે એક પછી એક બહાર નીકળ્યાં. આલ્બર્ટોના ફળિયામાં અમને લાઇનમાં ઊભાં રાખીને એક યોદ્ધાએ વારાફરતી અમારી તલાશી લીધી. અમારી પાસેથી મળેલી રિવૉલ્વર એણે પોતાની પાસે રાખી લીધી. રાઇફલ તો એ લોકોએ ઘરમાં જ ખૂંચવી લીધી હતી. એ પછી એ લોકોએ અમારા બધાના હાથ પાછળ બાંધી દીધા.

એ જ વખતે બહારના દરવાજામાંથી ચિલાન અને રામીરો દાખલ થયા. માયા યોદ્ધાઓ નમીને બાજુમાં ઊભા રહી ગયા. રામીરો તેમજ ચિલાન બંનેએ અમારી સામે જોઈને ખંધું હાસ્ય વેર્યું. ત્યાર પછી ચિલાન જોરથી કંઈક બોલ્યો. અબ્રાન મારી બાજુમાં જ હતો. એણે ધીમેથી મારા કાનમાં કહ્યું કે, 'ચિલાન કહે છે કે બેટમજીઓ, ચાકમુલ દેવતાના હાથમાંથી ભાગવું સહેલું થોડું છે ? કુકુલ્કાન તમને પકડી જ લેવાના હતા ! કાં, પકડાઈ ગયાને ! હવે થઈ જાવ વધ માટે તૈયાર !'

હું ધ્રૂજી ગયો. આલ્બર્ટો તેમજ જુલિયાનાની દશા સૌથી ખરાબ હતી. એ બંને સુક્કાં પાંદડાંની માફક ધ્રૂજતાં હતાં.

ચિલાન ઇત્ઝેલ તરફ ફરીને જોરજોરથી ઘાંટા પાડવા લાગ્યો. પછી એણે પોતાના જ વાળ જોરજોરથી ખેંચ્યા. એ શું કહી રહ્યો હશે એ સમજવાની જરૂર નહોતી. ઇત્ઝેલ માટેનો એનો ગુસ્સો આપોઆપ સમજાઈ જાય એવો હતો !

ચિલાને એના માણસોને કંઈક કહ્યું. રામીરોએ અમને અમે સમજી શકીએ એવી રીતે બહાર નીકળવાનું કહ્યું. અમારા માટે કોઈ છૂટકો જ નહોતો. અમારી આગળ પાંચેક યોદ્ધાઓ, થોડાક અમારી આજુબાજુ તેમજ બાકીના અમારી પાછળ ચાલતા હતા. બધાની પાછળ ચિલાન, રામીરો અને અન્ય યોદ્ધાઓ ઘોડા પર ચાલતા હતા. એમના ઘોડાઓ તરફ જોઈને મારી આગળ ચાલી રહેલ હેસ્લિંગે સહેજ માથું ફેરવીને ધીમા અવાજમાં કહ્યું, 'ડીક ! આ

ઘોડાઓને ધ્યાનથી જો તો ! એ લોકો પાસે છે એ ઘોડાઓ આપણે લોલટુનની ગુફાઓની બહાર છોડી દીધેલા એ જ તો નથી ને ?!'

મને હેસ્લિંગની વાત સાચી લાગી. ઘોડાઓ તો એ જ લાગતા હતા, પરંતુ અત્યારે એ અંગે અમે કંઈ પણ કરી શકીએ એમ નહોતા.

અમને ઉત્તર-પૂર્વ દિશામાં ઝડપથી ચલાવતા એ લોકો ન્યુવોથી ખાસ્સા દૂર નીકળી આવ્યા. અમને વારંવાર સૂર્ય તરફ જોતા જોઈને ચિલાને બૂમ પાડી. ચાર-પાંચ યોદ્ધાઓએ દોડતા આવી, એક ખેસ જેવા કપડામાંથી કકડાઓ ફાડીને અમારા બધાની આંખો પર પટ્ટી મારી દીધી – જેથી અમે રસ્તો ન જોઈ શકીએ ! હવે અમે કઈ તરફ જઈ રહ્યાં હતાં એની ખબર નહોતી પડતી.

લગભગ બે-એક કલાક એમ જ ચાલ્યા પછી અમને અટકવાનું કહેવામાં આવ્યું. અમે ઊભાં રહી ગયાં. એક માણસે આવી અમારી આંખો પરથી પટ્ટી કાઢી નાખી. મારી એક તરફ અબ્રાન અને બીજી તરફ હેસ્લિંગ ઊભા હતા.

અમે જોયું તો અમે જ્યાં ઊભાં હતાં તે ચારે તરફ ઊંચા પહાડોની વચ્ચે આવેલી એક સપાટ જગ્યા હતી. બાજુમાં જ એક રસ્તો પસાર થતો હતો. જે ચિલાનને ખૂંચતું હતું કદાચ એટલા માટે જ એ વારંવાર એ રસ્તા તરફ જોઈ લેતો હતો. એને કોઈના ત્યાં આવી જવાની બીક લાગતી હોય એવું દેખાઈ આવતું હતું.

રામીરોએ ચિલાનને કંઈક પૂછ્યું. પછી બંને જણ મયન ભાષામાં વાતો કરવા લાગ્યા. એ લોકોનું ધ્યાન અચાનક જ અબ્રાન પર પડ્યું. રામીરોએ ચિલાનના કાનમાં કંઈક કહ્યું. બંને થોડા દૂર જતા રહ્યા.

'ડીક ! તને ખબર પડી એમણે શું વાત કરી તે ?' અબ્રાને મારા કાન પાસે એનું મોં લાવતા પૂછ્યું.

મેં ના પાડી.

'રામીરો કહે છે કે આ રસ્તા પર લોકોના આવવાની શક્યતાઓ છે, એટલે પાછળ જંગલોમાં જતા રહેવું જોઈએ. પરંતુ ચિલાન કહે છે કે હવે જેમ બને તેમ જલદી આ કામ પતાવી લેવું જોઈએ. રાત પડી જાય તો ફરી પાછું કંઈક વિઘ્ન આવી પડે અને મુશ્કેલી પડે. એનું કહેવું છે કે આમેય આ રસ્તા પરથી ભાગ્યે જ કોઈક પસાર થતું હોય છે !'

રામીરો અને ચિલાનને અમારી તરફ ફરીથી આવતા જોઈને અમે ચૂપ થઈ ગયાં. ચિલાને રસ્તાની નજીક પાંચેક મયન યોદ્ધાઓને ઊભા રાખ્યા. ઇત્ઝેલને એણે ત્યાં દૂર જ ઊભી રાખી. ત્યારબાદ તેણે ચાકમૂલ દેવતાનું મહોરું પહેરી લીધું. એ પછી એ અમને પથ્થરોની આડશમાં લઈ ગયો. એના માણસોએ આલ્બર્ટોને ભૂરો રંગ લગાવવાની તૈયારી શરૂ કરી. ચિલાને પૂજાની સામગ્રી કાઢી. અગ્નિ પ્રગટાવ્યો અને જોરશોરથી મંત્રોચ્ચાર શરૂ કર્યો. એ જે કંઈ બોલતો હતો, અબ્રાન એ વાક્યોનું ભાષાંતર કરતો જતો હતો.

અબ્રાનના કહેવા પ્રમાણે ચિલાન બોલતો હતો કે, 'હે વિશ્વ શક્તિ ! જાગો ! હે ચાકમૂલ ! જાગો ! અમારી ભૂલોને માફ કરો ! તમે તો માણસ, વૃક્ષો, પશુ તેમજ પક્ષીઓને એક સમાન ગણો છો ! અમે જ તમને સમજવામાં ભૂલ કરીએ છીએ. હે સૂર્ય, ચંદ્ર, વૃક્ષો તેમજ પવનના આત્માઓ, આવો ! અમે તમને આ વિધિમાં આવકારીએ છીએ ! હુનાબ કુ દેવના હે વંશજો ! અમારી પર કૃપા કરો !' આવું આવું તો કેટલુંય એ બોલ્યો.

બરાબર એ જ વખતે રસ્તા તરફ ધ્યાન રાખીને ઊભા રહેલા એક માણસે બૂમ પાડી. એ સાંભળીને ચિલાનનું મોં પડી ગયું.

અબ્રાને મારા કાનમાં કહ્યું, 'નવાઈ લાગે છે. પેલો માણસ કહે છે કે સેમાના સાન્તાનું સરઘસ આવી રહ્યું છે. આ રસ્તા પરથી સેમાના સાન્તાનું સરઘસ નીકળે એ આશ્ચર્યની વાત છે, પરંતુ એ બતાવે છે કે ચર્ચ ક્યાંક નજીકમાં જ હોવું જોઈએ. કદાચ કેન્ટુનિલ્કીન કોલોનીઅલ ચર્ચ અહીંથી નજીક હોવું જોઈએ. આપણે એટલું જ ચાલ્યાં છીએ.'

એટલી વારમાં જ સેમાના સાન્તાનું સરઘસ નજીક આવી ગયું. એમાં જોડાયેલા લોકોએ વિચિત્ર પોશાક પહેરેલો હતો.



સેમાના સાન્તા સરઘસ

દરેકના હાથમાં મોટી લાકડીઓ હતી. મોઢું અને માથું ઢંકાઈ જાય એવી લાંબી ટોચવાળી ટોપીઓ જેવું એ લોકોએ પહેર્યું હતું, જેમાં આંખોની જગ્યાએ ફક્ત કાણા પાડેલા હતા.

એ લોકોને જોઈને ચિલાને વિધિ અટકાવી દીધી. એણે પોતાના માણસોને આલ્બર્ટોને રંગ લગાવવાની ના પાડી. એના હાથ પર લાગેલો રંગ ઝડપથી સાફ કરી નાખવા કહ્યું. પછી અમને નીચે બેસી જવા કહ્યું, પરંતુ કોલાહલ પરથી અમને લાગતું હતું કે પોતાના રસ્તે જવાને બદલે એ લોકો અમારી તરફ જ આવી રહ્યા હતા. અમને સૌને આનંદ થતો હતો.

જોકે ચિલાનના મોં પર સ્પષ્ટ અણગમો દેખાઈ આવતો હતો. એણે ઝડપથી પૂજાવિધિનો સામાન સંતાડી દેવા માટે કહ્યું. અમારા હાથ પણ છોડી નાખવામાં આવ્યા.

આ બધું જોઈ, મને ખૂબ જ નવાઈ લાગતી હતી. મેં અબ્રાનને ધીમેથી પૂછ્યું કે, 'અબ્રાન ! આ સેમાના સાન્તા શું છે ? અને એ સફેદ કપડાવાળા લોકોથી ચિલાન ગભરાય છે શું કામ ?'

અબ્રાન એકદમ ધીમા અવાજે બોલ્યો, 'ડીક ! સેમાના સાન્તા એટલે ખ્રિસ્તી લોકોનું પવિત્ર અઠવાડિયું. જે ઇસ્ટરના તહેવાર પહેલા આવે છે. સોળમી સદીમાં સ્પેનના લોકો ખ્રિસ્તીધર્મ તેમજ એના રીતરિવાજો પણ અહીં લેતા આવ્યા હતા. આવતા અઠવાડિયામાં આ બધું શરૂ થશે. એટલે અહીંના ખ્રિસ્તી લોકો એનો ખાસ પોશાક પહેરીને નજીકના ચર્ચમાં જતા હોય છે. અત્યારે એ લોકો જ લાગે છે.'

'એ તો હું સમજ્યો, પણ ચિલાન એમનાથી ગભરાય છે શા માટે ?' મેં એકદમ ધીમેથી પૂછ્યું.

'કારણ કે ખ્રિસ્તી લોકો માનવબલિના સખત વિરોધી છે. જો એમને જરાપણ શંકા જશે તો આપણા છૂટવાના સંજોગો ખૂબ સારા બની જશે. જો ચિલાનના માણસોએ આલ્બર્ટોને આખા શરીર પર ભૂરો રંગ લગાવી દીધો હોત તો ખૂબ જ સારું હતું ! એનાથી આવનાર સૌને ચિલાનના ઇરાદાની તો ખબર પડી જાત !' અબ્રાન બોલ્યો.

અબ્રાનના છેલ્લા શબ્દો ચિલાનના કાને પડી ગયા હતા. એ અમારી સામે જોઈને ઘૂરક્યો ! પરંતુ સેમાના સાન્તા (પવિત્ર અઠવાડિયા)નું સરઘસ

અમારી સાવ નજીક આવી ગયું હતું એટલે એ કાંઈ કરી શકે એમ પણ નહોતો !

એટલી વારમાં પેલા લોકો ત્યાં આવી પહોંચ્યા. રસ્તા પર ધ્યાન રાખવા ઊભેલા માયા યોદ્ધાઓ પણ એમની જોડે આવી ગયા હતા. ઇત્ઝેલ પણ ત્યાં આવી ગઈ. એ લોકોએ માથા પર લાંબી અને મોઢું ઢાંકી દેતી ટોપીઓ પહેરી હોવાના કારણે અમે એ લોકોનાં મોં જોઈ શકતાં નહોતાં. આવતા વેંત એ લોકોએ ચિલાનને થોડાક સવાલો કર્યા. જવાબ આપવામાં ચિલાનને તકલીફ પડતી હોય એવું લાગતું હતું, છતાં એણે બધાને બરાબર સમજાવી દીધા હોય એવું લાગતું હતું. એ લોકોએ ઘડીક બેસીને પછી આગળ જવાની તૈયારી કરી.

'અબ્રાન ! હવે શું કરશું ? આ લોકો જતા રહેશે તો કંઈક અજુગતું બનતાં વાર નહીં લાગે. આ લોકોને રોકવા જ પડશે.' મેં કહ્યું.

પરંતુ હું આગળ કંઈ બોલું કે કરું એ પહેલા એમાંથી બે જણ પાછા અમારી વચ્ચે આવ્યા. એમાંથી એક જણે ચિલાન જોડે કંઈક વાત કરી.

'અબ્રાન ! એ.લોકોએ ચિલાન જોડે શું વાત કરી ?' મેં અબ્રાનને પૂછ્યું.

'એણે પૂછ્યું કે એ બધાને પ્રસાદી આપે અને થોડોક ધૂપ કરે તો ચિલાનને કોઈ વાંધો હોય ખરો ? ચિલાને પ્રસાદી સ્વીકારવાની હા પાડી !'

પેલા બંને જણે બધાને એક એક ખારેક આપી. પછી એમાંનો એક અમારી તરફ આવ્યો. એણે અમારા હાથમાં ખારેકને બદલે તેલવાળા રૂનાં પોતાં મૂકતા દરેકના કાનમાં કહ્યું, 'નાકમાં ભરાવી દો !' અમે સૌ ખૂબ ખુશ થઈ ગયાં. એ અબાનાનો અવાજ હતો ! હવે છેક મને યાદ આવ્યું કે અબાના અમારી જોડે નહોતો ! એ નહાવા ગયેલો પછી ચિલાન અને એના માણસો આવેલા અને અમને પકડીને નીકળી ગયેલા ! અબાના ઘરના પાછળના વાડામાં આવેલા બાથરૂમમાં નહાવા ગયેલો એ કોઈના પણ ધ્યાનમાં આવેલું જ નહીં !

અબાનાએ તેમજ પેલા માણસે અમને બધાને રૂનાં પોતાં આપી દીધાં પછી પીળા રંગનાં મૂળિયાં કાઢીને વચ્ચે રાખીને સળગાવ્યાં. અમે લોકોએ જાણે પ્રસાદી ખાતા હોઈએ એમ હાથ કરીને નાકમાં તેલવાળા રૂનાં પોતાં મૂકી દીધાં.

પીળા રંગના મૂળિયાંમાંથી આછા પીળા રંગનો ધુમાડો નીકળી ધીમે ધીમે ચારે તરફ ફેલાવા લાગ્યો. પવન પડી ગયો હતો એટલે ધુમાડો બધી દિશામાં લગભગ એક સરખો જ ફેલાઈ રહ્યો હતો. અબાનાએ આ મૂળિયાં પોલને પેલી ગુફામાં બતાવ્યાં હતાં એ મને યાદ આવી ગયું. પાંચેક મિનિટ એમ જ પસાર થઈ. ત્યાં સુધી પેલા બંને જણ જાણે કે પ્રાર્થના કરતા હોય એમ આંખો બંધ કરીને ઊભા હતા. મેં જોયું કે એમના નાકમાં પણ રૂનાં પોતાં ભરાવેલાં હતાં. એમની ટોળકીના બાકીના લોકો દૂર જતા રહ્યા હતા.

સૌથી પ્રથમ ઘરડો ચિલાન અને રામીરો ભફાંગ કરતા નીચે પડ્યા ! બીજા યોદ્ધાઓ કંઈ સમજે કે વિચારે એ પહેલાં જ એક પછી એક એ લોકો પણ પડ્યા. બીજી પાંચેક મિનિટમાં અમારા સિવાય દરેક મયન યોદ્ધો ઘેનમાં સૂઈ ગયો હતો.

બધાં બરાબર સૂઈ ગયાં છે એની ખાતરી કરીને અબાનાએ પોતાની ટોપી કાઢી નાખી ! અમે દોડીને એને ભેટી પડ્યા. અબાના અમને ત્યાં જ ઊભા રાખીને દોડતો બાજુની ઝાડીઓમાં ગયો. ઝડપથી લાંબા વેલા કાપીને લઈ આવ્યો. આ વખતે અમે બધાના હાથ પાછળ બાંધી દીધા અને એમનાં શસ્ત્રો લઈ અને બાજુની ઊંડી ખાઈમાં ફેંકી દીધા. અમારો સામાન તેમજ હથિયારો અમે લઈ લીધા.

'શાબાશ અબાના ! રંગ છે તને ! આ બધું કઈ રીતે પાર પાડ્યું ?' પોલે અબાનાને પૂછ્યું.

'પોલ ! અત્યારે એ બધી વાતોનો સમય નથી. આપણે જલદી અહીંથી દૂર જતા રહીએ. નહીંતર આપણને પણ ઘેનની અસર થવા માંડશે. કપૂરવાળું ઑલિવ ઑઇલ આપણને લાંબો સમય એની સામે રક્ષણ નહીં આપે. માટે ભાગવા માંડીએ !' અબાના બોલ્યો.

એની વાત પણ એકદમ સાચી હતી. અમે ઝડપથી પેલા બધાંને એમ જ સૂતાં મૂકીને સેમાના સાન્તાના બાકીના માણસો પાસે પહોંચી ગયા. ચિલાનના તેમજ એના યોદ્ધાઓના ઘોડા અમે લઈ લીધા. અમને ખાતરી હતી કે આ એ જ ઘોડા હતા જે અમે લોલટુનની ગુફાઓની બહાર છોડેલા હતા. અમે નહીં મળ્યા હોઈએ એટલે ચિલાન અને એના માણસોએ એ લઈ લીધા હશે.

અબાનાએ અને અમે સૌએ એ સરઘસમાં જોડાયેલાં બધાંનો આભાર માન્યો. પછી એ લોકો કેન્ટુનિલ્કીન કોલોનીઅલ ચર્ચ તરફ આગળ વધી ગયા.

'એ લોકો ચાલતા જશે તો જાગી ગયા પછી ચિલાનના માણસો એમને પકડી નહીં પાડે ?' પોલે સવાલ કર્યો.

'એ શક્ય નથી, પોલ !' અબાના બોલ્યો, 'હજુ તો આ રસ્તા પર આવા ઘણાં ટોળાં આવી રહ્યાં છે. ઉપરાંત બધાના ચહેરા ઢાંકેલા હોવાથી ચિલાન કે એના માણસોએ કોઈને જોયા તો નથી જ ! પણ હા ! એ આપણને બધાને ઓળખે છે. એટલે આપણે હવે જલદી કેનકુન તરફ ભાગીએ !'

'કેનકુન જવા માટે આપણે ન્યુવોથી જ જવું પડશે. આપણે ઝડપ કરીએ તો અમારા પાસપોર્ટ તેમજ થોડોક સામાન લઈ શકીએ !' અત્યારે સુધી ચૂપચાપ રહેલો આલ્બર્ટો બોલ્યો.

અમે સૌએ સામાન ઘોડા પર લાદી દીધો. અબાના દોડતો જઈને થોડાં વધારે મૂળિયાં ધૂપમાં નાખી આવ્યો !! એ પછી અમે ન્યુવો તરફ ઘોડા મારી મૂક્યા.



કેનકુન તરફ !

અમે બની શકે એટલી ઝડપથી ન્યુવો પહોંચ્યાં. આલ્બર્ટોના ઘરે પહોંચીને એના ફળિયામાં દાખલ થયાં.

'અરે ! આપણે તો એમ જ નીકળ્યાં હતાં. આપણા ઘરને તાળું કોણે માર્યું હશે ?' આલ્બર્ટો બોલ્યો.

'મેં માર્યું છે ! કેમ ભૂલી ગયાં બધાં ? હું જ તો ઘરમાંથી છેલ્લો બહાર નીકળેલો !!' આલ્બર્ટોના હાથમાં ચાવી આપતા અબાના બોલ્યો.

બધાં હસી પડ્યાં. એ પછી આલ્બર્ટો તેમજ જુલિયાનાએ ઝડપથી પોતાના પાસપોર્ટ લઈ લીધા તેમજ અન્ય સામાન એકઠો કર્યો.

એ વખતે ઇત્ઝેલ અને અબ્રાન કંઈક ચિંતામાં વાતો કરતાં હોય એવું મને લાગ્યું. હું એમની પાસે ગયો અને પૂછ્યું, 'કેમ અબ્રાન ! ઇત્ઝેલ ! કંઈ ચિંતામાં છો ?'

'ના ડીક ! કંઈ નહીં !' ઇત્ઝેલ બોલી, 'મારા પિતાજીને ચિંતા છે કે હવે મેરિડા કેવી રીતે જવું, કારણ કે અમારાં પૈસા, સંપત્તિ બધું ત્યાં જ છે અને હવે ચિલાનના માણસો અમને ગમે ત્યાંથી શોધી કાઢશે. ખાસ તો એટલા માટે કે રામીરોકાકા એની સાથે ભળેલા છે.' એટલું બોલતાં એ ઢીલી પડી ગઈ. એની આંખમાં પાણી આવી ગયાં.

અમે બધાં વિચારમાં પડી ગયાં. અચાનક આલ્બર્ટો બોલ્યો, 'ઇત્ઝેલ ! તું અને અબ્રાન અંકલ મારી જોડે મિયામી આવતાં રહો. આમેય તું આગળ અભ્યાસ કરવા માટે જૂન-જુલાઈથી મિયામી આવવાની જ છો. તો પછી અત્યારે જ શું કામ નહીં ? અને અબ્રાન અંકલ એમના પાર્ટનરને કહીને પછી ડૉલર મંગાવી શકશે ! બોલો, શું વિચાર છે ?'

અમને આલ્બર્ટોની વાત સાચી લાગી.

'અને આલ્બર્ટો ! આપણી બધાંની લાકડીઓ પેલા ખૂણામાં પડી છે, એ લઈ લઈએ. તારી એક જ લાકડી તમને ચારેય જણને આખી જિંદગી કોઈ જાતની તકલીફ નહીં પડવા દે !' હેસ્લિંગ બોલ્યો.

એ જ વખતે અમને બધાંને અમારી લાકડીઓ યાદ આવી ! બહારથી

તો એ વાંસની લાકડીઓ જ લાગતી હતી, પરંતુ એની અંદર અતાહુઆલ્પાની ગુફામાંથી લીધેલી હીરાજડિત સોનાની લાકડીઓ હતી !

'પરંતુ આ તો વાંસની સાદી લાકડી છે ! એ અમને કઈ રીતે મદદ કરી શકશે ?' ઇત્ઝેલ નવાઈ સાથે બોલી ઊઠી.

એ વખતે અબાનાએ ઊભા થઈને એક લાકડી ખોલી નાખી. આલ્બર્ટોના ઘરમાં ઝળાહળા અજવાળું થઈ ગયું. ઇત્ઝેલ, અબ્રાન તેમજ જુલિયાનાની આંખો આશ્ચર્યથી ફાટી રહી. હવે એ લોકો આ લાકડી અંગે કોઈ પણ સવાલ કરવાની સ્થિતિમાં નહોતાં. એમને ખાતરી થઈ ગઈ હતી કે એ એક જ લાકડી ખરેખર એમની વરસોની તકલીફ દૂર કરી શકે એમ હતી ! અમારામાંથી દરેક જણે પોતપોતાની લાકડી લઈ લીધી.

અબાનાએ લાકડી ફરીથી બરાબર ફીટ કરીને લાખ(Shellac)થી સાંધી નાખી. એટલી વારમાં જુલિયાનાએ ઘરમાંથી ખાવાનો જે કંઈ સામાન હતો એ જોડે લઈ લીધો. લગભગ પોણો કલાક આ બધામાં થયો હતો. અર્ધો કલાક અમને ન્યુવો પહોંચતાં થયો હતો.

'અબાના ! ચિલાન અને એના માણસો કેટલો સમય ઘેનમાં રહી શકે એ જણાવીશ ?' મેં પૂછ્યું.

'લગભગ બે કલાક જેટલો સમય તો ખરો જ !' અબાના બોલ્યો.

એ સાથે જ મને ફાળ પડી. આલ્બર્ટો તેમજ જુલિયાના પણ ચિંતામાં ઊભાં થઈ ગયાં, કારણ કે સવા કલાક તો પસાર થઈ ગયો હતો.

અમે વાતો કરતા બંધ થઈ ગયાં અને ઝડપથી અમારો સામાન ઘોડા પર લાદી દીધો. જુલિયાના તેમજ આલ્બર્ટોએ ઘરને તાળું માર્યું. પછી બંનેએ ઘરને માથું નમાવીને પ્રણામ કર્યાં. એ પછી વાંકા વળીને મા-દીકરાએ ફળિયાની માટીને ચૂમી લીધી. એમને લાગતું હશે કે હવે કદાચ એ લોકો ક્યારેય પણ પાછાં નહીં ફરી શકે. વતનની વહાલી માટીને એ લોકોએ જમીન પર હાથ ફેરવીને વહાલ કરી લીધું.

એ પછી અમે બધાંએ ઝડપથી કેનકુન તરફનો રસ્તો પકડ્યો. એ વખતે સાંજના પાંચ વાગવા આવ્યા હતા.

'માઇકલકાકા ! જો આપણા ઘોડાઓને પૂર ઝડપે દોડાવીએ તો એ કલાકમાં કેટલું અંતર કાપી શકે ?' મેં પૂછ્યું.

'જો આ સફેદ રસ્તાઓ પર દોડાવવામાં આવે તો દર કલાકે લગભગ ચાલીસથી પચાસ માઈલ !'

'તો તો કાકા ! દિવસ આથમે ત્યાં સુધીમાં આપણે કેનકુન જરૂર પહોંચી શકીએ, કારણ કે કેનકુન અહીંયાથી ૭૦ માઈલ જ દૂર છે !' પછી બાકી બધાં સામે જોઈને મેં કહ્યું, 'દોસ્તો ! ખૂબ ઝડપથી ચાલીશું તો આપણે લગભગ સાત વાગ્યે કેનકુન પહોંચી શકીશું !'

'તો તો ! ઠીક ! મને ક્યુબાથી મિયામી જતી સ્ટીમરનો લાભ મળી શકે ! આજે ૨૬ માર્ચ, ૧૯૦૮ને ગુરુવાર છે બરાબર ? ક્યુબાથી મિયામીની સ્ટીમર દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે આવે છે અને કેનકુનથી રાત્રે નવ વાગ્યે ઊપડે છે ! જો આપણે સાત સુધીમાં કેનકુન પહોંચી શકીએ તો અમે લોકો આજે જ મિયામી જવા રવાના થઈ શકીએ અને એકવાર અમેરિકાની સરહદમાં સલામત રીતે પહોંચી જઈએ એ પછી ચિલાનનું કંઈ જોર ચાલશે નહીં !'

અમને આલ્બર્ટોની વાત સાચી લાગી. એ પછી વધારે કંઈ પણ ચર્ચા કર્યા વિના જ અમે કેનકુનના રસ્તે ઘોડાઓને ભગાવી મૂક્યા.

માઇકલકાકાની વાત બિલકુલ સાચી હતી. અમે સાંજના સાડા સાત વાગ્યે કેનકુન પહોંચી ગયાં.

આલ્બર્ટો તેમજ જુલિયાના ખૂબ જ રાજી થઈ ગયાં હતાં. એ લોકો જઈને મિયામી જવાની સ્ટીમરની ચાર ટિકિટો બૂક કરી આવ્યા.

કેનકુનના દરિયાકાંઠા પર આવેલ ખાણીપીણીની હોટલના આંગણામાં ગોઠવેલ ટેબલ-ખુરશીની આજુબાજુ અમે ગોઠવાઈ ગયાં. ખાવા-પીવાની ચીજોનો ઑર્ડર આપીને અમે વાતોએ વળગ્યાં.

'હાં, તો અબાના ! ફરી એક વખત તેં અમને સૌને બચાવ્યા છે. તું અમારી પાછળ પહોંચ્યો કઈ રીતે એ તો કહે !' મેં અબાનાના ખભે હાથ મૂકતા પૂછ્યું.

અબાનાએ કૉફીની ચુસ્કી લીધી. પછી બોલ્યો, 'હું બાથરૂમમાં હતો ત્યારે જ મયન યોદ્ધાઓનો અવાજ મને સંભળાઈ ગયો હતો. હું ચૂપચાપ અંદર બેઠો રહી બધું સાંભળતો હતો. જ્યારે એ લોકો તમને લઈને જતા રહ્યા છે એવું લાગ્યું ત્યારે હું બહાર આવ્યો. તમારો બધો સામાન તમે જોડે લઈ

ગયા હતા. બંદૂકો ચિલાનના માણસોએ લઈ લીધી હશે, પરંતુ પેલી વાંસની લાકડીઓ એ લોકોને ઉપયોગી નહીં લાગી હોય એટલે છોડતા ગયા હતા. મારો થેલો મારી જોડે હતો એટલે એ પણ ફેંદાવામાંથી બચી ગયેલો. એ પછી હું લપાતો છુપાતો બહાર આવ્યો. તાળું શોધીને ઘરને બંધ કર્યું, થેલો ખભે નાખ્યો અને ઘોડાનાં પગલાંનાં નિશાન જોતો હું ઝડપથી તમારી પાછળ દોડવા લાગ્યો. લગભગ અર્ધોએક કલાક એમ જ દોડ્યા પછી મેં મારી આગળ સેમાના સાન્તાનું સરઘસ જતું જોયું. ઝડપથી એમની જોડે થઈ ગયા પછી મેં બધાને આખી વાત સમજાવી. એ લોકો માનવબલિના વિરોધી હોવાના કારણે મને સાથ આપવા તરત જ તૈયાર થઈ ગયાં. એમાંના એક જણ પાસે વધારાની એક લાંબી ટોપી હતી, જે મને પહેરવા માટે આપી દીધી. પછીની વાત તો તમે જાણો જ છો !' અબાનાએ વાત પૂરી કરી.

એટલી વારમાં જમવાનું આવી ગયું. એ દિવસે સાંજે પણ અમે ભરપેટ જમ્યાં. આલ્બર્ટો, જુલિયાના, ઇત્ઝેલ તેમજ અબ્રાન પણ હળવાશથી વાતો કરતાં હતાં.

રાતના સાડા આઠ વાગ્યા. આલ્બર્ટોની સ્ટીમર પર જવાની બોટ્સ તૈયાર થઈ ગઈ હતી. અમે બધાંએ ભીની આંખે એકબીજાની વિદાય લીધી. જુલિયાનાએ અમને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા. એ પછી ઇત્ઝેલ, અબ્રાન તેમજ જુલિયાના બોટ પર બેસવા માટે આગળ ગયાં. મેં મારી પાસેની પાઉન્ડની થોકડીમાંથી દસેક હજાર પાઉન્ડનું બંડલ આલ્બર્ટોને આપ્યું. સ્ટીમર પરથી પૈસા બદલાવીને ડૉલર ખરીદી લેવાનું કહ્યું. આનંદના આવેશમાં આલ્બર્ટો મને ભેટી પડ્યો. મારા ખભા પર માથું રાખીને એ રડવા માંડ્યો. રડતા રડતા જ બોલ્યો, 'ડીક ! તેં અને તારા સાથીઓએ આ વખતે મારી જિંદગી બચાવી છે એ હું ક્યારેય નહીં ભૂલું. મિયામી પહોંચીને હું તને બીરા બંદર પર તાર કરીને મારું સરનામું મોકલી દઈશ. તમારે બધાએ મારે ત્યાં ફરવા આવવાનું જ છે. અમેરિકા એક જોવા જેવો દેશ છે અને હા ! મારા ભાઈ ! મને જેગ્વારે ઈજા પહોંચાડી ત્યારે મને તો લાગે છે કે અબાનાની દવા કરતા પણ તેં સવાર સુધી મારી પીઠ પર જે હાથ ફેરવ્યો હતો એનાથી જ મને આરામ મળ્યો હતો અને કદાચ તારા હાથના સ્પર્શથી જ મને જલદી રૂઝ આવી ગઈ હતી !'

'મેં હાથ ફેરવ્યો હતો ? તારી પીઠ પર ?' મને નવાઈ લાગી.

'હાસ્તો વળી ! અબાનાએ મકોડાના માથા વડે ટાંકા લઈ લીધા. એ પછી તું જ મારી પીઠ પર હાથ ફેરવતો સવાર સુધી મારી બાજુમાં બેઠો હતો ! આટલી વારમાં જ ભૂલી ગયો ? મારા ભાઈ ! આ હજુ પરમ દિવસ, રાતની તો વાત છે !' આલ્બર્ટો આશ્ચર્ય સાથે બોલ્યો.

હું કાંઈ પૂછું કે કહું એ પહેલા એની સ્ટીમરે દૂરથી ભૂંગળું વગાડ્યું. આલ્બર્ટોની બોટવાળાએ બૂમ પાડી. આલ્બર્ટો મારી તરફ હાથ હલાવતો બોટ તરફ દોડ્યો. એના પહોંચ્યા પછી તરત જ પેલાએ બોટ ઉપાડી દીધી. અમે બધાં એ ચારેય જણ કિનારાની લાઇટમાં દેખાયા ત્યાં સુધી એમની સામે હાથ હલાવતા રહ્યા.

આલ્બર્ટો ગયો પણ મને વિચારોમાં નાખતો ગયો. મને બરાબર યાદ હતું કે પેલા કૂવામાંથી ધુમાડો નીકળતો જોયો એ વખતે જ મારી આંખ ઘેરાવા લાગી હતી અને મારા સિવાયના બીજાં બધાં તો ક્યારના સૂઈ ગયાં હતાં. તો પછી આલ્બર્ટોની પીઠ પર હાથ ફેરવીને એના ઘા જલદી રૂઝાવી દેવાનું કામ કોણે કર્યું હશે ?

મેં મારા સાથીઓને વારાફરતી આ અંગે પૂછી જોયું, પરંતુ કોઈને આલ્બર્ટોની પીઠ પર હાથ ફેરવ્યાનું યાદ નહોતું. મને હવે આખી ઘટના રહસ્યભરી લાગવા માંડી હતી અને એ રાતે હું ધ્યાન રાખવા જાગવાનો હતો, પરંતુ થોડી જ વારમાં ઊંઘી ગયો હતો એ મને બરાબર યાદ હતું, પરંતુ સવાર સુધી આલ્બર્ટોની પીઠ પર મેં હાથ નહોતો જ ફેરવ્યો, એ વાતની પણ મને બરાબર ખાતરી હતી. હું ઊંડા વિચારોમાં પડી ગયો.

'હેલ્લો મિ. ડીક ! ઓળખાણ પડી ? કે દસ જ દિવસમાં ભૂલી ગયા ?' મારા ખભા પર કોઈનો વજનદાર હાથ પડ્યો.

પાછલા ફરીને મેં મારા ખભા પર હાથ મૂકનાર વ્યક્તિ તરફ જોયું. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એ અમારી સ્ટીમરના કેપ્ટન સ્મિથ હતા.

'ઓહો ! કેપ્ટન ! ભલા તમને તો કઈ રીતે ભૂલી જઈએ ? પરંતુ રાતના નવ વાગ્યે તમે અહીં ક્યાંથી ?' મેં પૂછ્યું.

'થોડી ચીજવસ્તુઓ લેવાની હતી. હવે સ્ટીમર પર પાછા જઈએ છીએ. ત્યાં અચાનક જ મારું ધ્યાન તમારા પર પડ્યું. બાકીનાં બધાં ક્યાં ?'

અમે બંને વાતો કરતા કરતા બાકીના સાથીઓ પાસે પહોંચી ગયા. એક માઇકલકાકા દેખાતા નહોતા.

'જેક ! રોબર્ટ ! અબાના ! માતાદી ! કોઈએ માઇકલકાકાને જોયા ?' મેં પૂછ્યું.

બધાંએ ના પાડી.

હવે ચિલાનની કે એના માણસોની અમને બીક નહોતી રહી, કારણ કે પોલીસથાણું બરાબર સામે જ હતું, પણ માઇકલકાકા અમને કહ્યા વગર ગયા હતાં એની ચિંતા થતી હતી.

'મિ. ડીક ! તમે સૌ બોટમાં બેસતા થાવ ! મારે હજુ સિગારેટ્સ તેમજ થોડો વાઇન ખરીદવાનો છે. હું એટલી ખરીદી પતાવું છું ત્યાં સુધીમાં તમે બોટમાં બેસો. પછી બધાં જોડે સ્ટીમર પર જઈએ ! બોટનું નામ છે ''એનિગ્મા (Enigma = રહસ્ય)'' !!' કેપ્ટન એટલું કહીને ખરીદી પતાવવા ગયા.

અમે બોટ તરફ ચાલતાં થયાં. એ જ વખતે માઇકલકાકા બંદરના મુખ્ય પ્રવેશ તરફથી આવતા દેખાતા. અમે હાથ હલાવી, બૂમો પાડી એમને અમારી તરફ બોલાવી લીધા.

'માઇકલકાકા ! અત્યાર સુધી ક્યાં જતા રહ્યા હતા ?' કાકા નજીક આવ્યા એટલે પોલે પૂછી લીધું.

'અરે ભાઈ ક્યાંય નહીં ! પેલા ઘોડાવાળાને એના ઘોડા પાછા આપી આવ્યો અને ડિપોઝીટ પેટે આપેલા પાઉન્ડ્સ પાછા લઈ આવ્યો. બિચારો અબ્રાન જતા જતા મને એ ઘોડાવાળાનું નામ અને સરનામું આપીને ગયો હતો. તો પછી ઘોડાને સાવ રખડતા છોડી દેવા કરતા એનો માલિક બાજુમાં જ રહેતો હતો. એને શું કામ પાછા ન આપી દેવા ! એવું વિચારીને હું એ કામ પતાવી આવ્યો !

અમને એમની વાત બિલકુલ યોગ્ય લાગી. એ પછી અમે એમને કેપ્ટન સ્મિથ મળી ગયાની વાત કરી. માઇકલકાકા પણ એ સાંભળીને રાજી થયા, કારણ કે નહીંતર અમારે કેનકુન બંદર પર એ રાત વિતાવવી પડત.

એટલી વારમાં કેપ્ટન બાકીની ખરીદી પતાવીને આવી ગયા. અમે સૌએ બોટમાં પોતપોતાની જગ્યા લીધી. કેપ્ટને બોટ ચલાવવાનો આદેશ આપ્યો. ધીમે ધીમે અમારી બોટ એટલાંટિક મહાસાગરના હૂંફાળા પાણીમાં સરકવા લાગી.

'જુઓ ડીક ! માઇકલકાકા જુઓ ! જુઓ !!' એ સમયે પણ બાયનોક્યુલર આંખે વળગાડીને ચારે તરફ ડાફોળિયા મારતો હેસ્લિંગ બૂમ પાડી ઊઠ્યો.

મેં એના હાથમાંથી બાયનોક્યુલર લઈને આંખે વળગાડ્યું. જોયું તો ચિલાન, રામીરો તેમજ એમના માણસો કેનકુન બંદર પર આંટા મારતા હતા અને કદાચ અમને શોધતા હતા, પરંતુ એ વખતે અમારી બોટ અંધારા દરિયામાં કિનારાથી ઘણી આગળ વધી ગઈ હતી.

હું મનોમન હસી પડ્યો, કારણ કે આલ્બર્ટોની સ્ટીમર તો ક્યારની ઊપડી ગઈ હતી !

મેં નિરાંતનો ઊંડો શ્વાસ લીધો. એટલાંટિક મહાસાગરની ભેજવાળી હવાથી મારાં ફેફસાં ભરાઈ ગયાં. એક અદ્‌ભુત તાજગીનો અનુભવ થયો !

* * *

પંદરેક મિનિટમાં અમે સ્ટીમર પર પહોંચી ગયાં. અમારી પોતપોતાની કેબિનમાં સામાન મૂકી, નાહી-ધોઈ અમે સ્ટીમરના તૂતક પર ભેગાં થયાં. રાતના સાડા દસ થવા આવ્યા હતા. જમવાનું તો અમે કાંઠા પર જ પતાવી દીધું હતું એટલે એની ચિંતા નહોતી. અમે થોડીવાર ગપ્પાં માર્યાં એટલી વારમાં કેપ્ટન સ્મિથે બંદર ઓથોરિટી પાસેથી અમારી ઊપડવાની પરવાનગી મેળવી લીધી હતી.

લગભગ અગિયાર વાગ્યે અમારા લંગર ઉઠાવી લેવાયા. સ્ટીમરનું ભૂંગળું, 'પોં... ઓ... ઓ... પોં... ઓ... ઓ...!' કરતું ગાજી ઊઠ્યું. ધીમે ધીમે મશીનોની ઘરઘરાટી વચ્ચે અમારી સ્ટીમરે એટલાંટિક મહાસાગરનાં પાણીને ચીરતાં આફ્રિકા ખંડ તરફ પ્રયાણ કર્યું. પાછળ ખસતી મેક્સિકોની જમીનની પટ્ટીને જોતાં અમારાથી બોલાઈ ગયું, 'અલવિદા મેક્સિકો ! અલવિદા લોલટુન ! અલવિદા ઓ રહસ્યભરી ધરતી, તને છેલ્લી સલામ !'



અને અમે બધાં !

લગભગ દોઢ મહિના પછી અમે લોકો બીરા બંદરે અમારા ઘરે પાછાં પહોંચી ગયાં. ઘાના જેક તેમજ હેસ્લિંગના ઘરે અમે પાંચ દિવસ રોકાયાં હતાં. એ વખતે અતાહુઆલ્પાની ગુફામાંથી મળેલ એક લાકડી હેસ્લિંગે આક્કારાના ઝવેરીબજારમાં બતાવી હતી. એ જોઈને ત્યાંના ઝવેરીઓ આભા બની ગયા હતા. કરોડો પાઉન્ડના હીરા એમાં લાગેલા હતા. કોઈપણ વેપારી પાસે એક સાથે એટલા પાઉન્ડ ન હોવાથી હેસ્લિંગ એ લાકડી પાછી લેતો આવ્યો હતો.

બીજા કોઈએ પણ એ લાકડીઓ વેચી નહોતી. શ્રી અતાહુઆલ્પાની નિશાનીરૂપે અમે બધાંએ એ સાચવી રાખી હતી.

અબાનાએ એની વૈદ્ય તરીકેની પ્રેક્ટિસ ફરીથી શરૂ કરી દીધી. પહેલાંની માફક એ ક્યારેય દર્દીને તપાસવાની ફી નહોતો લેતો.

માઇકલકાકા, માતાદી તેમજ અબીરા આખો દિવસ દરિયાકાંઠે ફિશિંગ કરવામાં (માછલી પકડવાના શોખમાં) અથવા તો પત્તા રમવામાં ગાળતા.

ઇત્ઝેલ તેમજ આલ્બર્ટો ત્યારબાદ મિયામીમાં આગળ ભણવામાં લાગી ગયાં. જુલિયાના તેમજ અબ્રાન પણ ત્યાંની જિંદગીમાં સરસ રીતે ગોઠવાઈ ગયાં હતાં. અબ્રાનનો પાર્ટનર ખૂબ જ સારો નીકળ્યો. એણે એમની સંયુક્ત સંપત્તિના બરાબર બે હિસ્સા કરીને અબ્રાનને એનો ભાગ અમેરિકા મોકલી દીધો હતો. એના લીધે એમની જિંદગી ખૂબ જ સરળ બની ગઈ હતી.

રોબર્ટ, હું અને પોલ, હવે ફક્ત સવારના ત્રણ કલાક પૂરતી જ અમારી ઝવેરાતની દુકાન ખૂલી રાખતા. બાકીના સમયમાં અમે દુનિયાની રહસ્યભરી વાતો વાંચતા અને હવે એવી કઈ-કઈ જગ્યાએ જઈ શકાય એની યાદી બનાવતા.

મેક્સિકોથી પાછા આવ્યા પછી ત્રણેક મહિના પછી હું મારો મુસાફરીનો થેલો ખાલી કરતો હતો. સાંજના સાત વાગવા આવ્યા હતા. અચાનક મારા થેલાના તળિયે આછા ભૂરા રંગનો પ્રકાશ મને દેખાયો. મેં જોયું તો એમાં એક પાંદડું પડ્યું હતું. એમાંથી એ આછો ભૂરો પ્રકાશ નીકળતો હતો. પાંદડાને જોતાં જ મને યાદ આવી ગયું કે આવું જ એક પાન મારા થેલામાંથી મને

ઇજિપ્તના પ્રવાસ પછી મળ્યું હતું. એ કદાચ સંજીવની વનસ્પતિનું પાન હતું. એમાંથી પણ આવો જ પ્રકાશ નીકળતો હતો.

હું વિચારમાં પડી ગયો, 'તો પછી આ પાન પણ એ જ રહસ્યમય વ્યક્તિએ મૂક્યું હશે જેણે પ્રથમ વખત ઇજિપ્તમાં પણ મારા થેલામાં આવું જ પાન મૂક્યું હતું ? શું એ લોકો અખેનાતન અને નેફરટીટી હશે ? હા ! આલ્બર્ટોને ઈજા થઈ એ કૂવામાં આવેલી ગુફામાં 'ઇજિપ્ત તરફ' એવું લખેલું હતું. તો પછી કૂવામાંથી નીકળતો ધુમાડો શું આ લોકોના આવવાની નિશાની હશે ? એવું બન્યું હોઈ શકે કે મને ઉંઘાડીને અખેનાતન તેમજ નેફરટીટીએ આલ્બર્ટોની પીઠ પર હાથ ફેરવીને એને સાજો કરી દીધો હશે ? અને એ જ સંજીવની વનસ્પતિનું પાન એ લોકો મારા થેલામાં મૂકતા ગયા હશે ? શું મારે એનો ભવિષ્યમાં ક્યાંય ઉપયોગ કરવાનો હશે ? આ પાન બીજી વખત મને જ આપવાનું કારણ શું હોઈ શકે ? મારો થેલો કૂવામાં લઈ જનાર એ લોકો જ હશે ?'

હું મૂંઝાઈ ગયો હતો. મારી ધારણાઓના નક્કર પુરાવા માટે મારે કદાચ ફરીથી પિરામિડો પાસે જવું પડશે એવું મને લાગતું હતું.

મારા હાથ ફેરવવાથી આલ્બર્ટોના ઘા રૂઝાઈ ગયા હતા એવું એ માનતો હતો. મને એ વાત યાદ આવી ગઈ. મારા હાથમાં રહેલાં એ પાંદડાં પર નજર નાખી. ફરી એક વાર મેં એ થેલાને મારા ભંડકિયામાં છુપાવી દીધો.

એ પછી અમે બધાં ખૂબ સુખી જીવન જીવતાં હતાં, પરંતુ હું એ બધાંમાં થોડોક વધારે ખુશ હતો. ક્યારેક હું સંજીવનીના પાન પર નજર નાખી લેતો. મારી નજર પડતા જ એમાંથી આછો ભૂરો પ્રકાશ નીકળવા લાગતો ! મને અત્યંત આનંદ થઈ આવતો અને હું મનોમન હસી પડતો !



માયા સંસ્કૃતિ વિશે થોડુંક...

માયા કેલેન્ડર્સ

માયા લોકો મુખ્ય ત્રણ પ્રકારના કેલેન્ડર વાપરતા : (૧) ત્ઝોલ્કીન (tzolkin) (૨) હાબ (Hab) અને (૩) લોન્ગ (Long) કેલેન્ડર.

૧. ત્ઝોલ્કીન (tzolkin) કેલેન્ડર :



આ કેલેન્ડર કુલ ૨૬૦ દિવસનું હતું. એમાં ૧૩ દિવસના ૨૦ મહિના રહેતા. દરેક દિવસના નામ સામે એકથી તેર અંકો મુકાતા. ૧૪માં દિવસથી આ ચક્ર ફરીથી શરૂ થતું. એટલે વરસનો પ્રથમ દિવસ અને પ્રથમ તારીખ ફરીથી ૨૬૧માં દિવસે એના એ જ આવતા.

દા.ત. ૧. ઇમેશ, ૨. ઇક (પહેલી તારીખને રવિવાર, બીજી તારીખને સોમવાર એ રીતે !). એમ કરતા જ્યારે ૧૩ – બેન આવે ત્યારે મહિનો પૂરો થાય અને ફરીથી (૧) ઇશથી શરૂઆત થાય અને (૨) મેન એમ આગળ ચાલે. કુલ ૧૩ દિવસના ૨૦ મહિના હોવાથી ફરી વાર (૧) ઇમેશ ૨૬૧માં દિવસે આવે ! (૧૩ x ૨૦ = ૨૬૦)

હવે આ કેલેન્ડરમાં આવતાં ૨૦ દિવસના નામ, એનાં ચિહ્નો તેમજ એનો અર્થ જોઈએ :

દિવસનો નંબર	એનું ચિહ્ન	માયા નામ	કેમ બોલાય	એનો અર્થ
૧.		IMIX	ઇમેશ	પોયણી, દુનિયા
૨.		IK'	ઇક	પવન
૩.		AK'BAL	ઓકબોલ	રાત્રિઘર (night house)
૪.		K'AN	કૉન	મકાઈ
૫.		CHIKCHAN	ચીક ચૉન	સાપ
૬.		KIMI	કીમી	મૃત્યુ
૭.		MANIK'	માનિક	હાથ
૮.		LAMAT	લા મોટ	શુક્ર (વિનસ)

૯.		MULUK'	મુલોક	પાણી
૧૦.		OK	ઓક	કૂતરો
૧૧.		CHUEN	ચ્યુઇન	વાંદરો
૧૨.		EB	એબ	દાંત
૧૩.		BEN	બેન	બરુ કે રાડું
૧૪.		IX	ઇશ	જેગ્વાર (ચિત્તાના કુળનું એક પ્રાણી)
૧૫.		MEN	મેન	ગરુડ
૧૬.		KIB	કીબ	આત્મા
૧૭.		KABAN	કાહબોન	ધરતી

૧૮.		ETZ'NAB	એહત્સનોબ	ચકમક, છરી
૧૯.		KAWAK	કાહવોક	વાવાઝોડું
૨૦.		AHAW	આહ્હાવ	ભગવાન

૨. હાબ કેલેન્ડર



હાબ કેલેન્ડર ૩૬૫ દિવસનું બનેલું હતું. જેમાં ૨૦ દિવસના કુલ ૧૮ મહિના રહેતા અને ઓગણીસમો મહિનો ફક્ત પાંચ જ દિવસનો રહેતો, જેને એ લોકો વાયેબ કહેતા. એ પાંચ દિવસને માયા લોકો ભયના અને જોખમના દિવસો ગણતા અને કોઈ શુભ કામ એ દિવસો દરમિયાન નહોતા કરતા. આમ ૩૬૦ + ૫ = ૩૬૫ કુલ દિવસો થતા. બંને કેલેન્ડર એકબીજા સાથે સંકળાયેલા રહેતા અને દર બાવન (૫૨) વરસે એમનું એક ચક્ર પૂરું થતું.

૩. લોન્ગ કેલેન્ડર

આ કેલેન્ડર ૧૧ ઑગસ્ટ, ૩૧૧૪ ઈ.સ. પૂર્વેથી કોઈ પણ દિવસની ગણતરી કરે છે અને દશક પદ્ધતિમાં જેમ ૧૦ના આધાર પર ગણતરી થાય

છે એનાથી અલગ ૨૦ના આધાર પર એ ગણતરી કરે છે. (એકમ, દશક બદલે એકમ, વીશક ! એ રીતે !)

દા.ત. ૦.૦.૦.૧.૫ એટલે ૨૫ થાય અને ૦.૦.૦.૨.૦ એટલે ૪૦ થાય.

પરંતુ આ લોંગ કેલેન્ડર હંમેશાં આ રીતે નથી કામ કરતું ! પરંતુ જમણેથી બીજો અંક ૧૮ ગણાય છે. દા.ત. ૦.૦.૧.૦.૦ એટલે ૨૦ ગુણ્યા ૨૦ = ૪૦૦ નહીં, પરંતુ ૨૦ ગુણ્યા ૧૮ = ૩૬૦ દિવસ ગણાય છે !

માયા લોકો જુદા જુદા સમયગાળા માટે જુદા જુદા શબ્દો વાપરતા હતા, જે નીચે મુજબ છે :

* એક દિવસ = કીન (Kin)
* ૨૦ દિવસનો મહિનો = વીનાલ (uinal)
* વરસ (૩૬૦ દિવસ) = ટૂન (Tun)
* ૨૦ ટૂન (વરસ) = કાહટૂન (K'atun)
* ૨૦ કાહટૂન = બૉકટૂન (Baktun)

આ લોન્ગ કેલેન્ડર મુજબ ૨૧ ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે આ કેલેન્ડર પૂરું થઈ જાય છે.

મયન દેવતાઓ :

૧. વરસાદના દેવ ચાકમૂલ



૨. દેવ કુકુલ્કાન




ક્વાટ્ઝાલ્કોટ (સર્પદેવતા)



માયા લોકોની આંકડા લખવાની પદ્ધતિ

0	1	2	3	4
5	6	7	8	9
10	11	12	13	14
15	16	17	18	19
20	21	22	23	24
25	26	27	28	29

માયા લોકોની



લિપિ વધારે વિસ્તારથી


a	e	i	o	u
ba	be	bi	bo	bu
cha	che	chi	cho	chu
ch'a			ch'o	
ha	he	hi	ho	hu
ka	ke	ki	ko	ku
k'a			k'o	k'u


માયા સંસ્કૃતિનું નામ સાંભળતા જ મનમાં કુતૂહલ વ્યાપી જાય છે. ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વરસથી યુકાતાન, મેક્સિકો તેમજ દક્ષિણ અમેરિકામાં વસતા મોટા ભાગના માયા લોકો નવમી સદી પછી અચાનક પોતાનાં ભવ્ય પિરામિડો તેમજ સંસ્થાનો મૂકીને ગાયબ થઈ ગયા. એમના રીતરિવાજો, માન્યતાઓ, દેવી-દેવતાઓ એ બધા અંગે વાંચતા જ રોમાંચ થઈ આવે છે. એવી જ રોમાંચક કથાઓ પૃથ્વીના પેટાળમાં અગાર્થાના લોકો અંગે વાંચવા મળે છે. એવું કહેવાય છે કે માયા લોકો પૃથ્વીના પેટાળમાં રહેતા અગાર્થાવાસીઓના ઘનિષ્ટ સંપર્કમાં હતા ! અને લોલટુનની ગુફાઓ દ્વારા એકબીજાના પ્રદેશમાં જતા-આવતાં !

લોલટુનની ગુફાઓ આજે પણ પૂરેપૂરી જોઈ શકાતી નથી. એમાં અમુક અંતરથી આગળ જવા પર સરકારે પ્રતિબંધ લગાવેલો છે, પરંતુ આ સફરનો નાયક અને એના સાથીદારો તો એનાથી પણ આગળ પૃથ્વીમાં ઘણે ઊંડે સુધી જવા માટે તૈયાર થયા છે. શું ખરેખર અગાર્થા જેવું કાંઈક હશે ખરું ? એ ગુફાઓની અંદર શું છુપાવેલું છે, એ જાણવા માટે આપણે પણ એમની સાથે જવું તો પડશે જ - લોલટુનની ગુફાઓમાં ! જોઈએ ! આગળ-ઉપર શું થાય છે !

– ડૉ. આઈ. કે. વીજળીવાળા

આ જ શ્રેણીમાં







₹ 60